# સને ૨૦૧૬–૧૭
# એપ્રિલ થી જુન

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧<br>તા.૦૨/૦૩/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજ મહાજનની તા.૧૪/૧૨/૧૫નીઆરટીઆઈની (આઈ.ડી. નં.૨૧૮૦ ) ની અરજી ર્ડા. હેડગેવાડ વસાહત –૧,૨,૩ માં આવેલ કાયદેસર મટન ચીકનની દુકાનોની સંખ્યા, ગેરકાયદેસર મટન ચીકન દુકાનોનો સંખ્યા,ર્ડા.હેગડેવાડ વસાહત–૧,૨,૩ માં કાયદેસર અને ગેરકાયદેસર મટન અને ચીકનની દુકાનના નામ–સરનામા, વિગેરે બાબતે કુલ–૭ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૬<br>તા.૨૬/૦૫/૨૦૧૬ |
| ૨<br>તા.૨૮/૦૩/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી કીશોર ડી રૂપારેલીયાની તા.૩૦/૦૧/૧૬ની (આઈ.ડી. નં.૧૫૧૩) થી છેલ્લા ૧૦ વર્ષમાં બાયો વેસ્ટના નિકાલ માટે જે તે કંપની સાથે સુરત મહાનગરપાલિકાએ કરેલ કરારની પ્રમણિત નકલ વિગરે બાબતે કુલ–૧૨ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૮<br>તા.૦૯/૦૫/૨૦૧૬ |
| ૩<br>તા.૧૬/૦૪/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીશભાઈ ફકીરચંદ્ર ગડરીયાની તા.૨૯/૦૨/૧૬ની (આઈ.ડી. નં.૨૮૬૭) થી મુળ અરજીથી સેન્ટ્રલ ઝોન,અઠવા ઝોન,ઉધના ઝોન,રાંદેર ઝોન,વરાછા ઝોન,કતારગામ ઝોનમાં ડોર ટુ ડોરની કેટલી ગાડી રાખવામાં આવી છે અને તેનું ચેકીગ કોણે કરવાનુ હોય છે અને ચેકીંગ કર્યા પછી શુ જાણવામાં આવ્યુ તેની માહિતી બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૮<br>તા.૨૬/૦૫/૨૦૧૬ |
| ૪<br>તા.૧૮/૦૪/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી અભિષેક (ખોડીદાસ)કનુભાઈ રૈયાણીની તા.૦૮/૦૩/૨૦૧૬ની(આઈ.ડી.નં.....)થી સુરત ડાયમંડ એસોશીએશન, આરોગ્ય સમિતિ સંચાલિત, માતૃશ્રી રામુબા તેજાણી તથા માતૃશ્રી શાંતાબા વિડીયા હોસ્પીટલ, સ્વાતિ સોસાયટી, નંદનવન સોસાયટી સામે, ચીકુવાડી નાના વરાછા,સુરત ખાતે આવેલ હોસ્પિટલમાં ડોકટર તરીકે કામ કરતાં ડો.મયુરીબેન પટેલ કઈ ડીગ્રી ધરાવે છે, કઈ કોલેજમાંથી કયા વર્ષમાં ડીગ્રી લીધેલ છે,આપની હોસ્પીટલમાં ડો.મયુરીબેન પટેલ કઈ તારીખથી ફરજ બજાવે છે તેમજ તેઓનો શરૂઆતથી અત્યારસુધીમાં પગાર ચુકવવામાં આવેલ છે.(ભથ્થા સહિત) વિગેરે અન્ય બાબતે જુદા જુદા કુલ–૯ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૦<br>તા.૧૩/૦૬/૨૦૧૬ |
| ૫<br>તા.૦૩/૦૫/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનરાય શ્રીધરનની તા.૦૮/૦૩/૧૬ની (આઈ.ડી. નં.૨૯૫૮) થી સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૨/૦૧/૨૦૧૪ ના રોજ પ્રાયમરી હેલ્થ વર્કરની જગ્યા માટે જાહેરનામું બહાર પડેલા હતા તે મુજબ નિમણુંક બાબતે આપની કચેરીમા નોટીસ બોર્ડમા સિલેકટ યાદી મુકેલ હતી(જોડેલી સામેલ છે.)તે આધારે ૧ થી ૪૮ અસ.ટી.ઉમેદવારો સિલેકટ કરેલ છે તેઓની ભરેલ અરજી ફોર્મોની ખરી નકલ વિગરે બાબતે માહિતીની બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૭<br>તા.૨૬/૦૫/૨૦૧૬ |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૬<br>તા.૦૫/૦૫/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાંતીલાલ પી ઉમરીગરની તા.૦૧/૧૨/૧૫ની (આઈ.ડી. નં.૨૧૦૭) થી મ્યુનિ.કમિશ્રનરશ્રી સુરત મહાનગરપાલિકાને સેકશન ઓફિસરશ્રી અર્બન ડેવલપમેન્ટ અને અર્બન ડીપાર્ટમેન્ટ ગાંધીનગર પી.એમ.ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક એસએમએજ–પીએમઓ–૪૧–પી સંદર્ભે તમોને તા.૦૯/૦૫/૨૦૧૫ ના રોજ લખેલ પત્રનો જવાબ આપના તરફથી આપવમાં આવ્યો હોય તો તેની પ્રમાણિત નકલ તથા અન્ય કુલ–૮ મુદ્દાઓ બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૮<br>તા.૦૫/૦૭/૨૦૧૬ |
| ૭<br>તા.૦૯/૦૫/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટની તા.૧૯/૦૩/૧૬ની (આઈ.ડી. નં.૩૧૦૩) થી )ફુડ વિભાગને લગતા નવા કાયદા મુજબ છેલ્લા દોઢ વર્ષમાં જે તે સંસ્થાના તમામ ફુડ ઈન્સ્પેકટરો ધ્વારા લીધેલ સેમ્પલોની વિગતવાર માહિતી ૨)જે તે સેમ્પલ રીપોર્ટ અને ત્યાર બાદ થયેલ કાર્યવાહીની વિગતવાર માહિતી વિગેરે બાબતે કુલ–૫ મુદ્દાઓ બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૧<br>તા.૧૩/૦૬/૨૦૧૬ |
| ૮<br>તા.૧૬/૦૬/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડિયાની તા.૨૧/૦૪/૧૬ ની (આઈ.ડી. નં.૧૭૧) થી સુરત મહાનગરપાલિકાના જાહેર માર્ગોપર કચરાપેટીઓ મુકવાના નિયમો શું છે ? તે વિગતેની માહિતી તથા સુરત નગર પ્રાથમિક શાળા અને વૃધ્ધો માટેની શાંતી કુટીરથી કચરા પેટી ઓછામાં ઓછી કેટલા મીટર દુર હોવી જોઈએ વિગેરે બાબતે કુલ–૩ મુદ્દાઓ બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૦<br>તા.૦૭/૦૭/૨૦૧૬ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/96/2015. Dt.02/03/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી રાજ મહાજન.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(માર્કેટ) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી રાજ મહાજનની તા.૧૪/૧૨/૧૫ ની આરટીઆઈની (આઈ.ડી.નં.૨૧૮૦) ની અરજી એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરીક સુવિધા કેન્દ્ર,મુગલીસરા,સુરતના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૯૨૮ તા.૧૬/૧૨/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી (સાઉથ ઝોન) તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(સાઉથ ઝોન) પ્રતિ સદર અરજી તબદીલ કરવામાં આવેલ હતી, ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક,સાઉથ ઝોનના પત્ર નં.સા.ઝોન/ આરોગ્ય/ આરટીઆઈ/આઉટ/૯૧ તા.૦૮/૦૧/૧૬ થી અરજીના આંશિક મુદ્દાઓની માહિતી પુરી પાડવા બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિ.શ્રી માર્કેટ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ હતી.જે અરજીથી ર્ડા. હેડગેવાડ વસાહત –૧,૨,૩ માં આવેલ કાયદેસર મટન ચીકનની દુકાનોની સંખ્યા, ગેરકાયદેસર મટન ચીકન દુકાનોનો સંખ્યા,ર્ડા.હેગડેવાડ વસાહત–૧,૨,૩ માં કાયદેસર અને ગેરકાયદેસર મટન અને ચીકનની દુકાનના નામ–સરનામા,ર્ડા.હેગડેવાડ વસાહત–૧,૨,૩ કયારે અને કયા હેતુથી બનાવવામાં આવેલ તેમા વસવાટ કરનારને કયા નિયમ લાગુ પડે,ર્ડા.હેગડેવાડ વસાહત–૧,૨,૩ ની દુકાનો કે અન્ય કોર્મશીયલ બાંધકામ કરવાની મંજુરી મળે તે કાયદેસર ગણાય ખરી,ર્ડા.હેગડેવાડ વસાહત–૧,૨,૩ માં કેટલી દુકાનો અને કોમર્શીયલ બાંધકામ થયેલ છે.ર્ડા.હેગડેવાડ વસાહત–૧,૨,૩ માં ગાર્ડનની વ્યવસ્થા છે તેમા કેટલા વૃક્ષો અને રમત ગમતના સાધનો મુકયા છે વિગેરે બાબતે કુલ–૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી માર્કેટ વિભાગ તરફથી પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૧૨૬૯ તા.૧૮/૦૧/૧૬ થી મુદ્દા નં.૧ ની માહિતી અરજદાર મજકુરને સમય મર્યાદાબાદ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,અરજદારશ્રીએ તેઓની અરજીના મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આજદિન સુધી મળેલ નથી તેવુ જણાવી પ્રથમ અપીલ અધિકારીશ્રી મુગલીસરા,ઉધનાને ઉદ્દેશીને તા.૨૨/૦૧/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને તા.૦૨/૦૩/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ હતી.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૧૧૯ તા.૦૯/૦૩/૨૦૧૬ થી અરજદારને તથા જાહેર માહિતી અધિકારીશ્રી માર્કેટ વિભાગને જણાવવામાં આવેલ હતું, જે અનુસંધાને અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી,જયારે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી માર્કેટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ માર્કેટ/ ૧૫૭૯ તા.૧૬/૦૩/૨૦૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.૧થી ૭ પૈકી મુદ્દા નં.૧ની માર્કેટ વિભાગને લાગત માહિતી પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૨૬૯ તા.૧૮/૦૧/૧૬ થી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદાર તરફથી અપીલ અરજી તબકકે કોઈ પુર્તતા રીપોર્ટ કે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી તેમ છતાં અરજદારને તેઓની અપીલ અરજી પરત્વે તેઓને રૂબરૂ સુનાવણી અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/આરટીઆઈ/અપીલ/૧૪ તા.૦૩/૦૫/૨૦૧૬ થી તા.૧૩/૦૫/૨૦૧૬ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ હતુ,પરંતુ સદર દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા નથી કે અન્ય કોઈ પ્રકારે રજુઆત કરેલ નથી,જયારે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(માર્કેટ) વિભાગ તરફથી તેઓના પ્રતિનિધી તરીકે સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એસ.જે.શાહ હાજર રહેલ હતાં,તેઓ ધ્વારા અરજદારની આરટીઆઈની અરજીના મુદ્દા નં.૧ પરત્વેની ખાતાને લાગત માહિતી અરજદાર મજકુરને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે,તથા મુદ્દા નં.૨ તથા ૩ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને એકઝીકેટીવ આસીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ધ્વારા સંબધિત ઝોનને અરજદારની જાણ હેઠળ અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે,જયારે મુદ્દા નં.૪ થી ૭ ની માહિતી માર્કેટ વિભાગને લાગત ન હોવાનું જણાવેલ છે.

અરજદારની અપીલ અરજી તથા જાહેર માહિતી અધિકારી માર્કેટ વિભાગના પ્રતિનિધી ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તબકકે ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર,પુર્તતા રીપોર્ટ તથા તથા જાહેર માહિતી અધિકારી માર્કેટ વિભાગના પ્રતિનિધી ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪/૧૨/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં લાગત મુદ્દા.નં.૧ પરત્વે માહિતી સમયમર્યાદા બાદ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે મુદ્દા.નં.૨ તથા ૩ પરત્વેની માહિતી બાબતે અરજદારની અરજી સંબધિત ઝોનને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે,તેમ છતાં આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જો મુદ્દા નં.૨ તથા ૩ પરત્વેની રેકર્ડ આધારીત માહિતી જો ખાતા પાસે ઉપલબ્ધ હોય તો તે અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને આરટીઆઈની કલમ–૭(૬)હેઠળ દિન–૭ માં વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને જણાવવામાં આવે છે તેમજ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગને ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૫/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/100/2016. Dt.28/03/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી કીશોર ડી રૂપારેલીયા.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૩૦/૦૧/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી. નં.૧૫૧૩)થી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરિક્ષક વરાછા ઝોનના પત્ર નં.આરટીઆઈસેલ/ આઉટ/૧૬૬૩ તા.૦૧/૦૨/૧૬થી જાહેર માહિતી અધિકારી અન કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ વિભાગ)ને અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી(૧) છેલ્લા ૧૦ વર્ષમાં બાયો વેસ્ટના નિકાલ માટે જે તે કંપની સાથે સુરત મહાનગરપાલિકાએ કરેલ કરારની પ્રમણિત નકલ વિગરે બાબતે કુલ–૧૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ) ધ્વારા માંગેલ માહિતીના મુદ્દા.નં.૧,૩,૫ માટે નકલ ફી પેટે રૂા.૪૬/–ભરપાઈ કરવા જણાવેલ,જે કાયદાની કલમ–૭(૬)હેઠળ નકલ ફી ભરપાઈ કરવા પાત્ર ન હોય વિનામુલ્યે પુરી પાડવા તથા મુદ્દાંનં.૪,૬,૭,૧૦ અને ૧૧ માં જણાવેલ પ્રત્યુત્તર સંતોષકારક નથી તેમજ માહિતી અધિકારી ધ્વારા પ્રથમ અપીલ અધિકારીશ્રીના નામ તથા સરનામાંની વિગત આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અધિકારી, સો.વે.મેનેજમેન્ટ વિભાગ સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૨૮/૦૩/૧૬ ના રોજ સો.વે.મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારને તેઓની અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૦૪ તા.૦૪/૦૪/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./૦૮ તા.૧૬/૦૪/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.જયારે અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી.

ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મેનેજમેન્ટ વિભાગની પુર્તતા ધ્યાને લેતાં અરજદારની અરજીથી માંગેલ માહિતી બાબતે સો.વે.મેનેજમેન્ટ વિભાગના પત્ર.નં.પીએચડી/ સો.વે.મે./આઉટ/૧૨૧ તા.૨૬/૦૨/૨૦૧૬ થી માંગેલ માહિતી વિસ્તૃત પ્રકારની હોવાનું જણાવી રેકર્ડ ચકાસણી અર્થે તા.૦૧/૦૩/૨૦૧૬ ના રોજ સાંજે ૪–૦૦ થી ૬–૧૦ દરમ્યાન સોલીડ વેસ્ટ ખાતાની કચેરીમાં મુલાકાત લેવા જણાવવામાં આવેલ હોવાનું જણાય છે. ત્યારબાદ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી,સો.વે.મે.વિભાગના પત્ર નં.પીએચડી/સો.વે.મે./ આરટીઆઈ/ આ.નં./૧૨૯ તા.૧૬/૦૩/૧૬ થી માંગેલ માહિતી પૈકીના મુદ્દા નં.૧,૩,૫ પરત્વે માહિતીની નકલો મેળવી લેવા બાબતે રૂા.૪૬/– દસ્તાવેજી ફી ભરપાઈ કર્યેથી નકલો પુરી પાડવામાં આવશે તેમ જણાવવામાં આવેલ હોવાનું જણાય છે મુદ્દા નં.૪,૬,૧૦ તથા ૧૧ ની માહિતી માટે સદર માહિતી બીજા જાહેર સત્તામંડળની હોવાનું ધ્યાન દોરી માહિતી સંબંધિત સત્તામંડળ પાસેથી મેળવી શકાશે તે મુજબનું માર્ગદર્શન આપવામાં આવેલ છે પરંતુ સદર મુદ્દા નં.૪,૬, ૧૦ તથા ૧૧ ની માહિતી માટે સંબંધિત સત્તામંડળને અરજદારની અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી,જયારે મુદ્દા.નં.૭ બાબતે ચાર્જની રસીદો એજન્સીને આપવાની હોય અત્રે લાગુ પડતુ નથી તેમ જણાવેલ છે તેમજ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/આ.નં./૦૩ તા.૧૨/૦૪/૧૬ થી તેઓની કચેરીને સ્પર્શતા મુદ્દાઓની માંગેલ ઝેરોક્ષ નકલો અરજદારને વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ અરજદારની મુળ અરજી અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ) વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦/૦૧/૧૬ની અરજી (આઈ.ડી.નં.૧૫૧૩) થી માંગવામા આવેલ મુદ્દાઓની માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ) ધ્વારા સમયમર્યાદાબાદ અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે,તથા અરજીના મુદ્દા નં.૧,૩ અને ૫ માટેની પુરી પાડવા જોગ માહિતી ઉકત વિગતે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે વિનામુલ્યે અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાતું હોય તે અંગે બીજી કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ નથી.જયારે અરજીના મુદ્દા નં.૭ ની માહિતી બાબતે આરટીઆઈની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા યોગ્ય પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ

હોવાનું જણાય છે, જયારે અરજીના મુદ્દા નં.૪,૬,૧૦ તથા ૧૧ ની માહિતી માટે લાગત સંબંધિત સત્તામંડળને હુકમ મળ્યાના દિન–૫ માં અરજદારની અરજી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવા જણાવવામાં આવે છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ) ને ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તથા નિયત થયેલ નમુના મુજબ અરજદારને આરટીઆઈ એકટ હેઠળ પ્રથમ અપીલ અધિકારીશ્રીના નામ,સરનામા તથા ટેલીફોન નંબર વિગેરેની વિગતો અચુક પુરી પાડવા આથી તાકીદ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.દેસાઈ.)
ડે.કમિશ્નર અને એપેલેટ અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૫/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/03/2016. Dt.16/04/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી હરીશભાઈ ફકીરચંદ્ર ગડરીયા.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૯/૦૨/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૨૮૬૭) થી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.નાગરીક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/ આરટીઆઈ/આઉટ/૧૬૧૮ તા.૦૩/૦૩/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સીલીડ વેસ્ટ મેનેજર (સો.વે.મે.વિભાગ) તથા ચીફ સેનેટરી ઇન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી તમામ ઝોન પ્રતિ તબદીલ તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી સેન્ટ્રલ ઝોન,અઠવા ઝોન,ઉધના ઝોન,રાંદેર ઝોન,વરાછા ઝોન,કતારગામ ઝોનમાં ડોર ટુ ડોરની કેટલી ગાડી રાખવામાં આવી છે અને તેનું ચેકીગ કોણે કરવાનુ હોય છે અને ચેકીગ કર્યા પછી શુ જાણવામાં આવ્યુ તેની માહિતી માંગેલ હતી. ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર બાબતે ડોર ટુ ડોરની કેટલી ગાડીઓનું ચેકીગ કર્યા પછી શુ જાણવાં મળ્યુ તેની માહિતી આપેલ નથી,ડોર ટુ ડોરની ગાડી ૪૭ બતાવે છે,જયારે સીલીડ વેસ્ટ મનેજમેન્ટ વિભાગ તરફથી ૪૦ ગાડી બતાવેલ છે તેમ જણાવી નારાજ થઈ કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારી સો.વે.મેનેજમેન્ટ વિભાગ સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૧૬/૦૪/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારે તેઓની અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૧૧ તા.૧૮/૦૪/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ) વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/૦૯ તા.૨૫/૦૪/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જયારે અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૬ તા.૦૭/૦૫/૧૬ થી તા.૨૦/૦૫/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને એપેલેટ ઓફિસર,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ અરજદાર તથા સોલીડ વેસ્ટ મનેજમેન્ટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સો.વે.મે. વિભાગ) ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૨૯/૦૨/૧૬ ની અરજી (આઈ.ડી.નં.૨૮૬૭) થી માંગવામા આવેલ મુદ્દાઓની માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ) ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./૧૩૨ તા.૧૭/૦૩/૨૦૧૬ થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની આંશીક લાગત માહિતી અરજદારને સમયમર્યાદામા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,તેમજ આ બાબતે અરજદાર સાથે રૂબરૂ સુનાવણી સમયે ઉકત મુદ્દાઓની સ્પષ્ટતા થયેલ હોય સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પ્રત્યુત્તરથી સંતોષ વ્યકત કરેલ છે, જયારે ઝોનને લાગત માહિતી બાબતે એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર,મુગલીસરા,સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૬૧૮ તા.૦૩/૦૩/૧૬ થી **તમામ ઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ હોય અરજદારની અપીલ અરજી આગળની કાર્યવાહી હાથ ધરવા સારૂ તમામ ઝોનના સંબંધિત અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી પ્રતિ તબદીલ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૫/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/04/2016. Dt.18/04/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી અભિષેક (ખોડીદાસ)કનુભાઈ રૈયાણી.

સામાવાળા :– **સુરત ડાયમંડ એસોશીએશન, આરોગ્ય સમિતિ સંચાલિત, માતૃશ્રી રામુબા તેજાણી તથા માતૃશ્રી શાંતાબા વિડીયા હોસ્પીટલ, સ્વાતિ સોસાયટી, નંદનવન સોસાયટી સામે, ચીકુવાડી નાનાવરાછા,સુરત–૬.**

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૮/૦૩/૧૬ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.–) થી સુરત ડાયમંડ એસોશીએશન, આરોગ્ય સમિતિ સંચાલિત, માતૃશ્રી રામુબા તેજાણી તથા માતૃશ્રી શાંતાબા વિડીયા હોસ્પીટલ, સ્વાતિ સોસાયટી, નંદનવન સોસાયટી સામે, ચીકુવાડી નાના વરાછા,સુરત ખાતે આવેલ હોસ્પિટલમાં ડોકટર તરીકે કામ કરતાં ડો.મયુરીબેન પટેલ કઈ ડીગ્રી ધરાવે છે, કઈ કોલેજમાંથી કયા વર્ષમાં ડીગ્રી લીધેલ છે,આપની હોસ્પીટલમાં ડો.મયુરીબેન પટેલ કઈ તારીખથી ફરજ બજાવે છે તેમજ તેઓનો શરૂઆતથી અત્યારસુધીમાં પગાર ચુકવવામાં આવેલ છે.(ભથ્થા સહિત) વિગેરે અન્ય બાબતે જુદા જુદા કુલ–૯ મુદ્દાઓની માહિતીની માંગણી કરતી અરજી આપની હોસ્પીટલને ઉદ્દેશીને કરેલ હતી. ઉકત અરજી પરત્વે આપના હોસ્પીટલમાં ફરજ બજાવતા ડોકટરોની માહિતિ તથા અન્ય મુદ્દાઓની માહિતી માંગવામાં આવેલ હતી, પરંતુ તેવી માહિતી અરજદારને દિન–૩૦માં પુરી પાડવામાં આવેલ ન હોવાનુ જણાવી નારાજ થઈ જાહેર માહિતી અધિકારીશ્રી (આરોગ્ય),સુરત મ્યુ.કોર્પોરેશન, મુગલીસરા, સુરત શહેરને ઉદ્દેશીને તા.૧૨/૦૪/૧૬ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે.જે અત્રે તા.૧૮/૦૪/૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત બાબતે હકીકત એવી છે કે આરટીઆઈ એકટની કલમ ૫ ની જોગવાઈઓ મુજબ આરટીઆઈ એકટના સુચારૂ સંચાલન માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર માહિતી અધિકારી તથા એપેલેટ ઓર્થોરીટીની નિમણુંક અંગેના હુકમો કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે સહી કરનારને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હસ્તકના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, વેકસીનેશન વિભાગ, માર્કેટ વિભાગ,લેપ્રસી કંટ્રોલ યુનીટ, પેથોલોજી લેબોરેટરી તથા આરોગ્ય વિભાગના તાબા હેઠળના તમામ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ/ હેલ્થ સેન્ટરો/ હોમીયોપેથીક ડિસ્પેન્સરી, મોબાઈલ ડિસ્પેન્સરીના અપીલ અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવેલ છે જે ધ્યાને લેતા સદર ખાતાઓની અપીલ નીચે સહી કરનાર ધ્વારા ચલાવવાની રહે છે જયારે સુરત ડાયમંડ એસોશીએશન,માતૃશ્રી રામુબા તેજાણી તથા માતૃશ્રી શાંતાબા વિડીયા હોસ્પીટલ, સ્વાતિ સોસાયટી, નંદનવન સોસાયટી સામે, ચીકુવાડી નાનાવરાછા,સુરતની હોસ્પીટલના અપીલ અધિકારી તરીકે નીચે સહી કરનારની નિમણુંક થયેલ ન હોય અપીલ અરજી અત્રેના લેવલેથી હુકમ કરી શકાય નહી તેવુ અત્રેનું મંતવ્ય છે.

વધુમાં માહિતી અધિકાર અધિનિયમની કલમ–૨ (ઝ) માં જાહેર સત્તા મંડળની આપવામાં આવેલ વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળમાં સંવિધાન હેઠળ કે સંસદ કે રાજય વિધાન મંડળએ કરેલ કાયદાથી સ્થાપાયેલ હોય કે સમુચિત સરકારે બહાર પાડેલા કોઈ જાહેરનામા અથવા કોઈ હુકમથી સ્થપાયેલ હોય કે આવી સરકારે પ્રત્યક્ષ અથવા પરોક્ષ સ્વરૂપે પુરા પાડેલ ફંડથી રચાયેલ હોય કે સરકારનું મોટાપાયે ધિરાણ મેળવતા મંડળ કે બિન સરકારી સંગઠનોનો પણ સમાવેશ થાય છે જે અન્વયે અત્રેથી જરૂર તપાસ કરતા સુરત મહાનગરપાલિકાએ ટી.પી.સ્કીમ નં.૨૦(નાના વરાછા– કપાદ્રા)ફા.પ્લો.નં.૧૦૩(ઝોનલ ઓફિસ)વાળી જગ્યાની ફાળવણી સુરત ડાયમંડ એસોશીએશનને હેલ્થ સેન્ટરની સ્થાપના કરવા માટે આપેલ છે, સંસ્થાએ પોતાના ખર્ચે અને જોખમે સદર જમીન ઉપર બાંધકામ કરવાનું તથા તે હેલ્થ સેન્ટરની મકાનની માલિકી સુરત મહાનગરપાલિકાની રહે તથા સંસ્થા ધ્વારા પોતાના ખર્ચે અને જોખમે આ સંસ્થાનું સંચાલન કરવામાં આવે તે મુજબ લોક ભાગીદારીથી સદર પ્રોજેકટ કરવા તથા સદર મકાનની મરામતનો ખર્ચ, વીજળી બીલ અને અન્ય પરચુરણ સહિતના તમામ આનુષાંગિક ખર્ચાઓ સુરત ડાયમંડ એસોશીએશન ધ્વારા ભોગવવા વિગેરે શરતો અને બોલીઓને આધિન સુરત મહાનગરપાલિકા સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૬૯૪/૦૮ તા.૧૧/૧૨/૦૮ થી ઠરાવેલ શરતો અને બોલીઓને આધિન મકાનનો ઉપયોગ જયાં સુધી હેલ્થ સેન્ટર તરીકેનો થાય ત્યાં સુધી જ સુરત ડાયમંડ એસોશીએશન વહીવટ કરશે તેમ જણાવેલ છે,જે તમામ હકીકત ધ્યાને લેતા સદર સંસ્થા સરકારના પ્રત્યક્ષ અથવા પરોક્ષ સ્વરૂપે પુરા પાડેલ ફંડ થી રચાયેલ હોવાનું જણાતુ નથી કે સરકારનું મોટાપાયે ધિરાણ મેળવતા હોવાનું જણાતુ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા સંસ્થા મજકુરનો જાહેર સત્તા મંડળની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોવાનું અંત્રેનું મંતવ્ય છે. જે ધ્યાને લેતા અરજદારની અપીલ અરજી અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં ઉપરોકત હુકમ અન્ય ખાતા / જાહેર સત્તા મંડળ પાસેથી માહિતી મેળવીને કરવામાં આવેલ હોય થયેલ વિલંબ ક્ષમ્ય ગણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.દેસાઈ)
ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૬/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/06/2016. Dt.03/05/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી મોહનરાય શ્રીધરન.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૮/૦૩/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી. નં.૨૯૫૮)થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (આર)ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૫૮૮ થી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ વિભાગ)ને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૨/૦૧/૨૦૧૪ ના રોજ પ્રાયમરી હેલ્થ વર્કરની જગ્યા માટે જાહેરનામું બહાર પડેલા હતા તે મુજબ નિમણુંક બાબતે આપની કચેરીમા નોટીસ બોર્ડમા સિલેકટ યાદી મુકેલ હતી(જોડેલી સામેલ છે.)તે આધારે ૧ થી ૪૮ અસ.ટી.ઉમેદવારો સિલેકટ કરેલ છે તેઓની ભરેલ અરજી ફોર્મોની ખરી નકલ વિગરે બાબતે માહિતીની માંગણી કરેલ હતી. ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ વિભાગ) ધ્વારા પુરી પાડવવામાં આવેલ માહિતી ખોટી હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાને ઉદૃેશીને તા.૨૯/૦૪/૨૦૧૬ ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અત્રેના વિભાગને તા.૦૩/૦૫/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત વિગતે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૨/૦૧/૨૦૧૪ ના રોજ પ્રાયમરી હેલ્થ વર્કરની જગ્યા માટે જાહેરનામું બહાર પડેલા હતા તે મુજબ નિમણુંક બાબતે આપની કચેરીમા નોટીસ બોર્ડમા સિલેકટ યાદી મુકેલ હતી(જોડેલી સામેલ છે.)તે આધારે ૧ થી ૪૮ એસ.ટી.ઉમેદવારો સિલેકટ કરેલ છે તેઓની ભરેલ અરજી ફોર્મોની ખરી નકલ માંગવામાં આવેલ હતી જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૪૭ તા.૧૭/૦૩/૨૦૧૬ થી સદર માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે ઈન્કાર કરવામાં આવેલ છે તથા પ્રત્યુત્તર સાથે નામ.સુપ્રિમકોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન)સીવીલ નં.૨૭૭૩૪/૧૨ શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્સ્પેકશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશ્નર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડિસમીસ કરવામાં આવેલ છે, જે ચુકાદાને ટાંકીને તેની નકલ અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રીએ લીધેલ નિર્ણય આરટીઆઈ એકટની ઉકત જોગવાઈ તથા સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને ધ્યાને લેતા તમામ પરિપેક્ષમાં ઉચિત તથા તર્કસંગત જણાય છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીની મુળ અરજી , અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮/૦૩/૧૬ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતીનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણુ પ્રસ્થાપિત કરી કઈ કલમ નીચે આ માહિતીનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત તર્કસંગત રીતે સુચિત કરેલ જણાતુ હોય અપીલ અરજી અંગે વિશેષ કઈ કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં અરજદાર ધ્વારા અલગ અરજીથી જાહેર માહિતી અધિકારી સામે F.I.R. કરી કાર્યવાહી કરવા અંગેની રજુઆત કરેલ છે,જે આર.ટી.આઈ. એકટની જોગવાઈ સાથે સુસંગત જણાતુ નથી તેમજ આ બાબતે આરટીઆઈ એકટની કલમ ૧૯ (૧) મુજબ પ્રથમ અપીલ અધિકારીને કોઈ સત્તા આપવામાં આવેલ નથી જે જાણશો.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૫/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/08/2016. Dt.05/05/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી શાંતીલાલ પી ઉમરીગર.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ( સો.વે.મે.વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૧/૧૨/૧૫ ની આરટીઆઇ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી. નં.૨૧૦૭)થી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/૮૫૫ થી જુદા જુદા વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓને અરજી તબદીલ કરવામાં આવેલ હતી,જે પૈકી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ( સો.વે.મે.વિભાગ)ને પણ અરજી તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી મ્યુનિ.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાને સેકશન ઓફિસરશ્રી અર્બન ડેવલપમેન્ટ અને અર્બન ડીપાર્ટમેન્ટ ગાંધીનગર પી.એમ.ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક એસએમએજ–પીએમઓ–૪૧–પી સંદર્ભે તમોને તા.૦૯/૦૫/૨૦૧૫ ના રોજ લખેલ પત્રનો જવાબ આપના તરફથી આપવામાં આવ્યો હોય તો તેની પ્રમાણિત નકલ તથા અન્ય કુલ–૮ મુદ્દાઓ બાબતની માહિતીની માંગણી કરેલ હતી.ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવવામાં આવેલ માહિતી પરત્વે મુદ્દા નં.–૩ ની માહિતી મળેલ છે, બાકીના તમામ મુદ્દાઓની માહિતી મળેલ નથી જે દિન– ૭ માં આપવાનું જણાવી નારાજ થઈ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે. વિભાગને સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૧૬/૦૪/૨૦૧૬ ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અરજી સો.વે.મે. વિભાગ ધ્વારા અત્રેના વિભાગને તા.૦૫/૦૫/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે અરજદારની આરટીઆઈની અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે. વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આર.ટી.આઇ./આઉટ/૧૦૭ તા.૨૧/૧૨/૧૫ થી અરજદારની આરટીઆઈની મુળ અરજી પરત્વેની માહિતીના કોઈ પણ મુદ્દાઓ સો.વે.મે. વિભાગને લાગત જણાતા ન હોય તે મુજબની "નીલ" માહિતી અરજદારને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉકત વિગતે અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અરજદાર મજકુરને તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે. વિભાગ પ્રતિ આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૧૭ તા.૦૭/૦૫/૧૬ થી જણાવવામાં આવેલ હતું,તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી, જયારે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે. વિભાગ ધ્વારા પુર્તતા રીપોર્ટ રજુ કરી જણાવેલ છે કે અરજદારની અરજીના કોઈપણ મુદ્દાઓ સો.વે.મે. વિભાગને લાગત જણાતા ન હોય "નીલ" માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. તેમ છતાં અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૨૩ તા.૧૬/૦૫/૧૬ થી તા.૦૨/૦૬/૧૬ ના રોજ બપોરે ૦૪–૦૦ કલાકે અપીલ અધિકારી અને ડે.કમિશનરશ્રી (હે. અને હો.) સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, પરંતુ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હોય તેઓની અપીલ અરજી પરત્વેની રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હોય ફરીથી તેઓને પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૩૩ તા.૧૬/૦૬/૧૬ થી તા.૨૪/૦૬/૧૬ ના રોજ બપોરે ૦૪–૪૦ કલાકે ઉકત સ્થળે અરજદાર તથા સો.વે.મે. વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી હાજર રહેલ હતાં.અરજદારે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહી અપીલ તબકકે તેઓશ્રીએ સો.વે.મે.વિભાગની માહિતી માંગવામાં આવેલ નથી એમ જણાવેલ છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે. વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૧/૧૨/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે. વિભાગ ધ્વારા સમય મર્યાદામાં તેઓના વિભાગને લાગત ન હોય "નીલ" માહિતી પુરી પાડેલ છે, તદઉપરાંત અરજદારે રૂબરૂ સુનાવણી સમયે ઉકત વિગતે તેઓએ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની માહિતી માંગવામાં આવેલ નથી એવી સ્પષ્ટતા કરવામાં આવેલ હોય, આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૦૭/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. **SMC/PHD/FAP/11. Dt.09/05/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ.
સામાવાળા::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર (ફુડ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૯/૦૩/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૩૧૦૩) જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસરશ્રી(ફુડ) વિભાગ ને ઉદ્દેશીને કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી ૧)ફુડ વિભાગને લગતા નવા કાયદા મુજબ છેલ્લા દોઢ વર્ષમાં જે તે સંસ્થાના તમામ ફુડ ઈન્સ્પેકટરો ધ્વારા લીધેલ સેમ્પલોની વિગતવાર માહિતી ૨)જે તે સેમ્પલ રીપોર્ટ અને ત્યાર બાદ થયેલ કાર્યવાહીની વિગતવાર માહિતી પુરી પાડવી ૩)નેગેટીવ સેમ્પલ આવ્યા બાદ કાયદેસર કાર્યવાહી કરેલ હોય,કે ન કરેલ હોય તેની વિગતવાર માહિતી પુરી પાડવી,તેમજ કાર્યવાહી ન થયેલ હોય તે અંગે જવાબદાર(કસુરવાર) અધિકારીઓનો નામ,હોદ્દો અને કર્મચારી નંબર સહિતની માહિતી પુરી પાડવી (૪) ફુડ ઈન્સ્પેકટરોએ મ્યુ.કોર્ટ સમક્ષ દાખલ કરેલ કેસો તેમજ ત્યારબાદ થયેલ કાર્યવાહી તથા તમામ કેસોનું હાલનું સ્ટેટસ સહિતની વિગતવાર માહિતી પુરી પાડવી.(૫)તમામ ફુડ ઈન્સ્પેકટરો,તથા નાયબ આરોગ્ય અધિકારીઓના નામ,હોદ્દો અને કર્મચારી નંબર તેમજ તેઓને સોંપેલ વિસ્તાર તેમજ સુ.મ.ન.પાલિકાએ આપેલ હોય તે મોબાઈલ નંબર સહિતની વિગતવાર માહિતીની માંગણી કરેલ હતી.જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર,ફુડ વિભાગ ધ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અપીલ અધિકારી અને ડે.મ્યુ.કમિશ્નરશ્રી,આરોગ્ય,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૦૭/૦૫/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને તા.૦૯/૦૫/૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારની આરટીઆઈની મુળ અરજીમા માંગેલ માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૧૭૫ તા.૧૮/૦૪/૨૦૧૬ થી અરજદાર મજકુરને મુદ્દા.નં.૧ થી ૫ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે અરજીના મુદ્દા.નં.૨ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર,ફુડ વિભાગ ધ્વારા આરટીઆઈની કલમ ૭(૯) હેઠળ તા.૩૦/૦૪/૧૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સમય મર્યાદા બાદ ઈન્સ્પેકશન કરવા જણાવવામાં આવેલ હોવાનું જણાય છે.

જાહેર માહિતી અધિકારીએ અને ચીફ ફુડ સેફટી ઓફિસર (ફુડ) વિભાગ તરફથી અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી મુદ્દાસર પુરી પાડવામાં આવેલ નથી, ફુડ વિભાગ પાસે માહિતી ઉપલબ્ધ હોવા છતાં પુરી પાડેલ નથી તેમજ કાયદાની સમય મર્યાદા બાદ તા.૩૦/૦૪/૧૬ના રોજ દફતરી ચકાસણી કરવા જણાવેલ સંપુર્ણ માહિતી જાણી જોઈ ઈરાદા પુર્વક છુપાવી હોવાનું જણાવી નારાજ થઈ તા.૦૭/૦૫/૨૦૧૬ ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અનુસંધાને અરજદારે તેઓની અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૯ તા.૧૦/૦૫/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર,ફુડ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર,ફુડ વિભાગ ધ્વારા અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ નથી,જયારે અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભે તા.૧૩/૦૫/૧૬ ના રોજ લેખીતમાં પુર્તતા રજુ કરી જણાવેલ છે કે અપીલ અરજી સાથે તમામ આધાર પુરાવાઓ રજુ કરેલ છે,ઉપરાંત અપીલ કર્યા બાદ વધુ કોઈ માહિતી મળેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદામાં માહિતી કે દફતરી નિરીક્ષણ આપેલ ન હોય માંગ્યા મુજબની સંપુર્ણ માહિતી પુરી પાડવા હુકમ કરવા જણાવેલ છે.તે અન્વયે જાહેર માહિતી અધિકારીએ અને ચીફ ફુડ સેફટી ઓફિસર (ફુડ) વિભાગ તરફથી અપીલ અરજી પરત્વે લેખીત પુર્તતા રજુ કરેલ ન હોય અરજદારની અપીલ પરત્વે કયા પ્રકારની માહિતીની જરૂરીયાત છે તે જાણી શકાતું ન હોય તે બાબતે અરજદારને અત્રેની કચેરીએથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૨ તા.૧૬/૦૫/૨૦૧૬ થી તા.૨૩/૦૫/૨૦૧૬,પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૨૫ તા.૨૬/૦૫/૨૦૧૬ થી તા.૦૧/૦૬/૨૦૧૬ થી અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ ઉકત બંને દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેની રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હોય તેઓને ફરી એક તક આપી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૨૯ તા.૦૩/૦૬/૨૦૧૬ થી તા.૦૭/૦૬/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.આમ અરજદારની અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર(ફુડ) વિભાગ તરફથી ઉકત વિગતે કરવામાં આવેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

# —:: હુકમ ::—

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી તથા અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા અરજદાર સાથે રૂબરૂ સુનાવણી સમયે મુદ્દાની સ્પષ્ટતા થયેલ હોય જે ધ્યાને લઈ અરજદારની તા.૧૯/૦૩/૨૦૧૬ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા ૫રત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર(ફુડ) વિભાગ તરફથી અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ ૫રત્વે સમય મર્યાદા બાદ ઈન્સ્પેકશન કરવા અંગેનો અરજદારને પ્રસ્તાવ આપવામાં આવેલ હોય અપીલ અરજી ૫રત્વેનો હુકમ મળ્યાના દિન–૭ માં અરજદારને રેકર્ડની તપાસણી આપવા તથા જાહેર માહિતી અધિકારીને મુળ અરજીના પરિપેક્ષમાં રેકર્ડ તપાસણી સમયે અરજદાર જણાવે એટલી દસ્તાવેજી નકલો પ્રમાણિત કરી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર(ફુડ)વિભાગ ને જણાવવામાં આવે છે.તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીઓનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

અરજદાર ઉ૫રના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.  /૦૬/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/19/2016. Dt.16/06/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડિયા.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૧/૦૪/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૧૭૧) થી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.નાગરીક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/ આરટીઆઈ/આઉટ/૧૭૧ તા.૨૫/૦૪/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજર (સો.વે.મે.વિભાગ) તથા ચીફ સેનેટરી ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી તમામ ઝોન પ્રતિ તબદીલ તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના જાહેર માર્ગોપર કચરાપેટીઓ મુકવાના નિયમો શું છે ? તે વિગતેની માહિતી તથા સુરત નગર પ્રાથમિક શાળા અને વૃધ્ધો માટેની શાંતી કુટીરથી કચરા પેટી ઓછામાં ઓછી કેટલા મીટર દુર હોવી જોઈએ  વિગેરે બાબતે કુલ–૩ મુદ્દાઓ બાબતે માહિતી માંગેલ હતી.ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ)વિભાગને લાગત મુદ્દા.નં.૩ પરત્વે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર બાબતે નગર પ્રાથમિક શાળાથી કચરાપેટી ઓછામાં ઓછી કેટલા મીટર દુર હોવી જોઈએ તે અંતરની માહિતી પુરી પાડી નથી,ઉપરાંત આવી જાણ કરવામાં આવે પછી ઓછામાં ઓછા કેટલા સમયમાં આવી કચરાપેટીનું સ્થળ ખસેડવામાં આવે તની વિગત આપવામાં આવેલ નથી તેમ જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસર અને ડે.કમિશ્નર(હે અને હો), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૧૬/૦૬/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સો.વે.મે.)વિભાગ તરફથી સો.વે.મે.વિભાગને લાગત મુદ્દા.નં.૩ પરત્વેની માહિતી પત્ર.નં.પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/૧૩ તા.૧૮/૦૫/૨૦૧૬ થી અરજદારને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જે અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી અંગેની નારાજગી સંદર્ભે અરજદારની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–પ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩પ તા.૨૦/૦૬/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ)વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/૨૩ તા.૨૮/૦૬/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,તેમજ અરજદાર તરફથી અપીલ અરજી પરત્વની નારાજગી સંદર્ભેની લેખીત પુર્તતા રજુ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી.જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પુર્તતા રીપોર્ટ અન્વયે અરજદારને પત્ર.નં. પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/૧૩ તા.૧૮/૦૫/૨૦૧૬ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે જે અન્વયે મ્યુનિ.કમિશ્નરશ્રીની નોંધ નં.પીએચડી/સોવેમે/આ.નં.૩૨પ તા.૧૨/૦૫/૨૦૧૪ થી મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં વિવિધ સ્થળોએ મુકવામાં આવેલ સોલીડ વેસ્ટ કન્ટેનરો પૈકી તેમાં જણાવેલ વિગતોના ન્યુસન્સ સ્પોટસ/કન્ટેનરો નાબુદ કરવા/ ઉપાડી લેવા/ અન્ય વૈકલ્પિક જગ્યાએ ખસેડવા માટેની પોલીસી નકકી કરવામાં આવેલ છે. તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

આમ અરજદારની મુળ અરજી અપીલ અરજી પરત્વે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૨૧/૦૪/૧૬ ની અરજી (આઈ.ડી.નં.૧૭૧) થી માંગવામાં આવેલ માહિતી પરત્વે જણાવવાનું કે, આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાય છે, પરંતુ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા મ્યુ.કમિશ્નરશ્રીની નોંધ અરજદારને પુરી પાડવાનો પ્રસ્તાવ આપેલ હોવાનું જણાતુ ન હોય મ્યુ.કમિશ્નરશ્રીની સદર બાબતોની પોલીસી અંગેની નોંધની નકલ આરટીઆઈ એકટની કલમ–૭(૬) અન્વયે વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને જણાવવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૭/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સને ૨૦૧૬–૧૭
## જુલાઈ થી સપ્ટેમ્બર

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૯<br>૦૯/૦૫/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી પ્રકાશભાઈ વિનોદભાઈ કોન્ટ્રાકટર (આઈ.ડી.નં.૩૧૬૮)ની અરજીથી મોજે ખજોદ સોલીડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ અંદરથી ૭ ભેંસો ૨ ગાય ૧ પાડી એમ ૧૨ ઢોરો તા.૨૮/૦૩/૨૦૧૬ ના રોજ પકડી લેવામાં આવેલ હતા,જે બાબતે કાર્યવાહી કરવા માટે સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગ તરફથી માર્કેટ વિભાગને મોકલાયેલ પત્રની નકલ આપશો તથા આ બાબતે જે કોઈ ફરીયાદ મળેલ હોય તેની નકલ વિગેરે કુલ–૧૪ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૦<br>તા.૧૯/૦૮/૨૦૧૬ |
| ૧૦<br>૦૬/૦૫/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી અરૂણ એસ પાઠક(આઈ.ડી. નં.૮૭૪/૬૦૦/૬૧૨૫)ની અરજીથી સાઉથ ઝોન ધ્વારા ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે સને ૨૦૧૫–૧૬ માં બહાર પાડેલ ટેન્ડરો તથા તેના નીતિ નિયમોની એટેસ્ટેડ નકલો આપશો તથા બહાર પાડેલા ટેન્ડરના જાહેરાત માટે કરેલ કાર્યવાહીઓની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર કુલ–૯ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૪<br>તા.૧૬/૦૭/૨૦૧૬ |
| ૧૧<br>૦૬/૦૫/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી અરૂણ એસ પાઠક (આઈ.ડી. નં.૫૨૬ ) ની અરજી થી સાઉથ ઝોન ધ્વારા ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે સને ૨૦૧૫–૧૬ માં બહાર પાડેલ ટેન્ડરો તથા તેના નીતિ નિયમોની એટેસ્ટેડ નકલો આપશો તથા બહાર પાડેલા ટેન્ડરના જાહેરાત માટે કરેલ કાર્યવાહીઓની સંપુર્ણ એટેસ્ટેડ નકલો વિગેરે સહિત કુલ–૯ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૫<br>તા.૧૮/૦૭/૨૦૧૬ |
| ૧૨<br>૨૧/૦૬/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ (આઈ.ડી. નં.૬૧૨ )ની અરજી થી ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓએ ગુજરાત રાજય સેવા વતર્ણુક નિયમો ૧૯૭૧ નું અક્ષરશઃ પાલન કરવાનું હોય છે, તમામ જાહેર સેવકોના મેળવેલ તમામ ફોર્મ જે નિયત સમયમર્યાદામાં દરેક સરકારી કચેરીમાં જમા કરાવવાના હોય છે તે અંગેની તમામ પ્રમાણિત દસ્તાવેજોની માંગ્યા મુજબની માહિતી સોંગદનામા સાથેની આપવી(ગીફ્ટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી, જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો ઉપરોક્ત તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો વિગેરે બાબતે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૬<br>તા.૩૦/૦૮/૨૦૧૬ |
| ૧૩<br>૨૯/૦૬/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ (આઈ.ડી. નં.૬૧૨ )ની અરજી થી ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓએ ગુજરાત રાજય સેવા વતર્ણુક નિયમો ૧૯૭૧ નું અક્ષરશઃ પાલન કરવાનું હોય છે, તમામ જાહેર સેવકોના મેળવેલ તમામ ફોર્મ જે નિયત સમયમર્યાદામાં દરેક સરકારી કચેરીમાં જમા કરાવવાના હોય છે તે અંગેની તમામ પ્રમાણિત દસ્તાવેજોની માંગ્યા મુજબની માહિતી સોંગદનામા સાથેની આપવી(ગીફ્ટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી, જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો ઉપરોક્ત તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો વિગેરે બાબતે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૭<br>તા.૧૦/૦૮/૨૦૧૬ |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧૪<br>તા.૧૪/૦૭/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ. (આઈ.ડી. નં.૬૧૨ )ની અરજી થી ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓએ ગુજરાત રાજ્ય સેવા વતર્ણુક નિયમો ૧૯૭૧ નું અક્ષરશઃ પાલન કરવાનું હોય છે, તમામ જાહેર સેવકોના મેળવેલ તમામ ફોર્મ જે નિયત સમયમર્યાદામાં દરેક સરકારી કચેરીમાં જમા કરાવવાના હોય છે તે અંગેની તમામ પ્રમાણિત દસ્તાવેજોની માંગ્યા મુજબની માહિતી સોંગદનામા સાથેની આપવી(ગીફટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી, જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો ઉપરોકત તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો વિગેરે બાબતે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૭<br>તા.૩૦/૦૮/૨૦૧૬ |
| ૧૫<br>૦૨/૦૭/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયેશભાઈ હસમુખભાઈ પટેલ (આઈ.ડી.નં.૪૮)ની અરજીથી સુરત શહેરના રાંદેર રોડના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ''ટેસ્ટી રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ'' નામની હોટલનું લાયસન્સ અન્ડર ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓફ ઈન્ડિયા ધ્વારા લાયસન્સ અન્ડર FSS Act ધ્વારા લાયસન્સ નંબર ૧૦૭૧૨૦૨૧૦૦૧૧૮૧ તા.૦૧/૦૨/૨૦૧૩ વાળુ લાયસન્સ તથા તે પહેલાનું આપવામાં આવેલ લાયસન્સ ધી ગુજરાત પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન રૂલ્સ ધ ૧૯૬૧ અન્વયે લાયસન્સ નં.PFA/WZ/ 05/204 તા.૦૮/૦૮/૨૦૧૧ કેવી રીતે અને કોની સહીથી મેળવવામાં આવેલ તેની વિગતો આપવી તથા કયા દસ્તાવેજી પુરાવાઓને આધારે મેળવવામાં આવેલ તેની વિગતો સહિ સિકકાવાળી નકલો વિગેરે બાબતે કુલ–૩ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૬<br>તા.૦૫/૦૮/૨૦૧૬ |
| ૧૬<br>૨૮/૦૭/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેશભાઈ રમેશચંદ્ર સાદડીવાલા(આઈ.ડી. નં.૫૭૧ )ની અરજી થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાંથી એટલે કે તા.૦૨/૦૫/૧૬ના રોજ મોકલવામાં આવેલ ઈ.એમ.ડી.ના રીપોર્ટસ નાયબ હિસાબનીશશ્રી આરોગ્ય વિભાગએ ૧૮ દિવસ સુધી કયા કારણસર કાર્યવાહી વિના પડતર રાખવામાં આવેલ છે વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૪<br>તા.૨૯/૦૮/૨૦૧૬ |
| ૧૭<br>૨૨/૦૭/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા ની મુળ અરજીથી તા.૦૧/૦૧/૨૦૧૪ થી તા.૨૦/૧૧/૨૦૧૫ સુધીમાં ફુડ વિભાગ કેટલા કેસ કરવામાં આવ્યા વિગેરે બાબતે કુલ–૩ મુદ્દાઓની બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૩<br>તા.૨૯/૦૮/૨૦૧૬ |
| ૧૮<br>૦૨/૦૮/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ પ્રમુખશ્રી મથુરાનગરી સોસાયટીની તા.૦૬/૦૪/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૩૧) થી ઘર નં.૮૧,મથુરાનગરી રો હાઉસના સંદર્ભમાં કુલ–૧૧ મુદ્દાઓની માંગેલ માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૮<br>તા.૦૭/૦૯/૨૦૧૬ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/12/2016. Dt.16/04/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી પ્રકાશભાઈ વિનોદભાઈ કોન્ટ્રાકટર.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(માર્કેટ)વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૯/૦૩/૧૬ ની આરટીઆઈ એક્ટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૩૧૬૮) થી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.નાગરીક સુવિધા કેન્દ્ર(સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/૧૯૨૧ તા.૩૦/૦૩/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ(માર્કેટ)વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી મોજે ખજોદ સોલીડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ અંદરથી ૭ ભેંસો ૨ ગાય ૧ પાડી એમ ૧૨ ઢોરો તા.૨૮/૦૩/૨૦૧૬ ના રોજ પકડી લેવામાં આવેલ હતા,જે બાબતે કાર્યવાહી કરવા માટે સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગ તરફથી માર્કેટ વિભાગને મોકલાયેલ પત્રની નકલ આપશો તથા આ બાબતે જે કોઈ ફરીયાદ મળેલ હોય તેની નકલ વિગેરે બાબતે કુલ–૧૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ (માર્કેટ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૨૩ તા.૨૧/૦૪/૨૦૧૬ થી સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હતી.જે મળેલ માહિતી બાબતે નારાજ થઈ અરજદારે કરેલ અપીલ અરજીથી તેઓની નમુના ક થી કરેલ અરજીમાં જણાવેલ વિગતો રેકર્ડ મુજબની હોવાથી વિગતવાર માહિતી આપવામાં આવે તેવો હુકમ કરવાનું જણાવી પ્રથમ અપીલ અધિકારી ડે.કમિશ્નરશ્રી આરોગ્ય વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૯/૦૫/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૨૦ તા.૧૦/૦૫/૧૬ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ (માર્કેટ વિભાગ) પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૨૩૨ તા.૧૩/૦૫/૧૬થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જયારે અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી.

ઉકત વિગતે અરજદારની અરજીના **મુદ્દા નં.૧** થી મોજે ખજોદ સોલીડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટ અંદરથી ૭ ભેંસો, ૨ ગાયો, ૧ પાડો,૨ પાડી એમ ૧૨ ઢોરો તા.૨૮/૦૩/૧૬ના રોજ પકડી લેવામાં આવેલ હતા જે બાબતે કાર્યવાહી કરવા માટે સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગ તરફથી માર્કેટ વિભાગને મોકલાયેલ પત્રની નકલ તથા આ બાબતે કોઈ ફરીયાદ મળેલ હોય તેની નકલની માંગણી કરેલ હતી.જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા દસ્તાવેજી નાણાં ભરપાઈ કરી નકલ મેળવી લેવા જણાવવામાં આવેલ હોવાનું જણાય છે,આ બાબતે અરજદારે અપીલ અરજીમાં અસંતોષ વ્યકત કર્યો હોવાનું જણાતુ નથી. **મુદ્દા નં.૨** આ પકડાયેલ ઢોરોને સવારે ૧૦.૩૦ કલાકથી કેટલો ચારો અને કયા પ્રકારનો ચારો કયા સમયે ખવડાવેલ હતો અને કયા કર્મચારીએ (નામ અને હોદ્દો) ખવડાવેલ હતો તેની રેકર્ડ મુજબની વિગતોની માહિતી માંગેલ હતી જે પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઢોર ડબ્બામાં નિયુકત કરેલ સ્ટાફ ધ્વારા સમયાંતરે જરૂરિયાત અનુંસાર ચારો પશુદાણ આપવામાં આવે છે તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ ઢોર ડબ્બામાં ફરજ બજાવતાં કર્મચારીનું નામ અને હોદ્દો કે આ બાબતે કરવામાં આવેલ વ્યવસ્થા જણાવવામાં આવેલ ન હોય તે મુજબની માહિતી અરજદારને પુરી પાડવાની રહે છે.**મુદ્દા નં.૩** પરત્વે ઢોરને ૨૦ કલાક સુધી ચારો ન ખવડાવવામાં આવે તો કુઅલટી ટુ એનિમલ એકટની કલમ હેઠળ સજાની શું જોગવાઈ છે તે માહિતી ખાતાને લાગત જણાતી નથી તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જે મુદ્દાઓ બાબતે અરજદારે અપીલ અરજીમાં અસંતોષ વ્યકત કરેલ હોવાનું જણાતુ નથી. જેથી આ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. **મુદ્દા નં.૪ થી ૬** પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઢોર ડબ્બામાં નિયુકત કરેલ સ્ટાફ ધ્વારા સમયાંતરે જરૂરિયાત અનુસાર ચારો પશુદાણ આપવામાં આવે છે તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ જાહેર માહિતી અધિકારી સદર મુદ્દાઓ પૈકી ચારા માટે ઢોરડબ્બા દિઠ નિયુકત કરવામાં આવેલ કર્મચારીના નામો/આ બાબતે કરવામાં આવેલ વ્યવસ્થાની માહિતી આપી શકયા હોત તેમજ ઢોરના ચારા માટે ખરીદવામાં આવતા ચારામાં અંદાજીત ઢોર દીઠ જથ્થો ખરીદવામાં આવે છે તે માહિતી પણ આપી શકયા હોત જે આપી હોવાનું જણાતુ નથી. **મુદ્દા નં.૭ થી ૧૨** ની માહિતી બાબતની વિસ્તૃત હોવાનું જણાવી રેકર્ડ તપાસણી કરી જવા અંગેનો જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પ્રસ્તાવ આપવામાં આવેલ હોવાનું જણાય છે.**મુદ્દા નં.૧૩** ઢોર ડબ્બા માટેના સુરત મહાનગરપાલિકાના તમામ માર્કેટ વિભાગે અનુસરવાના થતા નીતિ નિયમોની નકલોની માંગણી કરેલ હતી,જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા તે મુજબની નકલો આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. **મુદ્દા નં.૧૪** આ માટે થયેલ ઠરાવની વિગતો અને ઢોરને મુકત કરવા માટે લેવાતા પૈસા નકકી કરવાની રીત બાબતે તે અંગેના નોટીફીકેશન તથા સામાન્ય સભાના ઠરાવ મુજબની કાર્યવાહી કરવામાં આવતી હોવાનું અરજદારને જણાવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૧ તા.૧૬/૦૫/૧૬ થી તા.૦૨/૦૬/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ,પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૨ તા.૧૬/૦૬/૧૬ થી તા.૨૪/૦૬/૧૬ ના રોજ સાંજે ૪:૩૫ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૪૧ તા.૧૨/૦૭/૧૬ થી તા.૧૮/૦૭/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) અને એપેલેટ ઓફિસર,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તેમ છતાં અરજદાર મજકુર ઉકત તમામ જણાવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા,પરંતુ માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ વતી તેઓના પ્રતિનિધિ શ્રી વાય એમ. સેવાલીયા (હેડ કલાર્ક) ઉપરોકત તમામ જણાવેલ તારીખ અને સમયે ઉકત જણાવેલ સ્થળે હાજર રહેલ હતાં.

આમ અરજદારની મુળ અરજી અપીલ અરજી પરત્વે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ(માર્કેટ)વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારની તા.૨૯/૦૩/૧૬ ની અરજી (આઈ.ડી.નં.૩૧૬૮) થી માંગવામાં આવેલ માહિતી સબબ અરજદારની અપીલ અરજીથી મુદ્દા નં.૧ તથા ૩ બાબતે મળેલ પ્રત્યુત્તરથી ઉકત વિગતે અરજદારે કોઈ અસંતોષ વ્યકત કરેલ હોવાનું જણાતુ નથી જેથી આ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.**મુદ્દા નં.૨** પરત્વે ઢોર ડબ્બામાં પૂરાયેલ ઢોરોને ચારા આપવા નિયુકત કરેલ કર્મચારીનું નામ/કરેલ વ્યવસ્થાની માહિતી અરજદારને આરટીઆઈ એક્ટની કલમ ૭(૬) હેઠળ અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૭ માં વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને માર્કેટ સુપ્રીન્ટેન્ડન્ટ(માર્કેટ વિભાગ) ને હુકમ કરવામાં આવે છે.**મુદ્દા નં.૪ થી ૫** પરત્વે ચારા માટે ઢોર ડબ્બા દીઠ નિયુકત કરવામાં આવેલ કર્મચારીઓના નામ/કરવામાં આવેલ વ્યવસ્થાની વિગત તથા ઢોરના ચારા માટે ખરીદવામાં આવતા ચારો જે આધારે/જે બાબતો ધ્યાને લઈને આપવામાં આવે છે તેની રેકર્ડ આધારીત વિગત તથા મુદ્દા નં.૬ બાબતે રેકડ આધારીત માહિતી જો ઉપલબ્ધ હોય તો તે માહિતી અરજદારને આરટીઆઈ એક્ટની કલમ ૭(૬) હેઠળ અત્રેની કચેરીની જાણ હેઠળં દિન–૭ માં વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને માર્કેટ સુપ્રીન્ટેન્ડન્ટ(માર્કેટ વિભાગ) ને જણાવવામાં આવે છે. **મુદ્દા.નં.૭ થી ૧૨** પરત્વેની જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ તપાસણી કરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ આપેલ હોય અરજદાર જો રેકર્ડ તપાસણી કરવા ઈચ્છુક હોય તો તે પ્રસ્તાવનો સ્વિકાર કરી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી આર.ટી.આઈ.એકટનાં વિનીમય ૫(ખ)૨ ની જોગવાઈ મુજબ રેકર્ડ તપાસણી કરી જરૂરીયાત પુરતી નકલ નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.**મુદ્દા નં.૧૩** પરત્વે ઢોર ડબ્બા માટેના સુરત મહાનગરપાલિકાના તમામ માર્કેટ વિભાગએ અનુસરવાના થતા નિતી નિયમોની માહિતી બાબતે ઢ ોર અપપ્રવેશ અધિનિયમ ૧૮૭૧ની લાગત કલમોની કોપી અરજદાર મજકુરને આરટીઆઈ એક્ટની કલમ ૭(૬) હેઠળ અત્રેની કચેરીની જાણ હેઠળં દિન–૭ માં વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને માર્કેટ સુપ્રીન્ટેન્ડન્ટ(માર્કેટ વિભાગ) ને જણાવવામાં આવે છે.જયારે **મુદ્દા નં.૧૪** પરત્વે અરજદારશ્રીએ ઠરાવની વિગત તથા ઢોરોને મુકત કરવા અંતે લેવાતા પૈસા નકકી કરવાની રીત અંગેની માહિતી પુરી પાડવા જણાવેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તર પાઠવેલ છે જે ઉચિત જણાય છે,પરંતુ અપીલ તબકકે અરજદારે ઠરાવની નકલ આપવા જણાવેલ છે જે પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય મજકુર અરજદાર તે બાબતે અલાયદી અરજી કરી તેવી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧, બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/9/2016. Dt.06/05/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી અરૂણ એસ પાઠક.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૭/૦૨/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૮૭૪/૬૦૦/૬૧૨૫) થી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક,સાઉથ (ઉધના)ઝોનના પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/આરટીઆઈ/આઉટ/૧૦૩ તા.૨૩/૦૨/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજર (સો.વે.મે.વિભાગ) પ્રતિ આંશિક તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી (૧) સાઉથ ઝોન ધ્વારા ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે સને ૨૦૧૫–૧૬ માં બહાર પાડેલ ટેન્ડરો તથા તેના નીતિ નિયમોની એટેસ્ટેડ નકલો આપશો તથા બહાર પાડેલા ટેન્ડરના જાહેરાત માટે કરેલ કાર્યવાહીઓની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર માહિતી વિગેરે બાબતે કુલ–૯ મુદ્દાઓ બાબતે માહિતી માંગેલ હતી.ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગને લાગત મુદ્દા.નં.૧,૨,૭ તથા ૮ પરત્વે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર બાબતે દિન–૩૦ ની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેમજ તે આધારો વગરની અધુરી અને ખોટી માહિતી પુરી પાડેલ હોય સાચી અને આધારો સાથેની વિનામુલ્યે માહિતી પુરી પાડવામાં આવે તેમ જણાવી નારાજ થઈ તા.૦૩/૦૫/૧૬ના રોજ અપીલ અધિકારી અને નાયબ કમિશ્નર (હે અને હો), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૬/૦૫/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સો.વે.મે.)વિભાગ તરફથી સો.વે.મે.વિભાગને લાગત મુદ્દા.નં.૧,૨,૭ તથા ૮ પરત્વેની માહિતી પત્ર.નં.પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/૧૨૫ તા.૦૮/૦૩/૨૦૧૬ થી અરજદારને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જે અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી અંગેની નારાજગી સંદર્ભે અરજદારની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૫ તા.૦૭/૦૫/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ વિભાગ) પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને અરજદાર તરફથી અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ)વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./ આરટીઆઈ/૧૫ તા.૧૮/૦૫/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૪ તા.૧૬/૦૫/૧૬ થી તા.૦૨/૦૬/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૪ તા.૧૬/૦૬/૧૬ થી તા.૨૪/૦૬/૧૬ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે તેમજ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૭ તા.૦૧/૦૭/૧૬ થી તા.૦૮/૦૭/૧૬ ના રોજ સાંજે ૪:૧૫ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને એપેલેટ ઓફિસર,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, પરંતુ ઉકત તમામ તારીખ અને સમયે અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા જયારે ઉકત તમામ તારીખ અને સમયે સોલીડ વેસ્ટ મનેજમેન્ટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી હાજર રહેલ હતાં.

આમ અરજદારની મુળ અરજી અપીલ અરજી પરત્વે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની તા.૧૭/૦૨/૧૬ ની અરજી (આઈ.ડી.નં.૮૭૪/૬૦૦/૬૧૨૫) થી માંગવામાં આવેલ માહિતી પરત્વે જણાવવાનું કે, આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મનેજમેન્ટ ધ્વારા ખાતાને આંશીક લાગત મુદ્દા.નં.૧,૨,૭ તથા ૮ પરત્વે અરજદારને માહિતી પુરી પાડેલ હોય અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી હોવાનું જણાતું ન હોય, અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૭/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/10/2016. Dt.06/05/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી અરૂણ એસ પાઠક.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૨/૦૨/૧૬ ની આરટીઆઈ એક્ટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.પ૨૬) થી જાહેર માહિતી અધિકારી અને સીનીયર ચીફ સેનેટરી ઈન્સ્પેક્ટર, સાઉથ ઈસ્ટ ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/આરોગ્ય/આ.નં./૧૮૦૨ તા.૦૮/૦૩/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજર (સો.વે.મે.વિભાગ) , જુની ઝોન ઓફિસ, તાડવાડી , સુરત પ્રતિ આંશિક તબદીલ કરવામાં આવેલ હતી.જે અરજી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને તા.૧૦/૦૩/૧૬ના રોજ પ્રાપ્ત થયેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી (૧) સાઉથ ઝોન ધ્વારા ડોર ટુ ડોર કચરાના નિકાલ માટે સને ૨૦૧૫–૧૬ માં બહાર પાડેલ ટેન્ડરો તથા તેના નીતિ નિયમોની એટેસ્ટેડ નકલો આપશો તથા બહાર પાડેલા ટેન્ડરના જાહેરાત માટે કરેલ કાર્યવાહીઓની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર માહિતી વિગેરે બાબતે કુલ–૯ મુદ્દાઓ બાબતે માહિતી માંગેલ હતી.ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગને લાગત મુદ્દા.નં.૧,૨,૭ તથા ૮ પરત્વે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર બાબતે દિન–૩૦ ની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેમજ તે આધારો વગરની અધુરી અને ખોટી માહિતી પુરી પાડેલ હોય સાચી અને આધારો સાથેની વિનામુલ્યે માહિતી પુરી પાડવામાં આવે તેમ જણાવી નારાજ થઈ તા.૦૩/૦૫/૧૬ના રોજ અપીલ અધિકારી અને નાયબ કમિશ્નર (હે અને હો), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૬/૦૫/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત વિગતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સો.વે.મે.)વિભાગ તરફથી સો.વે.મે.વિભાગને લાગત મુદ્દા.નં.૧,૨,૭ તથા ૮ પરત્વેની માહિતી પત્ર.નં.પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/૧૩૧ તા.૧૭/૦૩/૨૦૧૬ થી અરજદારને સમયમર્યાદા બાદ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જે અનુસંધાને પુરી પાડવામાં આવેલ માહિતી અંગેની નારાજગી સંદર્ભે અરજદારની અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–પ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૫ તા.૦૭/૦૫/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ વિભાગ) પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને અરજદાર તરફથી અપીલ અરજી પરત્વેની નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મેનેજમેન્ટ)વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./ આરટીઆઈ/૧૫ તા.૧૮/૦૫/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૪ તા.૧૬/૦૫/૧૬ થી તા.૦૨/૦૬/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૪ તા.૧૬/૦૬/૧૬ થી તા.૨૪/૦૬/૧૬ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે તેમજ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૭ તા.૦૧/૦૭/૧૬ થી તા.૦૮/૦૭/૧૬ ના રોજ સાંજે ૪:૧૫ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને એપેલેટ ઓફિસર,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, પરંતુ ઉકત તમામ તારીખ અને સમયે અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા, જયારે ઉકત તમામ તારીખ અને સમયે સોલીડ વેસ્ટ મનેજમેન્ટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી હાજર રહેલ હતાં.

આમ અરજદારની મુળ અરજી અપીલ અરજી પરત્વે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૧૨/૦૨/૧૬ ની અરજી (આઈ.ડી.નં.પ૨૬) થી માંગવામાં આવેલ માહિતી પરત્વે જણાવવાનું કે, આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મનેજમેન્ટ ધ્વારા ખાતાને આંશીક લાગત મુદ્દા.નં.૧,૨,૭ તથા ૮ પરત્વે અરજદારને માહિતી પુરી પાડેલ હોય અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી હોવાનું જણાતું ન હોય અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મનેજમેન્ટ) વિભાગ ધ્વારા સમયમર્યાદા બાદ અરજીનો નિકાલ કરેલ હોય ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા આથી તાકીદ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૭/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/20/2016. Dt.20/06/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદારની આરટીઆઈની તા.૧૦/૦૨/૧૬(આઈ.ડી.નં.૬૧૨)ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક મઘ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૬૧૨ તા.૧૨/૦૨/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફીસર પ્રતિ તબદીલ કરવામાં આવેલ અરજીથી જણાવેલ વિગતે ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓએ ગુજરાત રાજય સેવા વતર્ણુક નિયમો ૧૯૭૧ નું અક્ષરશઃ પાલન કરવાનું હોય છે, તમામ જાહેર સેવકોના મેળવેલ તમામ ફોર્મ જે નિયત સમયમર્યાદામાં દરેક સરકારી કચેરીમાં જમા કરાવવાના હોય છે તે અંગેની તમામ પ્રમાણિત દસ્તાવેજોની માંગ્યા મુજબની માહિતી સોંગદનામા સાથેની આપવી(ગીફટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી, જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો ઉપરોક્ત તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો વિગેરે બાબતે કુલ–પ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.અરજદારની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઘ્વારા ફુડ વિભાગને લાગત મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી ઘ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે અરજદાર મજકુરએ તેઓની આરટીઆઈની અરજી પરત્વેની માહિતી બાબતે વિવિધ જાહેર માહિતી અધિકારીઓ ઘ્વારા માંગેલ માહિતી સ્પષ્ટ, પુરેપુરી માંગ્યા મુજબની માહિતીઓ ન આપી ઈરાદાપુર્વક સેવામાં ખામી અને બેદરકારી દાખવી માહિતી મેળવવાના અધિકારમાં અવરોધ પેદા કરેલ હોય માંગ્યા મુજબની માહિતી અધિનિયમની કલમ–૭(૬) અન્વયે વિનામુલ્યે અપાવવાનું જણાવી નારાજ થઈ સંબંધિત ૭૨ વિભાગના જાહેર માહિતી માટેના અપીલ અધિકારીઓશ્રીને ઉદ્દેશીને તા.૦૭/૦૬/૨૦૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અપીલ અરજી આરોગ્ય મહેકમ વિભાગને તા.૨૦/૦૬/૧૬ થી તા.૧૪/૦૭/૨૦૧૬ દરમ્યાન પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારની આરટીઆઈ ની તા.૧૦/૦૨/૧૬ (આઈ.ડી.નં.૬૧૨)પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ) ઘ્વારા **મુદ્દા.નં.૧** પરત્વેની માંગેલ માહિતી બાબતે ફુડ ખાતામાં ફરજ બજાવતા કર્મચારીઓના નામે અથવા તેઓના કુટુંબ કોઈ વ્યકિતના નામે ખરીદેલ મિલ્કતોની માહિતી મઘ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ હોય ફુડ ખાતામાં તેવા કોઈપણ કર્મચારીઓની માહિતી ઉપલબ્ધ નથી તેમ જણાવવામાં આવેલ હોવાનું જણાય છે.**મુદ્દા નં.૨** પરત્વે ફુડ વિભાગમાં વર્ગ–૨ના કોઈ અધિકારી ફરજ બજાવતા નથી તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,તથા **મુદ્દા નં.૩ થી ૪** ની માહિતી ફુડ વિભાગને લાગત ન હોવાનું જણાવેલ છે.

વધુમાં અરજદાર મજકુર ઘ્વારા તેઓની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ ઉકત આરટીઆઈની અરજી પરત્વે મળેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીની હાજરીમાં સુનાવણી રાખી કાર્યવાહી કરવા જણાવેલ હોય,આમ બંને પક્ષોની રજુઆત ઘ્યાને લેવાના હેતુસર અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર પ્રતિ અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૦ તા.૨૭/૦૭/૧૬ થી અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારી ,સુરત મહાનગરપાલિકાની આરોગ્ય મુખ્ય કચેરી, મુગલીસરા ખાતે તા.૦૫/૦૮/૨૦૧૬ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી રૂબરૂ સુનાવણી અર્થે ઉકત તારીખ અને સમયે હાજર રહેલ હતા,પરંતુ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા.

આમ અરજદારની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની આરટીઆઈ ની તા.૧૦/૦૨/૧૬ ની અરજી (આઈ.ડી.નં.૬૧૨)પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ઘ્વારા ફુડ વિભાગને લાગત મુદ્દાઓની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારીઓ ઘ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાતો હોય આ બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી જણાતી ન હોય,અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/20/2016. Dt.20/06/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ.

સામાવાળા :–૧) જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી/જુની.મેડીકલ ઓફિસર/મેડીકલ ઓફિસર/લેડી મેડીકલ ઓફિસરશ્રી (અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ/અર્બન હેલ્થ સેન્ટર) સુરત મહાનગરપાલિકા.

૨)જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.આરોગ્ય અધિકારીશ્રી (લેપ્રસી કંટ્રોલ યુનીટ) સુરત મહાનગરપાલિકા.

૩) જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ) સુરત મહાનગરપાલિકા.

૪) મદદ.જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્પેકટરશ્રી (વેકસીન વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આરટીઆઈની તા.૧૦/૦૨/૧૬(આઈ.ડી.નં.૬૧૨)ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૬૧૨ તા.૧૨/૦૨/૧૬ થી વિવિધ જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ,જે અરજીથી જણાવેલ વિગતે ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓએ ગુજરાત રાજય સેવા વતર્ણુક નિયમો ૧૯૭૧ નું અક્ષરશઃ પાલન કરવાનું હોય છે, તમામ જાહેર સેવકોના મેળવેલ તમામ ફોર્મ જે નિયત સમયમર્યાદામાં દરેક સરકારી કચેરીમાં જમા કરાવવાના હોય છે તે અંગેની તમામ પ્રમાણિત દસ્તાવેજોની માંગ્યા મુજબની માહિતી સોંગદનામા સાથેની આપવી(ગીફટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી, જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો ઉપરોકત તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો વિગેરે બાબતે કુલ–પ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.અરજદારની અરજીના અનુસંધાને સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ ધ્વારા તેઓના વિભાગને લાગત મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે અરજદાર મજકુરએ તેઓની આરટીઆઈની અરજી પરત્વેની માહિતી બાબતે વિવિધ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા માંગેલ માહિતી સ્પષ્ટ, પુરેપુરી માંગ્યા મુજબની માહિતીઓ ન આપી ઈરાદાપુર્વક સેવામાં ખામી અને બેદરકારી દાખવી માહિતી મેળવવાના અધિકારમાં અવરોધ પેદા કરેલ હોય માંગ્યા મુજબની માહિતી અધિનિયમની કલમ–૭(૬) અન્વયે વિનામુલ્યે અપાવવાનું જણાવી નારાજ થઈ સંબંધિત ૭૨ વિભાગના જાહેર માહિતી માટેના અપીલ અધિકારીઓશ્રીને ઉદ્દેશીને તા.૦૭/૦૬/૨૦૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અપીલ અરજી આરોગ્ય મહેકમ વિભાગને તા.૨૦/૦૬/૧૬ થી તા.૧૪/૦૭/૨૦૧૬ દરમ્યાન પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારની આરટીઆઈ ની તા.૧૦/૦૨/૧૬ (આઈ.ડી.નં.૬૧૨)પરત્વે **(૧)**જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી/જુની.મેડીકલ ઓફિસર/મેડીકલ ઓફિસર/લેડી મેડીકલ ઓફિસરશ્રી (અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ/અર્બન હેલ્થ સેન્ટરો ધ્વારા લાગત **મુદ્દા.નં.૧** પરત્વેની " જુદા–જુદા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ/અર્બન હેલ્થ સેન્ટર વિભાગ ખાતે ફરજ બજાવતાં કર્મચારીઓની સ્થાવર અસ્કયામત ફોર્મ મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે, આથી આ માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી મળી શકે અને તે માટે આપની સદર અરજી જાહેર માહિતી અધિકારીને આપની જાણ હેઠળ તબદીલ થયેલ છે જ,તથા ગીફટ વિગેરે બાબતે કોઈ માહિતી મંગાવવામા આવેલ ન હોય અત્રેના કોઈ પણ અધિકારી/કર્મચારી ધ્વારા એવી માહિતી/ફોર્મ રજુ કરવામાં આવેલ નથી " તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.**મુદ્દા નં.૨** પરત્વે જુદા–જુદા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ/અર્બન હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતાં તેઓના ચુંટણી/ઓળખપત્ર અંગેની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ જણાતી નથી,પરંતુ સદર અધિકારીશ્રીઓના સરનામાંની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal. gov.in ઉપર Employee Details ઉપર પ્રસિધ્ધ કરવામા આવેલ છે,જે અંગે આપ નિરીક્ષણ કરી જરૂરી માહિતી મેળવી લેવા અથવા તેની નકલ જો મેળવવા ઈચ્છુક હોવ તો તે નિયત ભરપાઈ કર્યેથી તુરંત માહિતી પુરી પાડવામાં આવશે તે મુજબનો પ્રત્યુત્તર અરજદાર મજકુરને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.તેમજ **મુદ્દા નં.૩ તથા ૪** ની માહિતી અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ/અર્બન હેલ્થ સેન્ટરોને લાગત ન હોવાનું જણાવેલ હોવાનું જણાય છે, તે મુજબની માહિતી જુદા–જુદા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ/અર્બન હેલ્થ સેન્ટરના જાહેર માહિતી અધિકારી ધ્વારા અલગ અલગ પત્રોથી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

***૨)*** જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.આરોગ્ય અધિકારીશ્રી(લેપ્રસી કંટ્રોલ યુનીટ) ધ્વારા લાગત **મુદ્દા.નં.૧** પરત્વેની લેપ્રસી કંટ્રોલ યુનીટ ખાતે ફરજ બજાવતાં કર્મચારીઓની સ્થાવર અસ્કયામત ફોર્મ મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે આથી આ માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી મળી શકે અને તે માટે આપની સદર જાહેર માહિતી અધિકારીને આપની જાણ હેઠળ તબદીલ થયેલ છે જ,તથા ગીફટ વિગેરે બાબતે કોઈ માહિતી મંગાવવામા આવેલ ન હોય અત્રેના કોઈ પણ અધિકારી/કર્મચારી ધ્વારા એવી માહિતી/ફોર્મ રજુ કરવામાં આવેલ નથી તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.**મુદ્દા નં.૨** પરત્વે લેપ્રસી કંટ્રોલ યુનીટમાં ફરજ બજાવતાં મેડીકલ ઓફિસરની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,તેઓના ચુંટણી/ઓળખપત્ર અંગેની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ જણાતી નથી,પરંતુ સદર અધિકારીશ્રીઓના સરનામાંની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal. gov.in ઉપર Employee Details ઉપર પ્રસિધ્ધ કરવામા આવેલ છે,જે અંગે આપ નિરીક્ષણ કરી જરૂરી માહિતી મેળવી શકો છો,અથવા જેની નકલ જો અરજદાર મેળવવા ઈચ્છુક હોય તો તે નિયત રકમ સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કર્યેથી તુરંત માહિતી પુરી પાડવામાં આવશે તે મુજબનો પ્રત્યુત્તર અરજદાર મજકુરને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.તેમજ મુદ્દા નં.૩ તથા ૪ ની માહિતી લેપ્રસી કંટ્રોલ યુનીટને લાગત ન હોવાનું જણાવેલ હોવાનું જણાવેલ છે,

**(૩)** જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ) ધ્વારા **મુદ્દા.નં.૧** પરત્વેની માંગેલ માહિતી બાબતે માર્કેટ ખાતામાં ફરજ બજાવતા કર્મચારીઓના નામે અથવા તેઓના કુટુંબ કોઈ વ્યકિતના નામે ખરીદેલ મિલ્કતોની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ હોય માર્કેટ ખાતામાં તેવા કોઈપણ કર્મચારીઓની માહિતી ઉપલબ્ધ નથી તેમ જણાવવામાં આવેલ હોવાનું જણાય છે.**મુદ્દા નં.૨** પરત્વે વર્ગ–રના અધિકારીની અસ્કયામતના ફોર્મની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાં મોકલવામાં આવેલ છે તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૩ તથા ૪ ની માહિતી માર્કેટ ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે.

(૪) મદદ.જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્પેકટરશ્રી (વેકસીન વિભાગ) ધ્વારા મુદ્દા નં.૧ થી ૪ ની માંગેલ રેકર્ડ આધારીત માહિતી '' નીલ '' હોવાનું જણાવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

વધુમાં અરજદાર મજકુર ધ્વારા તેઓની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ ઉકત આરટીઆઈની અરજી પરત્વે મળેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીની હાજરીમાં સુનાવણી રાખી કાર્યવાહી કરવા જણાવેલ હોય,આમ બંને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર અરજદાર તથા જાહેર માહિતી અધિકારી એટલે કે પ્રતિવાદી નં.૧ થી ૪ ને અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૧ તા.૨૭/૦૭/૧૬ થી અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ),સુરત મહાનગરપાલિકાની આરોગ્ય મુખ્ય કચેરી, મુગલીસરા ખાતે તા.૦૫/૦૮/૨૦૧૬ના રોજ સાંજે ૦૪.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી એટલે કે પ્રતિવાદી નં.૧ થી ૪ રૂબરૂ સુનાવણી અર્થે ઉકત તારીખ અને સમયે હાજર રહેલ હતા,પરંતુ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા.

આમ અરજદારની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી એટલે કે પ્રતિવાદી નં.૧ થી ૪ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની આરટીઆઈ ની તા.૧૦/૦૨/૧૬ની અરજી (આઈ.ડી.નં.૬૧૨)પરત્વે જાહેર માહિતી અધિકારી એટલે કે પ્રતિવાદી નં.૧ થી ૪ ધ્વારા તેઓના વિભાગોને લાગત મુદ્દાઓની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ ઉકત વિગતે જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાય છે. વધુમાં મુદ્દા નં.૨ પરત્વે જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર અધિકારીશ્રીઓના સરનામાની માહિતી પ્રસિધ્ધ કરેલ હોય નિરીક્ષણ કરી માહિતી મેળવી શકો છો એમ જણાવી વિકલ્પે નિયત ફી ભરપાઈ કરી માહિતી પુરી પાડવા પ્રસ્તાવ રજુ કરેલ હોય અરજદાર જો ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરવામાં આવેલ પ્રસ્તાવ સ્વિકારી નિયમોનુંસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. આમ આ બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય , અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/20/2016. Dt.20/06/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

**અરજદાર :–** શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ.

**સામાવાળા :–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય મહેકમવિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આરટીઆઈની તા.૧૦/૦૨/૧૬(આઈ.ડી.નં.૬૧૨)ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મઘ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૬૧૨ તા.૧૨/૦૨/૧૬ થી વિવિધ જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ, જે અરજીથી ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓએ ગુજરાત રાજય સેવા વતર્ણુંક નિયમો ૧૯૭૧ નું અક્ષરશઃ પાલન કરવાનું હોય છે તમામ જાહેર સેવકોના મેળવેલ તમામ ફોર્મ જે નિયત સમયમર્યાદામાં દરેક સરકારી કચેરીમાં જમા કરાવવાના હોય છે તે અંગેની તમામ પ્રમાણિત દસ્તાવેજોની માહિતી માંગ્યા મુજબની માહિતી સોંગદનામા સાથેની આપવી(ગીફટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો ઉપરોકત તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો વિગેરે બાબતે કુલ–૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.અરજદારની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઘ્વારા આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી ઘ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે અરજદાર મજકુરએ તેઓની આરટીઆઈની અરજી પરત્વેની માહિતી બાબતે વિવિધ જાહેર માહિતી અધિકારીઓ ઘ્વારા માંગેલ માહિતી સ્પષ્ટ,પુરેપુરી માંગ્યા મુજબની માહિતીઓ ન આપી ઈરાદા પુર્વક સેવામાં ખામી અને બેદરકારી દાખવી માહિતી મેળવવાના અમારા અધિકારમાં અવરોધ પેદા કરેલ હોય માંગ્યા મુજબની માહિતી અધિનિયમની કલમ–૭(૬) અન્વયે વિનામુલ્યે અપાવવાનું જણાવી નારાજ થઈ સંબંધિત ૭૨ વિભાગના જાહેર માહિતી માટેના અપીલ અધિકારીઓશ્રીને ઉદ્દેશીને તા.૦૭/૦૬/૨૦૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અપીલ અરજી આરોગ્ય મહેકમ વિભાગને તા.૨૨/૦૬/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારની આરટીઆઈ ની તા.૧૦/૦૨/૧૬ (આઈ.ડી.નં.૬૧૨)પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ) વિભાગ ઘ્વારા આરોગ્ય મહેકમ વિભાગને લાગત **મુદ્દા.નં.૧** પરત્વેની આરોગ્ય મહેકમ વિભાગ ખાતે ફરજ બજાવતાં કર્મચારીઓની સ્થાવર અસ્કયામત ફોર્મ મઘ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે.આથી આ માહિતી મઘ્યસ્થ મહેકમ વિભાગમાંથી મળી શકે અને તે માટે આપની સદર જાહેર માહિતી અધિકારીને આપની જાણ હેઠળ તબદીલ થયેલ છે જ,તથા ગીફટ વિગેરે બાબતે કોઈ માહિતી મંગાવવામા આવેલ ન હોય અત્રેના કોઈ પણ અધિકારી/કર્મચારી ઘ્વારા એવી માહિતી/ફોર્મ રજુ કરવામાં આવેલ નથી તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.**મુદ્દા નં.૨** પરત્વે અત્રેના વિભાગ હસ્તકના પે સેન્ટર ઉપર વર્ગ–૧ ની કક્ષામાં આરોગ્ય અધિકારી તરીકે ડો.આશિષ કે.નાયક તથા વર્ગ–૨ ની કક્ષામાં પર્સોનેલ ઓફિસર તરીકે કુ.પારૂલ જે.રાણા ફરજ બજાવે છે. તેઓના ચુંટણી/ઓળખપત્ર અંગેની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ જણાતી નથી,પરંતુ સદર અધિકારીશ્રીઓના સરનામાંની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal. gov.in ઉપર Employee Details ઉપર પ્રસિઘ્ધ કરવામા આવેલ છે,જે અંગે આપ નિરીક્ષણ કરી જરૂરી માહિતી મેળવી શકો છો,અથવા જેની નકલ જો આપ મેળવવા ઈચ્છુક હોવ તો તે કુલ–૦૨ પાનામાં આપને પુરી પાડવાની થતી હોય પ્રતિ નકલ દિઠ રૂા.૨/–લેખે રૂા.૦૪/– (અંકે રૂા.ચાર પુરા) સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કર્યેથી તુરંત માહિતી પુરી પાડવામાં આવશે તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.તેમજ મુદ્દા નં.૩ તથા ૪ ની માહિતી આરોગ્ય મહેકમ વિભાગને લાગત ન હોવાનું જણાવેલ હોવાનું જણાય છે. ઉકત મુદ્દાઓની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય મહેકમ વિભાગ ઘ્વારા પત્ર.નં.પીએચડી/ પીઓ/ આરટીઆઈ/૨૩૫ તા.૦૨/૦૩/૨૦૧૬ થી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.વધુમાં અરજદાર મજકુર ઘ્વારા તેઓની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ ઉકત આરટીઆઈની અરજી પરત્વે મળેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીની હાજરીમાં નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદામાં સુનાવણી રાખી કાર્યવાહી કરવા જણાવેલ હોય બંને પક્ષોની રજુઆત ઘ્યાને લેવાના હેતુસર અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ)ને પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ અપીલ/ ૪૭ તા.૨૫/૦૭/૧૬થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય મહેકમ) સમક્ષ અસારાવાલા હોસ્પીટલ અને મેટરનીટી હોમના બીજા માળે,સૈયદપુરા,સુરત ખાતે તા.૨૯/૦૭/૨૦૧૬ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતુ, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ) રૂબરૂ સુનાવણી અર્થે ઉકત તારીખ અને સમયે હાજર રહેલ હતા, પરંતુ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા.

આમ અરજદારની મુળ અરજી અપીલ અરજીની કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (આરોગ્ય મહેકમ)તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની આરટીઆઈ ની તા.૧૦/૦૨/૧૬ (આઈ.ડી.નં.૬૧૨)પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (આરોગ્ય મહેકમ) વિભાગ ધ્વારા આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દા.નં.૧ તથા ૨ પરત્વેની માહિતી પત્ર.નં.પીએચડી/ પીઓ/ આરટીઆઈ/૨૩૫ તા.૦૨/૦૩/૨૦૧૬ થી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાતો હોય તે અંગે વધારાની કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી. વધુમાં મુદ્દા નં.૨ પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર અધિકારીશ્રીઓના સરનામાની માહિતી પ્રસિધ્ધ કરેલ હોય નિરીક્ષણ કરી માહિતી મેળવી શકો છો એમ જણાવી વિકલ્પે નિયત ફી ભરપાઈ કરી માહિતી પુરી પાડવા પ્રસ્તાવ રજુ કરેલ હોય અરજદાર જો ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરવામાં આવેલ પ્રસ્તાવ સ્વિકારી નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની રહેતી ન હોય,અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.વધુમાં ઉપરોકત હુકમ અન્ય ખાતા / જાહેર સત્તા મંડળ પાસેથી માહિતી મેળવીને કરવામાં આવેલ હોય દિન—૩૦ ની મર્યાદામાં હુકમ થઈ શકેલ નથી જે જાણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦—એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

## સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/28/2016. Dt.02/07/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી જયેશભાઈ હસમુખભાઈ પટેલ.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૭/૦૪/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૪૮) થી જાહેર માહિતી અધિકારીશ્રી મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ (આરોગ્ય વિભાગ)ને ઉદ્દેશીને કરેલ અરજી ફુડ વિભાગને પ્રાપ્ત થયેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી સુરત શહેરના રાંદેર રોડના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ "ટેસ્ટી રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ" નામની હોટલનું લાયસન્સ અન્ડર ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓફ ઈન્ડિયા ધ્વારા લાયસન્સ અન્ડર FSS Act ધ્વારા લાયસન્સ નંબર ૧૦૭૧૨૦૨૧૦૦૧૧૮૧ તા.૦૧/૦૨/૨૦૧૩ વાળુ લાયસન્સ તથા તે પહેલાનું આપવામાં આવેલ લાયસન્સ ધી ગુજરાત પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન રૂલ્સ ધ ૧૯૬૧ અન્વયે લાયસન્સ નં.PFA/WZ/05/204 તા.૦૮/૦૮/૨૦૧૧ કેવી રીતે અને કોની સહીથી મેળવવામાં આવેલ તેની વિગતો આપવી તથા કયા દસ્તાવેજી પુરાવાઓને આધારે મેળવવામાં આવેલ તેની વિગતો સહિ સિક્કાવાળી નકલો વિગેરે બાબતે કુલ–૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૪૦૨, તા.૧૨/૦૫/૨૦૧૬ થી અરજદારને સમયમર્યાદા બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ,સદર મળેલ માહિતી પુરેપુરી સાચી પુરી પાડેલ ન હોવાનું જણાવી નારાજ થઈ આરોગ્ય અધિકારી અને પ્રથમ અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૨/૦૭/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત વિગતે અરજદારની અરજીના **મુદ્દા નં.૧** બાબતે સુરત શહેરના રાંદેર રોડના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ "ટેસ્ટી રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ" નામની હોટલનું લાયસન્સ અન્ડર ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓફ ઈન્ડિયા ધ્વારા લાયસન્સ અન્ડર FSS Act ધ્વારા લાયસન્સ નંબર ૧૦૭૧૨૦૨૧૦૦૧૧૮૧, તા.૦૧/૦૨/૨૦૧૩ વાળુ લાયસન્સ તથા તે પહેલાનું આપવામાં આવેલ લાયસન્સ ધી ગુજરાત પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન રૂલ્સ ધ ૧૯૬૧ અન્વયે લાયસન્સ નં.PFA/WZ/05/204 તા.૦૮/૦૮/૨૦૧૧ કેવી રીતે અને કોની સહીથી મેળવવામાં આવેલ તેની વિગતો આપવી તથા કયા દસ્તાવેજી પુરાવાઓને આધારે મેળવવામાં આવેલ તેની વિગતોની સહિ સિક્કાવાળી નકલોની માંગણી કરેલ હતી, જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ફકત લેખીતમાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ લાયસન્સ કેવી રીતે અને કોની સહીથી મેળવવામાં આવેલ તેની વિગતો તથા કયા દસ્તાવેજી પુરાવાઓને આધારે મેળવવામાં આવેલ તેની સહિ સિક્કાવાળી નકલો પુરી પાડવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થતું નથી. **મુદ્દા નં.૨** બાબતે "ટેસ્ટી રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ" નામની હોટલનું લાયસન્સ અન્ડર ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓફ ઈન્ડિયા ધ્વારા લાયસન્સ અન્ડર એફ.એસ.એસ. એકટ ધ્વારા લાયસન્સ નંબર ૧૦૭૧૨૦૨૧૦૦૧૧૮૧, તા.૦૧/૦૨/૨૦૧૩ વાળુ લાયસન્સ કયારે પૂરૂ/સમાપ્ત થાય છે તેની વિગતો તથા સદર લાયસન્સ રીન્યુ કરવા, નવુ લાયસન્સ મેળવવા કોઈ અરજી આવેલ હોય તો તેવી અરજીની વિગતો તથા નકલો અને તેની સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓની વિગતોની માહિતીની માંગણી કરેલ હતી, જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ છે તથા **મુદ્દા નં.૩** બાબતે "ટેસ્ટી રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ" નામની હોટલનું લાયસન્સ અન્ડર ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓફ ઈન્ડિયા ધ્વારા લાયસન્સ અન્ડર એફ.એસ.એસ. એકટ ધ્વારા લાયસન્સ નંબર ૧૦૭૧૨૦૨૧૦૦૧૧૮૧ તા.૦૧/૦૨/૨૦૧૩ વાળુ લાયસન્સની અવધિ અગર પુરી થઈ ગયેલ હોય તો આજની તારીખે સદર "ટેસ્ટી રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ" વાળી હોટલ ચાલુ છે કે બંધ તેની વિગતો તથા જો બંધ કરવાનો આદેશ આપવામાં આવેલ હોય તો હુકમની નકલ અથવા તો ચાલુ રાખવાનો આદેશ આપવામાં આવેલ હોય તો તેવા હુકમની નકલોની માંગણી કરેલ હતી, જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રીએ માંગેલ માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તે મુજબનો પ્રત્યુત્તર આપવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.૨ તથા ૩ બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પુરી પાડેલ માહિતી આરટીઆઈની કલમ ૨(એફ),૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ યોગ્ય જણાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી પરત્વે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારની તા.૦૭/૦૪/૧૬ની અરજી (આઈ.ડી.નં.૪૮) થી માંગવામાં આવેલ **મુદ્દા.નં.૧** પરત્વે સુરત શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ "ટેસ્ટી રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ" નામની હોટલનું લાયસન્સ બાબતે તે અંગેના મુદતની વિગતો તથા તબદીલ કર્યા બાબતે તેમજ કયા કયા પુરાવાઓને આધારે લાયસન્સ આપેલ છે તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ તે અંગેની અરજદારે માંગેલ સહી સિક્કાવાળી નકલો આપવામાં આવેલ હોવાનુ ઉકત વિગતે સ્પષ્ટ થતું ન હોય જો તેઓને સદર માહિતી પુરી પાડવામાં આવેલ ન હોય તો તે માહિતી તેમજ તે સિવાયની મુદ્દા.નં.૧ બાબતની ઉપલબ્ધ કોઈ માહિતી આપવાની બાકી રહેતી હોય તો તે માહિતી પણ અરજદારને આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૭ માં વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ) ને જણાવવામાં આવે છે.જયારે અરજીના **મુદ્દા.નં.૨** તથા **મુદ્દા.નં.૩** પરત્વે આરટીઆઈની કલમ–૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ફુડ વિભાગ ધ્વારા અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય જણાય છે.વધુમાં અરજદારે અપીલ તબકકે જણાવેલ છે કે, લાયસન્સની અવધિ પુરી થયેલ તો જે હોટલ ધારકને તે અંગે નોટીસ આપવા અને રીન્યુઅલ ન થયેલ હોય તો તે બંધ કરાવવા બાબતની રજુઆત ફરીયાદ લક્ષી જણાય છે આથી અરજદાર આ બાબતે સક્ષમ સત્તા સમક્ષ ફરીયાદ/ રજુઆત કરવા સ્વતંત્ર છે.

આમ ઉપરોકત વિગતે અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ)ને ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૦૮/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/33/2016. Dt.18/07/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી ધર્મેશભાઈ રમેશચંદ્ર સાદડીવાલા.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી(આરોગ્ય વિભાગ)સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૯/૦૬/૧૬ની આરટીઆઈ એક્ટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૫૭૧)ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી.,નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સીઝેડ/આઉટ/૫૭૧ તા.૧૦/૦૬/૧૬ થી ડે.એકાઉન્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી આરોગ્ય ખાતાને તબદીલ કરવામાં આવેલ હતી. જે અરજીથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાંથી એટલે કે તા.૦૨/૦૫/૧૬ના રોજ મોકલવામાં આવેલ ઈ.એમ.ડી.ના રીપોર્ટસ નાયબ હિસાબનીશશ્રી આરોગ્ય વિભાગએ ૧૮ દિવસ સુધી કયા કારણસર કાર્યવાહી વિના પડતર રાખવામાં આવેલ છે વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરતી અરજી કરેલ હતી.જે અરજી પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજી રજુ કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ જવાબ મળેલ નથી તેમ જણાવી નારાજ થઈ અપીલ સત્તાધિકારી અને આરોગ્ય અધિકારીશ્રીને ઉદ્દેશીને તા.૧૫/૦૭/૧૬ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે.જે અત્રે તા.૨૮/૦૭/૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત બાબતે હકીકત એવી છે કે ઉકત આરટીઆઈની અરજીના અનુસંધાને અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૪૬ તા.૨૧/૦૭/૧૬ થી અરજદારની અપીલ અરજી પરત્વે મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તેમજ આપવાજોગ પુરક માહિતીની વિગતોની સ્પષ્ટતા સહ અપીલના મુદ્દાઓ અંગે પક્ષ રજુ કરવા સાથેની દફતરી વિગતોની માહિતી દિન–૫ માં પહોંચતી કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી, આરોગ્ય વિભાગ પ્રતિ જણાવેલ. જે અન્વયે તેઓના પત્ર નં.પીએચડી/આરટીઆઈ/આઉટ/૬૨૧ તા.૨૭/૦૭/૧૬થી અરજદાર મજકુરની ઉકત વિષય પરત્વેની અરજી તેઓના દફતરી રેકર્ડ જોતા/તપાસતા તેઓના વિભાગને મળેલ નથી તેમ જણાવતા પર્સોનેલ ઓફિસર,આરોગ્યના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૨ તા.૦૨/૦૮/૧૬ થી અરજદાર મજકુરની તા.૦૯/૦૮/૧૬ની વિષય પરત્વેની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી અન્વયે મેળવવામાં આવેલ પહોંચ/એકનોલેજમેન્ટની ઝેરોક્ષ નકલ તાકીદે આરોગ્ય મહેકમ વિભાગની કચેરી ખાતે મોકલવામાં આવેલ હોવાનું જણાવતા અરજદાર ધ્વારા તા.૦૪/૦૮/૧૬ના રોજ રૂબરૂમાં અત્રેની કચેરીમાં સદર અરજીની ઝેરોક્ષ નકલ,પહોંચ/એકનોલેજમેન્ટની ઝેરોક્ષ નકલ રજુ કરેલ હતી.જે અનુસંધાને પર્સોનેલ ઓફિસર આરોગ્યના પત્ર નં.પીએચડી/પીઓ/૬૮૮ તા.૧૦/૦૮/૧૬થી એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર પ્રતિ અરજદાર મજકુરની તા.૦૯/૦૮/૧૬ ની વિષય પરત્વેની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી આરોગ્ય ખાતાને સંપુર્ણ તબદીલ કર્યા અંગેની પહોંચ તથા તે અંગેની ટપાલ મળ્યા અંગેની સહી સહિતના પુરાવાની ઝેરોક્ષ પ્રમાણિત કરેલ નકલ ઉલટ ટપાલે આરોગ્ય મહેકમ વિભાગને મોકલી આપવા જણાવતાં જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દના પત્ર નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૩૨૧૧ તા.૧૨/૦૮/૧૬ ના પત્રથી અરજદારની મુળ અરજી તબદીલ કર્યા અંગેનો પત્ર રજુ કરી જણાવેલ છે કે, અરજદારની ઉકત અરજી પટાવાળા મારફતે આરોગ્ય વિભાગમાં રૂમ નં.૮ના ખાનામાં નાંખવામાં આવેલ હતી સાથે ટપાલ બુકની ઝેરોક્ષ નકલ સામેલ રાખેલ છે. જેમા સદર ટપાલ " ખાનામાં નાંખી " તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે.વધુમાં જણાવ્યાનુંસાર લાગત પટાવાળાને આરટીઆઈની ટપાલ જે તે લાગત ખાતામાં રૂબરૂ હાથોહાથ આપવી ખાનામાં નાંખવી નહી એવી તાકીદ પણ કરવામાં આવેલ હોવાનું જણાવી અરજીની ઝેરોક્ષ રવાના કરેલ છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી,જાહેર માહિતી અધિકારી(આરોગ્ય)તથા જાહેર માહિતી અધિકારી (નાગરીક સુવિધા કેન્દ્ર)ની રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૯/૦૬/૧૬ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સબબ તેઓના વિભાગને અરજી મળેલ ન હોવાનું જણાવેલ હોય પ્રથમ અપીલ અરજી અન્વયે ઉકત વિગતે સેન્ટ્રલ ઝોન મારફત મળેલ ઝેરોક્ષ અરજી આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. જે અન્વયે સદર આરટીઆઈ એકટની કલમ ૭(૬) અન્વયે અત્રેની જાણ હેઠળ દિન–૧૦ માં અરજદારને વિનામુલ્યે માહિતી પુરી પાડવા/ પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી, આરોગ્ય વિભાગને હુકમ કરવામાં આવે છે.

વધુમાં ઉપરોકત હુકમ અન્ય ખાતા / જાહેર સત્તા મંડળ પાસેથી માહિતી મેળવીને કરવામાં આવેલ હોય દિન–૩૦ ની મર્યાદામાં હુકમ થઈ શકેલ નથી. જે જાણશો.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.દેસાઈ)
ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/34/2016. Dt.22/07/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૭/૧૧/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજીથી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/૮૨૨ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) ને અરજી તબદીલ કરવામાં આવેલ હતી,અરજદારે તેમની મૂળ અરજીથી તા.૦૧/૦૧/૨૦૧૪ થી તા.૨૦/૧૧/૨૦૧૫ સુધીમાં ફુડ વિભાગ કેટલા કેસ કરવામાં આવ્યા વિગેરે બાબતે કુલ–૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ) ધ્વારા અરજદાર મજકુરને તેઓની ઉકત આરટીઆઈની અરજી પરત્વેની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ મ્યુનિ.કમિશ્નરશ્રીને સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ ફુડ/૧૦૨૫ તા.૨૨/૦૭/૨૦૧૬ થી અત્રેના વિભાગને મોકલેલ છે જે અત્રેના વિભાગને તા.૨૨/૦૭/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત વિગતે અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૫૮ તા.૧૯/૦૮/૧૬ થી તા.૨૨/૦૮/૧૬ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે અપીલ અધિકારીશ્રી અને આરોગ્ય અધિકારી સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ સદર દિને અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતા,જયારે ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજરરહી અરજદાર ધ્વારા "તેઓને અપીલ અધિકારીશ્રીને કરેલ અપીલ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા તેઓને સંપુર્ણ માહિતી મળેલ હોય અમોને વધારાની કોઈ માહિતી મેળવવાની બાકી રહેતી ન હોય જે અંગેની માહિતી મળ્યાથી મને સંતોષ હોય આ બાબતે મારે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી" એમ જણાવતો આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારીને ઉદ્દેશીને લખેલ પત્ર રજુ કરેલ છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા રૂબરૂ સુનાવણીમાં કરેલ રજુઆત તથા રૂબરૂ સુનાવણી સમયે અરજદારનો રજુ કરેલ પત્ર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારની તા.૨૭/૧૧/૨૦૧૬ ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સબબ તેઓને સંપુર્ણ માહિતી મળી ગયેલ હોય તેમ જણાવી અરજી દફતરે કરવા તા.૧૮/૦૭/૧૬ નાં પત્રથી કરેલ વિનંતી ધ્યાને લેતાં,અરજદારની અપીલ સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/37/2016. Dt.02/08/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી પ્રમુખશ્રી મથુરાનગરી રો હાઉસ.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફ્ટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૬/૦૪/૧૬ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૩૧) થી જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/આઉટ/૩૭ તા.૦૭/૦૪/૨૦૧૬થી જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર ફુડ વિભાગ પ્રતિ આંશીક તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી ઘર નં.૮૧,મથુરા નગરી રો હાઉસના સંદર્ભમાં કુલ–૧૧ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફ્ટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર બાબતે અસંતોષ હોવાનું જણાવી નારાજ થઈ કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારીશ્રી વેસ્ટ ઝોન સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૬૩૯ તા.૦૮/૦૭/૨૦૧૬ થી અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારી ફુડ વિભાગને તબદીલ કરેલ છે,જે અરજી ફુડ વિભાગ ધ્વારા અત્રે તા.૦૨/૦૮/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારની આરટીઆઈની અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૫૩ તા.૦૫/૦૮/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફ્ટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફ્ટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧૧૪૭ તા.૧/૦૮/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જયારે અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભેતા.૦૯/૦૮/૧૬ થી લેખીતમાં પુર્તતા રજુ કરેલ છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૧ તા.૨૩/૦૮/૧૬ થી તા.૦૧/૦૯/૧૬ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ અરજદાર તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફ્ટી ઓફિસર હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફ્ટી ઓફિસર (ફુડ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૦૬/૦૪/૧૬ ની અરજી (આઈ.ડી.નં.૩૧) થી માંગવામા આવેલ મુદ્દાઓની માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફ્ટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૪૮૬ તા.૧૯/૦૫/૨૦૧૬ થી અરજદારની અરજીના મુદ્દા.નં.૧ થી ૮ પરત્વેની નીલ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ અરજદાર સાથે રૂબરૂ સુનાવણી સમયે તેઓએ તા.૨૮/૦૮/૨૦૧૪ તથા તા.૦૨/૦૯/૨૦૧૪ ના પત્રની વિગતે સોસાયટીના રહીશોનો "વર્ષા ટ્રેડસ " નામની સંસ્થા/દુકાન શરૂ ન કરવા બાબતે વિરોધ દર્શાવેલ હોય જે સંસ્થાને લાયસન્સ / પરવાના ન આપવા બાબત કરેલ રજુઆત પરત્વે ફુડ વિભાગ ધ્વારા સદર સંસ્થાનુ લાયસન્સ અટકાવવા બાબતની અરજદારની રૂબરૂમાં સ્પષ્ટતા થયેલ હોય તથા ફુડ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરથી અરજદારે સંતોષ વ્યકત કરેલ હોય,આ બાબતે અન્ય કોઈ બીજી વધારાની માહિતી અરજદરને પુરી પાડવાની રહેતી હોવાનું જણાતુ નથી.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.    /૦૯/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સને ૨૦૧૬–૧૭
# ઓકટોબર થી ડીસેમ્બર

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૧૯<br>૦૧/૦૮/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર (આઈ.ડી.નં.૧૮૬)ની અરજીથી મે.ગુરુકૃપા મેડીકલ એજન્સી, વોર્ડ નં.૧૨,નોંધ નં.૧૦૬૦–૧૦૬૧,ખાટકીવાડ, નુરાડોસા કેરોસીન ડેપોની બાજુમાં,લુહારપોળ,સુરતના માલિકોના બી–ફાર્મા, ડી–ફાર્મા, ના સર્ટીફીકેટોની માહિતી તથા સદર મેડીકલ સ્ટોર્સ અંગેની જુદી–જુદી કુલ–૧૨ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૮<br>તા.૨૮/૧૦/૨૦૧૬ |
| ૨૦<br>૨૪/૦૮/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક ઠાકોરદાસ દોશી (આઈ.ડી. નં.૪૩૪)ની અરજીથી લેબર સેસ, ગુજરાત સરકારશ્રીના પરિપત્ર મુજબ મહાનગરપાલિકા ધ્વારા ઈજારદારના બીલમાંથી કયા સમયથી કાપવાનું શરૂ કરવામાં આવેલ હતું, જયારથી લેબર સેસ અમલમાં આવ્યો તે બાદ જે ઈજારદારને સેસની રકમ કાપ્યા વગર પેમેન્ટ કરવામાં આવેલ તે ઈજારદાર પાસેથી લેબર સેસ વસુલ લેવા અંગે કોઈ કાર્યવાહી કરેલ છે કે નહી વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૯<br>તા.૨૮/૧૦/૨૦૧૬ |
| ૨૧<br>૦૨/૦૯/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશ બી ચાવડાની (આઈ.ડી. નં.૪૧૩) ની અરજીથી સને ૨૦૧૦ થી ૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન કેટલી અનુસુચિત જાતીની સ્ટાફ નર્સોની (રેગ્યુલર અને કોન્ટ્રાકટ બેઝીઝ) ભરતી કરી ? ઉમેદવારોની યાદી આપશો. મુદ્દા નં.૩ ઉપરોકત અનુસુચિત જાતિની સ્ટાફ નર્સોનું એજયુકેશન કવોલીફીકેશન શું હતું ? તથા તેઓ સુરત મહાનગરપાલિકાની નોકરી પુર્વે કઈ કઈ જગ્યાએ અને કેટલા સમયગાળાનો અનુભવ ધરાવતા હતા ? મુદ્દા નં.૪ ઉપરોકત સમયગાળા દરમ્યાન ભરતી થયેલ અનુસુચિત જાતિની સ્ટાફ નર્સો પૈકી હાલમાં કેટલા ફરજ બજાવે છે ? અને કેટલા છોડી ગયેલ છે ? વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૭<br>તા.૨૮/૧૦/૨૦૧૬ |
| ૨૨<br>૧૨/૦૯/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોનવણે મહેન્દ્ર નામદેવભાઈ (આઈ.ડી. નં.૧૦૮૩)ની અરજી થી અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત બહાર પાડેલ જાહેરાતમાં જણાવ્યાનુસાર આંગણવાડી કાર્યકર,આંગણવાડી ક્રેચ કાર્યકર અને આંગણવાડી હેલ્પરની હંગામી ધોરણસર ભરવાની જગ્યા સંદર્ભે નં.પીઆરઓ/૮૮૩/ ૨૦૧૫–૧૬ તા.૧૬–૦૩–૨૦૧૬ અનુસાર બહાર પાડેલ જાહેરાત બાદ મૌખિક ઈન્ટરવ્યુ સંદર્ભેની કુલ–૧૦ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૫<br>તા.૨૫/૧૦/૨૦૧૬ |
| ૨૩<br>૦૧/૧૦/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક પટેલ (આઈ.ડી. નં.૧૨૧૪)ની અરજીથી ૧) સુરત મહાનગરપાલિકાના વર્ગ–૪ ના કર્મચારીઓને આવાસ ફાળવવાની જવાબદારી સંભાળતા વિભાગ અને અધિકારીશ્રીના હોદ્દાની માહિતી (૨) વર્ગ–૪ ના કર્મચારીઓને આવાસ ફાળવવા માટેની યોજનાઓ,શરતો,ઠરાવો,નિયમોની વિસ્તુત માહિતી વિગેરે સહિત કુલ–૧૩ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૦<br>તા.૨૭/૧૨/૨૦૧૬ |
| ૨૪<br>૧૯/૧૧/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતકુમાર એન. પરમાર (આઈ.ડી.નં.૯૧૮)ની અરજીથી ૧) અમરોલી સુરતના હાઉસીગ બોર્ડના નંદઘર આંગણવાડી નોર્થ ઝોનના સને ૨૦૦૦ ના વર્ષમાં ફરજ બજાવતાં તેડાગર મીનાબેન નાયીના શૈક્ષણિક લાયકાતના પુરાવા બાબત.(૨) ૨૦૦૦ નાં કે તે દરમ્યાનનાં વર્ષમાં ટીચર તરીકે ફરજ બજાવતાં પારૂલ પીટુંભાઈ સુરતીનાં ઓળખ–ફોટા સાથેનાં સરકારી ઓળખપત્રની પ્રમાણિત નકલ વિગેરે કુલ–૬ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૮<br>તા.૧૯/૧૨/૨૦૧૬ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/36/2016. Dt.27/07/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૮/૦૬/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી.નં.૧૮૬) થી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મઘ્યસ્થ કચેરી)ના પત્ર.નં.સી/આર.ટી.આઈ./૧૮૬ તા.૨૦/૦૬/૨૦૧૬ થી વિવિધ જાહેર અધિકારીઓશ્રીને તબદીલ કરવામાં આવેલ હતી જે પૈકી સદર અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ને પણ તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી મે.ગુરુકૃપા મેડીકલ એજન્સી,વોર્ડ નં.૧૨,નોંધ નં.૧૦૬૦–૧૦૬૧,ખાટકીવાડ, નુરાડોસા કેરોસીન ડેપોની બાજુમાં,લુહારપોળ,સુરતના માલિકોના બી–ફાર્મા, ડી–ફાર્મા, ના સર્ટીફીકેટોની માહિતી તથા સદર મેડીકલ સ્ટોર્સ અંગેની જુદી–જુદી કુલ–૧૨ મુદ્દાઓની માહિતી માગેલ હતી.અરજદારની ઉકત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા પત્ર નં.સી.ઝેડ/ના.આ.અધિ./આઉટ/૩૪,તા.૩૦/૦૬/૨૦૧૬ થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ,સદર મળેલ માહિતી અપુરતી અને અયોગ્ય માહિતી પૂરી પાડેલ હોવાનું જણાવી નારાજ થઈ ડે.કમિશનરશ્રી(હે. અને હો.)અને અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૧/૦૮/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત વિગતે અરજદારની અરજીના મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા અરજીના મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તે મુજબનો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જે અનુસંધાને અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ઘ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૫૯ તા.૧૯/૦૮/૧૬ થી તા.૨૬/૦૮/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે, પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૬૨ તા.૨૯/૦૮/૧૬ થી તા.૦૯/૦૯/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે,પત્ર નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/અપીલ/૭૩ તા.૧૯/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૧ તા.૦૬/૧૦/૧૬ થી તા.૧૫/૧૦/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હે અને હો) અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ,મુગલીસરા,સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ ઉકત તમામ દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા, પરંતુ ઉકત તમામ દિને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(સેન્ટ્રલ ઝોન) રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી પરત્વે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(સેન્ટ્રલ ઝોન)તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૧૮/૦૬/૧૬ની અરજી (આઈ.ડી.નં.૧૮૬) થી માંગવામાં આવેલ માહિતીના મુદ્દાઓ પરત્વે તેઓના વિભાગને લાગત મુદ્દા નં. ૧ તથા ૨ પરત્વે આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા " મુદ્દા.નં.૧ તથા ૨ અન્વયેની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી" તે મુજબનો અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાતો હોય આ બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી જણાતી ન હોય,અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજ્ય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.   /૧૦/૨૦૧૬

ડે.કમિશ્નર(હે. અને હો.)અને
એપલેટ ઓફીસર

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/41/2016. Dt.24/08/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી દિપક ઠાકોરદાસ દોશી.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૩/૦૫/૧૬ ની આરટીઆઈ એક્ટ–૨૦૦૫ હેઠળની (આઈ.ડી.નં.૪૩૪) ની અરજી જાહેર માહિતી અધિકારી અને હિસાબી ખાતુ,મુખ્ય ઓફિસને ઉદ્દેશીને કરેલ અરજીથી લેબર સેસ, ગુજરાત સરકારશ્રીના પરિપત્ર મુજબ મહાનગરપાલિકા ધ્વારા ઈજારદારના બીલમાંથી કયા સમયથી કાપવાનું શરૂ કરવામાં આવેલ હતું, જયારથી લેબર સેસ અમલમાં આવ્યો તે બાદ જે ઈજારદારને સેસની રકમ કાપ્યા વગર પેમેન્ટ કરવામાં આવેલ તે ઈજારદાર પાસેથી લેબર સેસ વસુલ લેવા અંગે કોઈ કાર્યવાહી કરેલ છે કે નહી વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.જે અરજી પરત્વેની માહિતી નમુનો રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના–" ખ" કે" ગ" માં નિદિષ્ટ સમયગાળામાં જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટ (મુખ્ય કચેરી) ધ્વારા પ્રતિભાવ મળેલ નથી તેમ જણાવી નારાજ થઈ મ્યુ.કમિશ્નરશ્રી અને પ્રથમ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને તા.૧૪/૦૫/૧૬ના રોજ અપીલ અરજી કરેલ હતી.જે અપીલ અરજી પરત્વે અપીલ અધિકારી અને મુખ્ય હિસાબનીશશ્રીના હુકમ નં.એકા/એસ.આર/૭૮ તા.૦૧/૦૮/૨૦૧૬ અન્વયે અરજીના મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી અરજદારને પુરી પાડવા બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ ધ્વારા સુરત મહાનગરપાલિકા ના વિવિધ વિભાગોને પત્ર.નં.એકા/ એસ.આર/૭૯ તા.૦૧/૦૮/૨૦૧૬ તબદીલ કરવામાં આવેલ હતી.જે પૈકી સદર અપીલ અરજી આરોગ્ય વિભાગ હસ્તકના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ હતી.જે અરજી સેકશન ઓફિસર(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ)ના પત્ર નં.પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/આઉટ/૩૫ તા.૨૩/૦૮/૧૬ થી અપીલ અરજી અન્વયેની કાર્યવાહી થવા અંગે અત્રેની કચેરીને મોકલવામાં આવેલ હતી,જે આરોગ્ય મહેકમ વિભાગમાં તા.૨૪/૦૮/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત વિગતે અરજદારની મળેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને આસી.એકાઉન્ટન્ટ ધ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને મુદ્દા.નં.૨ તથા ૪ માટે તબદીલ કરેલ હતી,જે અરજી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને તા.૦૬/૦૮/૨૦૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ હતી.જે આર.ટી.આઈ.ની નમુના'ક' અન્વયે જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં./૬૯ તા.૧૨/૦૮/૨૦૧૬ થી અરજીના મુદ્દા.નં.૨ તથા ૪ ની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત માહિતી અરજદાર મજકુરને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

જે અનુસંધાને અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૬૫ તા.૧૯/૦૮/૧૬ થી તા.૨૯/૦૯/૧૬ના રોજ સાંજે ૪:૩૦ કલાકે,પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/ ૭૪ તા.૧૯/૦૯/૧૬ થી તા.૩૦/૦૯/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/ અપીલ/૮૨ તા.૦૬/૧૦/૧૬ થી તા.૧૫/૧૦/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હે અને હો) અને એપેલેટ ઓફિસરશ્રી સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ મુગલીસરા,સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ ઉકત તમામ દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા,પરંતુ જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ)રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.

અરજદારની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ)ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર અપીલ સમયે હાજર રહી કરેલ રજુઆત વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની તા.૨૩/૦૫/૧૬ની અરજી (આઈ.ડી.નં.૪૩૪) થી માંગવામાં આવેલ માહિતીના મુદ્દાઓ પરત્વે મુદ્દા નં.૨ તથા ૪ પરત્વની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ) ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાતો હોય આ બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી જણાતી ન હોય,અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૬

ડે.કમિશ્નર(હે. અને હો.)અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/43/2016. Dt.02/09/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::–શ્રી મહેશ વી. ચાવડા.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી,આરોગ્ય મહેકમ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૮/૦૭/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની (આઈ.ડી.નં.૪૧૩) અરજીથી જાહેર માહિતી અધિકારી અને ડો.કે.આઈ.ખત્રી,નાયબ આરોગ્ય અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજી પત્ર નં.સા.વેસ્ટ (અઠવા)ઝોન/આ/૭૪૨ તા.૦૧/૦૮/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી અ ારોગ્ય વિભાગ સેન્ટ્રલ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ હતી, ત્યારબાદ સદર અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ)ના પત્ર.નં.જીએડી/ઈએસટી/ ૨૭૮૪ તા.૦૩/૦૮/૧૬ થી જાહેર માહિતી અધિકારીશ્રી આરોગ્ય મહેકમ વિભાગને અરજીના મુદ્દા નં.૨,૩ તથા ૪ માટે તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજી આરોગ્ય મહેકમ વિભાગમાં તા.૦૪/૦૮/૧૬ થી પ્રાપ્ત થયેલ હતી, અરજદારે તેમની મૂળ અરજીના મુદ્દા.નં.૨ થી સને ૨૦૧૦ થી ૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન કેટલી અનુસુચિત જાતીની સ્ટાફ નર્સોની (રેગ્યુલર અને કોન્ટ્રાકટ બેઝીઝ) ભરતી કરી ? ઉમેદવારોની યાદી આપશો. મુદ્દા નં.૩ ઉપરોકત અનુસુચિત જાતિની સ્ટાફ નર્સોનું એજયુકેશન કવોલીફીકેશન શું હતું ? તથા તેઓ સુરત મહાનગરપાલિકાની નોકરી પુર્વે કઈ કઈ જગ્યાએ અને કેટલા સમયગાળાનો અનુભવ ધરાવતા હતા ? મુદ્દા નં.૪ ઉપરોકત સમયગાળા દરમ્યાન ભરતી થયેલ અનુસુચિત જાતિની સ્ટાફ નર્સો પૈકી હાલમાં કેટલા ફરજ બજાવે છે ? અને કેટલા છોડી ગયેલ છે ? વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી.

જે મુદ્દાઓ પૈકીની આંશિક માહિતી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી –વર્ગ–૧ (ફેમીલી પ્લાનીગ વિભાગ) ને પણ લાગત જણાતા આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૭૦ તા.૧૯/૦૮/૧૬ થી તબદીલ કરવામાં આવેલ હતી તથા આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૨ (આંશિક),મુદ્દા નં.૩ તથા ૪ પરત્વેની માહિતી પત્ર નં.પીએચડી/ પીઓ/ આરટીઆઈ/૭૨ તા.૨૨/૦૮/૧૬ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હતી.અરજદારની ઉકત આરટીઆઈની અરજી પરત્વેની માંગ્યા મુજબની માહિતી મળેલ નથી તથા ૩૦ દિવસની સમયમર્યાદામાં માહિતી ન આપેલ હોવાથી સંપુર્ણ માહિતી વિનામુલ્યે પુરી પાડવામાં આવે તેવુ જણાવી નારાજ થઈ ડે.કમિશ્નરશ્રી(હે અને હો),સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૩૧/૦૮/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને તા.૦૨/૦૯/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની તા.૨૮/૦૭/૨૦૧૬ની અરજી પરત્વે આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/૭૨ તા.૨૨/૦૮/૨૦૧૬ થી આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૨ ની(આંશિક)માહિતીની નકલ કુલ–૭ પાનામાં પુરી પાડવા બાબતે દસ્તાવેજી નાણાં ભરપાઈ કરવા જણાવવામાં આવેલ હતું,તેમજ મુદ્દા નં.૩ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી રેકર્ડ તપાસણી કરી માહિતીનો ઉતારો કરી લેવા અરજદારને જણાવવામાં આવેલ હતું તથા મુદ્દા.નં.૪ પરત્વેની માહિતી અરજદારને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

જે અનુસંધાને અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૧ તા.૧૪/૦૯/૧૬ મુજબ તા.૨૩/૦૯/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હે અને હો) અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ,મુગલીસરા,સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ સદર દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ ન હતા,ત્યારબાદ અરજદાર મજકુર ધ્વારા તા.૧૯/૦૯/૧૬ના પત્ર ધ્વારા તેઓ તા.૨૩/૦૯/૧૬ના રોજ કંપનીના કામ અર્થે પુણે જવાનું થયેલ હોવાનું જણાવી હવે પછીની સુનાવણી તા.૦૧/૧૦/૧૬ના રોજ રાખવા જણાવેલ તે અન્વયે અત્રેથી પત્ર નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/ અપીલ/૭૬ તા.૨૭/૦૯/૧૬ મુજબ તા.૦૧/૧૦/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અરજદાર મજકુરને ઉકત સ્થળે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ સદર દિને ડે.કમિશ્નર(હે અને હો)અને એપેલેટ ઓફિસરશ્રી સુરત મહાનગરપાલિકાના કચેરીના કામ અર્થે અચાનક બહારગામ ગયેલ હોય અપીલ અરજી પરત્વેની રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હોય ફરીથી અરજદારને પત્ર નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/અપીલ/૮૩ તા.૧૦/૧૦/૧૬ મુજબ તા.૧૫/૧૦/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હે અને હો) અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ, મુગલીસરા,સુરત ખાતે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,જે મુજબ અરજદાર તથા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી સુનાવણી અર્થે હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય

મહેકમ વિભાગ ) ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮/૦૭/૨૦૧૬ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા નં.૨ ની(આંશિક)માહિતીની નકલ કુલ—૭ પાનામાં પુરી પાડવા બાબતે દસ્તાવેજી નાણાં ભરપાઈ કરવા બાબતે પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે,તેમજ મુદ્દા નં.૩ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન—૭ માં મેળવી આરટીઆઈ એકટની કલમ—૭(૩) સાથે નિયમ—૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી રેકર્ડ તપાસણી કરી માહિતીનો ઉતારો કરી લેવા અરજદારને જણાવવામાં આવેલ હોવાનું જણાય છે તથા મુદ્દા.નં.૪ પરત્વેની માહિતી અરજદારને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું હોય તે અંગે અન્ય કોઈ વધારાની માહિતી પુરી પાડવાની રહેતી હોવાનું જણાતું નથી.તદઉપરાંત જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને દસ્તાવેજી નાણાં ભરપાઈ કરવા આપેલ પ્રસ્તાવ મુજબ મુદ્દા નં.૨ ની(આંશિક)માહિતી માટે રૂા.૧૪/— અરજદાર ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે ભરપાઈ કરવામાં આવેલ હોવાનું જણાતું હોય તેવી નકલો અરજદારને પુરી પાડવાની રહે છે,આમ અરજદારની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦— એ, ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.દેસાઈ)
ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/47/2016. Dt.08/09/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::–શ્રી મહેન્દ્ર નામદેવ સોનવણે.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી(આઈ.સી.ડી.એસ)પ્રોજેકટ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૪/૦૮/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી.નં.૧૦૮૩) થી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરાના પત્ર નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/૧૦૮૩ તા.૦૫/૦૮/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારીશ્રી અને સુપરવાઈઝરશ્રી ઘટક–૩ ને તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત બહાર પાડેલ જાહેરાતમાં જણાવ્યાનુસાર આંગણવાડી કાર્યકર,આંગણવાડી ક્રેચ કાર્યકર અને આંગણવાડી હેલ્પરની હંગામી ધોરણસર ભરવાની જગ્યા સંદર્ભે નં.પીઆરઓ/૮૮૩/૨૦૧૫–૧૬ તા.૧૬–૦૩–૨૦૧૬ અનુસાર બહાર પાડેલ જાહેરાત બાદ મૌખિક ઈન્ટરવ્યુ સંદર્ભેની કુલ–૧૦ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

જે મુદ્દાઓ પૈકીની માહિતી જાહેર માહિતી(આઈ.સી.ડી.એસ)પ્રોજેકટ,ને લાગત જણાતા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી(આઈ.સી.ડી.એસ ઘટક–૩)ધ્વારા પત્ર જાવક નં.૨૪૬/આઈસીડીએસ/૨૦૧૬ તા.૧૬/૦૯/૨૦૧૬ થી સમયમર્યાદા બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.અરજદારની ઉકત આરટીઆઈની અરજી પરત્વેની માંગ્યા મુજબની માહિતી ૩૦ દિવસ ઉપરાંતનો સમય વિતી ગયેલ હોવા છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પુરી પાડેલ ન હોય તેઓ સામે કાયદાનુસાર કડક કાર્યવાહી કરવામાં આવે તેમ જણાવી નારાજ થઈ આરોગ્ય અધિકારીશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે,જે અરજી અત્રે તા.૧૨/૦૯/૨૦૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ હતી.

જે અનુસંધાને અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૯ તા.૦૪/૧૦/૧૬ થી તા.૧૫/૧૦/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હે અને હો) અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ,મુગલીસરા,સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદાર તથા (આઈ.સી.ડી.એસ વિભાગ)ના જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આઈ.સી.ડી.એસ) પ્રોજેકટ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૪/૦૮/૨૦૧૬ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી(આઈ.સી.ડી.એસ)પ્રોજેકટ,ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દાઓ પરત્વેની માહિતી સમયમર્યાદા બાદ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,તદઉપરાંત અરજદાર ધ્વારા રૂબરૂ સુનાવણી સમયે(આઈ.સી.ડી.એસ) વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતીથી સંતોષ વ્યકત કરેલ હોય,તથા તેઓની અપીલ અરજી અંગેની વધારાની કોઈ માહિતીની જરૂર ન હોવાનું જણાવેલ હોય અરજદારની અપીલ અરજી પરત્વે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.વધુમાં ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી(આઈ.સી.ડી.એસ) વિભાગને તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦– એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.દેસાઈ)
ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/53/2016. Dt.19/11/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :–શ્રી દિપક પટેલ.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ) ,સુરત મહાનગરપાલિકા.

અરજદારની આરટીઆઈની તા.૨૦/૦૮/૧૬(આઈ.ડી.નં.૧૨૧૪)ની અરજી જાહેર માહિતી અધિકારી અને નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં. સીસીસી/આરટીઆઈ/આઉટ/૧૨૧૪ તા.૨૨/૦૮/૨૦૧૬ થી ડે.ટાઉન પ્લાનર અને જાહેર માહિતી અધિકારી,ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૧૮ તા. ૦૩/૦૯/૧૬ થી સ્લમ અપગ્રેડેશન વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી,સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર નં.એસયુસી/આરટીઆઈ/આઉટ/૯૯ તા.૧૪/૦૯/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી પ્રતિ અરજી તબદીલ કરવામાં આવેલ હતી, જાહેર માહિતી અધિકારી તથા નાયબ નગર નિયોજકના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આઉટ/૫૮૩ તા.૨૨/૦૯/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી(આરોગ્ય)ને તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના વર્ગ–૪ ના કર્મચારીઓને આવાસ ફાળવવાની જવાબદારી સંભાળતા વિભાગ અને અધિકારીશ્રીના હોદ્દાની માહિતી (૨) વર્ગ–૪ ના કર્મચારીઓને આવાસ ફાળવવા માટેની યોજનાઓ,શરતો,ઠરાવો,નિયમોની વિસ્તુત માહિતી (૩) સુરત શહેર મનપા વિસ્તારમાં જે સ્થળે,જગ્યાએ વર્ગ–૪ ના કર્મચારીઓ માટે આવાસ ફાળવવામાં ભાડે આપવામાં કે વેચાણથી આપવામાં આવ્યા હોય તે સ્થળ, જગ્યા વિસ્તારનું સાચુ સરનામાની માહિતી વિગેરે કુલ–૧૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. અરજદારે તેઓની ઉકત આરટીઆઈની અરજી પરત્વે આરટીઆઈ એકટ–૨૦૦૫ ની જોગવાઈનો ભંગ કરેલ છે,માહિતીનો ઈન્કાર પણ કરવામાં આવેલ નથી, અરજીની સમયમર્યાદા પુર્ણ થવા ઉપરાંત ઘણા દિવસો પસાર થયા હોય તમામ માહિતી મુદ્દાસર,સાચી,સંપુર્ણ,તમામ પત્રો,પ્રમાણિત કરી–કરાવીને પુરી પાડવાનુ જણાવી નારાજ થઈ (૧)એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી(૨) ડે.ટાઉન પ્લાનર અને જાહેર માહિતી અધિકારીશ્રી (૩) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી (૪) ડે.એકાઉન્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૨૯/૦૯/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અરજી અત્રે પત્ર નં.એસએમસી/પીએચડી/એફએપી/૫૩ તા.૦૧/૧૦/૨૦૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની ઉકત આરટીઆઈની અરજી બાબતે પ્રથમ અપીલ અરજીમાં (૧)એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી(૨) ડે.ટાઉન પ્લાનર અને જાહેર માહિતી અધિકારીશ્રી (૩) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી (૪) ડે.એકાઉન્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રીઓનો નારાજગી બાબતે ઉલ્લેખ કરેલ હોય અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૦ તા.૦૫/૧૦/૧૬ થી (૧) અપીલ અધિકારી અને આસી.કમિશ્નરશ્રી,સેન્ટ્રલ ઝોન (૨) અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી–૧,ટાઉન પ્લાનીંગ વિભાગ,(૩)અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ હતી, જયારે ડે.એકાઉન્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) વિરૂધ્ધ અત્રેથી અપીલ અરજી ચલાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૪ તા.૧૫/૧૦/૧૬ મુજબ તા.૨૧/૧૦/૧૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૬, તા.૨૭/૧૦/૧૬ મુજબ તા.૦૪/૧૧/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ ,પરંતુ ઉકત બન્ને દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેની સુનાવણી થઈ શકેલ ન હોય ફરીથી અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૨, તા.૧૯/૧૧/૧૬ મુજબ તા.૨૫/૧૧/૧૬ના રોજ સાંજે ૪:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ,તે મુજબ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતાં,પરંતુ સદર દિને ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પી.)અને એપેલેટ ઓફિસરને મા.કમિશ્નરશ્રી ધ્વારા યોજવામાં આવેલ અગત્યની મીટીંગમા હાજર રહેવાનું હોય સદર દિને અપીલ અરજીની રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હોય ફરીથી અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૯૪, તા.૦૫/૧૨/૧૬ મુજબ તા.૧૫/૧૨/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પી.)અને એપેલેટ ઓફિસર સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા જેમાં અરજદાર જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ) ધ્વારા પાઠવેલ પ્રત્યુત્તર સહિત હાજર રહેલ હતા પ્રત્યુત્તરનો અભ્યાસ કરતા અરજદારની માહિતી માંગતી ઉકત વિગતેની અરજી ડે.એકાઉન્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી(આરોગ્ય) ધ્વારા પત્ર **નં.પીએચડી/આરટીઆઈ/૦૪ તા.૨૬/૦૯/૧૬ થી સદર અરજી તેઓના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાનું તથા તે પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય)ના કાર્યક્ષેત્રમાં આવતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રી, સુરત મહાનગરપાલિકાને સંપુર્ણ ફેર તબદીલ કરેલ જેની એક નકલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય)ને જાણ સારૂ રવાના કરવામાં આવેલ હોય જે તા.૨૭/૦૯/૧૬ થી તેઓને પ્રાપ્ત થયેલ સદર જાણ સારૂ પ્રાપ્ત થયેલ અરજીને તેઓના વિભાગને તબદીલ થયેલ હોવાનુ માની અરજદારની અરજીના મુદ્દા પરત્વે આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ) ધ્વારા કુલ–૫૮ પાનાની માહિતી વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોવાનુ તથા અરજીના મુદ્દા નં.૮ થી ૧૧ પરત્વે અત્રેની માહિતી "નીલ" જણાય છે તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.** આથી, આ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ)તથા તેઓના પ્રથમ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય) સાથે કે જેઓએ ખરેખર સદર અપીલ અરજી ચલાવવાની રહેતી હતી તેઓ સાથે આ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ માહિતીનો અધિકાર અધિનિયમની જોગવાઈ, હેતુ, હાર્દ વિગેરે બાબતો ધ્યાને લઈ સદર બંને અધિકારીશ્રીઓ નીચે સહી કરનારના તાબા હેઠળ ફરજ બજાવતા હોય અત્રેથી જ પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવા સંમત થયેલ હતા તથા તે મુજબ અત્રેથી અપીલ અરજીનો નિકાલ કરવાનું નકકી કરવામાં આવેલ હતું. જે અનુસાર જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર આરોગ્ય મહેકમ વિભાગ તથા તેઓના અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય) સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રાખવામાં આવેલ હતા.

**રૂબરૂ સુનાવણી સમયે અરજદાર ધ્વારા નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ હતી.**

- પુરી પાડવામાં આવેલ માહિતી પ્રમાણિત કરી આપવામાં આવે.
- મુદ્દા.નં.૮ થી ૧૧ની માંગેલ સંપુર્ણ માહિતી પુરી પાડવામાં આવે.

**ઉપરોકત બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (આરોગ્ય મહેકમ )ધ્વારા તા.૧૫/૧૨/૧૬ ની રૂબરૂ સુનાવણી દરમ્યાન નીચે જણાવેલ વિગતે મૌખિક રજુઆત કરવામાં આવેલ હતી.**

- આરટીઆઈ એકટની કલમ– ૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળ પાસેની અથવા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની જોગવાઈ છે. જેમા દસ્તાવેજો અથવા રેકર્ડની નોંધ , ઉતારા અથવા પ્રમાણિત નકલો લેવાના , સામગ્રીના પ્રમાણિત પુરાવા લેવાના અધિકારનો સમાવેશ થાય છે. કાયદો અરજદારને માંગેલ માહિતીની પ્રમાણિત નકલો જ આપવી કે કેમ ? તે બાબતે સાયલેન્ટ છે. પરંતુ અગાઉ જણાવ્યા મુજબ અરજદારને માહિતી મેળવવામાં પ્રમાણિત નકલો લેવાના અધિકારનો સમાવેશ થતો હોય , માહિતી આપતા સમયે અરજદારે નમુના–ક ની કરવામાં આવેલ અરજી સમયે પ્રમાણિત નકલો મેળવવાનો આગ્રહ રાખેલ ન હોય તે સમયે પણ પ્રમાણિત નકલો જ આપવી જોઈએ તેવુ પ્રતિપાદિત થતુ નથી. વળી, સદર કાયદાની કલમ– ૪(ખ) હેઠળ સંસ્થાએ તેના પ્રોએકટીવ ડિસ્કલોઝર કોમ્પ્યુટરાઈઝડ પ્રસિધ્ધ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેનો મુળ હેતુ નાગરીકો તેના પરથી કોપી લઈ માહિતી મેળવી શકે તેવો છે તથા સરવાળે તમામ પ્રસંગે નાગરીકે બીનજરૂરી અરજી ન કરવી પડે તે પણ રહેલ છે. જે ધ્યાને લેતા પણ અરજદારને પ્રમાણિત કરેલ નકલ જ દરેક કિસ્સામાં આપવી જોઈએ તેવુ પ્રતિપાદિત થતુ નથી.
- મુદ્દા નં.૮ થી ૧૧ ની અધુરી માહિતી મળેલ છે તેવી અરજદારની રજુઆત અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ ) ધ્વારા રૂબરૂમાં જણાવેલ કે સદર કાયદાની જોગવાઈ મુજબ જાહેર સત્તામંડળ પાસેની અથવા તેના નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, તે મુજબ અરજદારે મુદ્દા નં.૮ થી ૧૧ માં મુખ્યત્વે આવાસને સીલ માર્યા હોય તો તેની વિગતવાર માહિતી માંગેલ હતી. જેના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી પાસે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા જણાવેલ આવાસોને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાતુ ન હોય " અત્રેની માહિતી "નીલ" જણાય છે. " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ)ધ્વારા અપીલ તબકકે કરવામાં આવેલ રજુઆત તાર્કીક અને તર્ક સંગત જણાય છે. જાહેર માહિતી અધિકારીની રજુઆત સાથે અપીલ અધિકારી સંમત થાય છે. પરંતુ માહિતી અધિકાર અધિનિયમ અન્વયે અપીલોનો નિર્ણય કરવો એ અર્ધ–ન્યાયિક કામગીરી હોય, જેથી અપીલ અધિકારીએ માત્ર ન્યાય મળ્યો છે એટલુ જ નહી પરંતુ ન્યાય મળ્યો હોવાની પ્રતિતિ પણ સુનિશ્ચિત કરવી જરૂરી હોય,અરજદારની મુળ અરજી,અપીલ અરજીથી કરેલ રજુઆત, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર, અપીલ તબકકે અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ)ની રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

અરજદારની આરટીઆઈ એકટ હેઠળની તા.૨૬/૦૮/૧૬(આઈ.ડી.નં.૧૨૧૪) ની અરજીના મુદ્દાઓ પરત્વેની માહિતી માંગતી અરજી સબબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ) ધ્વારા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૯૪ તા.૦૬/૧૦/૧૬ થી માહિતી પેટે કુલ–૫૮ પાના પુરા પાડવામાં આવેલ છે.જે નકલ અરજદાર ધ્વારા અપીલ તબકકે પ્રમાણિત કરીને આપવા વિનંતી કરેલ હોય, અરજદારને કુલ–૫૮ પાના પ્રમાણિત કરી ફરીથી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ પુરા પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ)ને હુકમ કરવામાં આવે છે.જયારે અરજીના મુદ્દા નં.૮ થી ૧૧ બાબતે જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર ઉચિત જણાતો હોય,આ બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનુ જણાતુ ન હોય તે મુજબ અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/<br>તા. /૧૨/૨૦૧૬

ડે.કમિશનર(હે. અને હો.) અને<br>એપેલેટ ઓફિસર<br>સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/61/2016. Dt.19/11/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી ભરતકુમાર એન પરમાર.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આ.સી.ડી.એસ.વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદારની આરટીઆઈની તા.૨૫/૦૭/૧૬(આઈ.ડી.નં.૯૧૮)ની અરજી જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આઈ.સી.ડી.એસ.)વિભાગને તા.૧૪/૦૯/૧૬ થી પ્રાપ્ત થયેલ હતી,જે અરજીથી મુદ્દા નં.(૧) અમરોલી સુરતના હાઉસીગ બોર્ડના નંદઘર આંગણવાડી નોર્થ ઝોનના સને ૨૦૦૦ ના વર્ષમાં ફરજ બજાવતાં તેડાગર મીનાબેન નાયીના શૈક્ષણિક લાયકાતના પુરાવા બાબત.(૨) ૨૦૦૦ નાં કે તે દરમ્યાનનાં વર્ષમાં ટીચર તરીકે ફરજ બજાવતાં પારૂલ પીંટુભાઈ સુરતીનાં ઓળખ–ફોટા સાથેનાં સરકારી ઓળખપત્રની પ્રમાણિત નકલ આપવી.(૩) મીનાબેન નાયીનાં સરકારી ઓળખપત્ર–ફોટા સાથેનાં ઓળખકાર્ડની પ્રમાણિત પ્રત આપવી.(૪) આ આંગણવાડીમાં ટીચર તરીકે હાલ ફરજ બજાવનાર શિક્ષિકાનાં ઓળખ પત્ર તથા શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણિત પુરાવા આપવા.(૫) બોગસ રેકર્ડનાં આધારે આંગણવાડીમાં ગેરકાયદે અને સરકાર સાથે છેતરપીડી કરનાર આવા શિક્ષકને દેશનાં ભાવિ નાગરિકોને ગળથુથીમાં કેવો અને કેટલું શિક્ષણ સાથે તેની તપાસ/ચકસણી ફરી કરાવી કાયદેસર કાનુની કાર્યવાહી કરવાની આપની કચેરીને સત્તા કે અન્ય કોઈ અધિકારી પાસે છે તે જણાવવું. જો આપની કચેરીને તેની કોઈ સત્તા હોય તો આ ભ્રષ્ટાચારનાં એ–કક્ષાથી પોલીસ ફરિયાદ કરી કાનુંની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે જણાવવું. ફરિયાદની નકલ આપવી(જયારે પણ ફરિયાદ કરવામાં આવે ત્યારે)(૬) આંગણવાડીમાં ફરજ બજાવતા સ્ટાફને કોણ કેટલો પગાર ચૂકવે છે અને આ કર્મચારીઓ કાયમી/હંગામી કે સરકારી કર્મચારીની ઓળખ કઈ ગણતરીમાં થાય છે કે કેમ તે જણાવવું વિગેરે કુલ–૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.અરજદારની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી(આઈ.સી.ડી.એસ.)ધ્વારા પત્ર.નં.એસ.એમ.સી/ આઈસીડીએસ/આઉટવર્ડ/૩૦૨/૨૦૧૬/૧૭, તા.૨૦/૦૯/૨૦૧૬ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,તથા અરજીના મુદ્દા નં.૧ થી ૪ અંગેની આંશિક માહિતી પૂરી પાડવા અર્થે જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી(આઈ.સી.ડી.એસ.વિભાગ) ધ્વારા જાહેર માહિતી અધિકારી અને પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઈ.સી.ડી.એસ. જિલ્લા પંચાયત, સુરતને પત્ર નં. એસ.એમ.સી/આઈસીડીએસ/આઉટવર્ડ/ ૩૬૮/૨૦૧૬/૧૭, તા.૨૧/૧૦/૨૦૧૬ થી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. વધુમાં સદર અરજીના મુદ્દાઓ જિલ્લા પંચાયત કચેરીને લાગત ન હોવાનું જણાવી પ્રોગ્રામ ઓફિસર સંકલિત બાળ વિકાસ યોજના જિલ્લા પંચાયત, સુરતના પત્ર નં.આઈ.સી.ડી.એસ./જા.મ.અ./ અરજી/વશી/૯૨૧/૨૦૧૬, તા.૨૬/૧૦/૨૦૧૬ થી ઉકત અરજી જાહેર માહિતી અધિકારી,આઈ.સી.ડી.એસ. વિભાગ,સુરત મહાનગરપાલિકાને પરત કરેલ હોવાનું જણાય છે.જયારે અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આ.સી.ડી.એસ.વિભાગ) તરફથી પૂરી પાડવામાં આવેલ માહિતી રેકર્ડ મુજબ પૂરી પાડેલ નથી અને આધી–અધુરી માહિતી પૂરી પાડેલ હોય અરજીના મુદ્દા.નં.એ,બી,સી,ડી,નો કોઈ રકર્ડ આપેલ ન હોવાનુ જણાવી નારાજ થઈ તા.૧૯/૧૦/૨૦૧૬ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે,જે અરજી અત્રે પત્ર નં.એસ.એમ.સી./પી.એચ.ડી/એફ.એ.પી./૬૧ તા.૧૯/૧૧/૨૦૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની આરટીઆઈની તા.૨૫/૦૭/૧૬ (આઈ.ડી.નં.૯૧૮)ની અરજી જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આઈ.સી.ડી.એસ.વિભાગ)ધ્વારા ઉકત વિગતે મુદ્દા.નં.૧ થી ૬ પરત્વેની તેઓનાં વિભાગને લાગત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, તથા અરજીના મુદ્દા નં.૧ થી ૪ અંગેની આંશિક માહિતી પૂરી પાડવા અર્થે જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આઈ.સી.ડી. એસ.વિભાગ)ધ્વારા જાહેર માહિતી અધિકારી અને પ્રોગ્રામ ઓફિસરશ્રી,(આઈ.સી.ડી.એસ.) જિલ્લા પંચાયત,સુરતને પત્ર નં. એસ.એમ.સી/ આઈસીડીએસ/આઉટવર્ડ/ ૩૬૮/૨૦૧૬/૧૭ તા.૨૧/૧૦/૨૦૧૬ થી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. વધુમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્રત્યુત્તરથી કેટલીક માહિતી પુરી પાડેલ હોવાનુ તથા કેટલીક માહિતી બાબતે જે તે સમયે આંગણવાડી, જીલ્લા પંચાયત હસ્તક હોવાનું જણાવી માહિતી ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે તેમજ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પત્ર પાઠવી તેઓ પાસે ઉપલબ્ધ તમામ માહિતી પુરી પાડેલ હોવાની સ્પષ્ટતા કરેલ હોવાનું જણાય છે.

વધુમાં અરજદારની અપીલ અરજીમાં **"આ અપીલમાં હું હાજર રહી શકું તેમ નથી જેની નોંધ લેવા વિનંતી"** એમ જણાવેલ હોય અપીલ અરજીના અનુસંધાને રૂબરૂ સુનાવણી યોજવામાં આવેલ નથી.

આમ અરજદારની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આઈ.સી.ડી.એસ.વિભાગ) તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની આરટીઆઈ એકટ હેઠળની તા.૨૫/૦૭/૧૬(આઈ.ડી.નં.૯૧૮) ની અરજી પરત્વે ઉકત વિગતે જાહેર માહિતી અધિકારીનો પત્ર તથા અપીલ તબકકે પત્રથી અરજદારને કરેલ સ્પષ્ટતા ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રી (આઈ.સી.ડી.એસ વિભાગ) ધ્વારા તેઓના વિભાગને લાગત મુદ્દાઓની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે ધ્યાને લેતા આ બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી જણાતી ન હોય,અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૨/૨૦૧૬

ડે.કમિશનર(હે. અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# જાન્યુઆરી– ૨૦૧૭ થી માર્ચ–૨૦૧૭

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૨૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ પાઠકની તા.૨૨/૦૮/૨૦૧૬ ની(આઈ.ડી.નં.૨૯૫)થી સુરત શહેરમાં માંસ મચ્છીના વેચાણ અંગે પરવાનો મેળવવા બાબતે સરકારશ્રીના નિતી–નિયમો અંગેની વિગેરે બાબતે કુલ–૫ મુદૃાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૦ તા.૨૫/૦૧/૨૦૧૭ |
| ૨૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય આર.પાઠકની તા.૨૯/૦૨/૨૦૧૬ ની(આઈ.ડી.નં.૨૮૭૦) થી શિક્ષણ સમિતિ શાળા નં.૨૮૪ (ઉર્દુ શાળામાં)સદર બનાવ બન્યા બાદ તાકીદે ફુડ વિભાગને જાણ કરતાં ફુડ વિભાગે અક્ષયપાત્રમાં અપાયેલ ભોજનના સેમ્પલ લઈને ટેસ્ટીંગ માટે મોકલેલ હોય તે સેમ્પલના રીપોર્ટસ સાથે સદર ભોજન વિગેરે બાબતે કુલ–૭ મુદૃાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૧ તા.૨૭/૦૧/૨૦૧૭ |
| ૨૭ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુતલુબઅલી ઈસ્માઈલ મોમીન ની તા.૦૨/૧૧/૨૦૧૬ની(આઈ.ડી.નં.૧૭૧૭) થી કચેરી હુકમ નં.જીએડી/ ઈએસટી/૬૦૮૨ તા.૦૬/૦૨/૨૦૧૬ મુજબ ૫૮ વર્ષ થતા નિવૃત્ત કર્મચારીઓને નિયમોનુસાર મળવાપાત્ર નિવૃત્તીના તમામ લાભો નિયત સમયમર્યાદામાં ચુકવવા માટે સંબધિત ખાતાઓ / ઝોનના વડા તથા પર્સોનેલ ઓફિસર વિગેરેને આદેશાનુંસાર જણાવવામાં આવેલ છે,જેમાં ઓર્ડરના અનુક્રમ નં.૧ થી ૩૪ નિવૃત્ત કર્મચારીઓને તમામ લાભો માટે કરેલ કાર્યવાહીની સ્પષ્ટતા આપવી વિગેરે બાબતે કુલ–૭ મુદૃાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૬ તા.૦૩/૦૩/૨૦૧૭ |
| ૨૮ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી કુલદિપસિંહ વી રાઠોડની તા.૨૧/૧૦/૧૬ ની(આઈ.ડી.નં.૬૫) થી ફાયર વિભાગમાં ફરજ બજાવતા ૦૬ કર્મચારીઓની વૈધકિય રાહત કાર્ડ,તેનો નંબર,તેમજ સુરત મહાનગરપાલિકાની કયા હેલ્થ સેન્ટરમાંથી દવાઓ મેળવે છે,કયા પ્રકારની દવાઓ મેળવે છે વિગેરે બાબતની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૯ તા.૧૬/૦૨/૨૦૧૭ |
| ૨૯ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી બીપીન બી.પટેલની તા.૩૦/૧૧/૨૦૧૬ (આઈ.ડી. નં.૧૮૩૯) અરજીથી (૧) સુરત મહાનગરપાલિકા અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ લાભાર્થીઓને લાભ આપનાર ડોકટરોની લીસ્ટ(કતારગામ ઝોન) (૨) કતારગામ ઝોનમાં સુ.મ.પા.ધ્વારા એપ્રૃવ હોસ્પીટલમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ કેટલા લાભાર્થીઓએ ચિરંજીવી યોજના હેઠળ લાભ મળ્યો છે તેની આંકડાકીય માહિતીની નકલવિગેરે કુલ–૧૧ મુદૃાની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૩૫ તા.૩૧/૦૩/૨૦૧૭ |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૩૦ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીમસિંગ કાનજીભાઈ કોસંબીયાની તા.૧૮/૦૧/૨૦૧૭ (આઈ.ડી. નં.૨૨૧૬) ની અરજીથી સફાઈ કામદાર વિકાસ બોર્ડ અને સફાઈ કામદારોની સેનેટરી માર્ટ અંગેની વિવિધ સંસ્થાઓ મંડળીને વગર ટેન્ડરે આરોગ્ય ખાતા તથા અન્ય વિભાગો માટે સાધન સામગ્રી સફાઈકામ વિગેરે સપ્લાય કરવા અંગેની કોર્પોરેશન ધ્વારા મંડળીઓને સને ૨૦૦૫ થી આજદિન સુધી આપવામાં આવેલ ઓર્ડરો અંગે મંડળીનું નામ સરનામાં મુખ્ય વહિવટી કરતાં મંડળીના સભ્યોની યાદી તથા ૨૦૦૫ થી ૨૦૧૬ સુધી મંડળી ધ્વારા ખરીદી કરેલ વિગત,ચુકવેલા નાણાં વિગેરે માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૩૬ તા.૩૧/૦૩/૨૦૧૭ |
| ૩૧ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત જી.સુરતીની તા.૨૬/૧૦/૧૬ (આઈ.ડી.નં.૧૯૬૧)ની અરજીથી(૧) ) મહિધરપુરા મેઈન રોડ ઉપર આવેલ જયોત ફરસાણ માર્ટ, ઠે.૫/૭૭૪–૭૭૬ તેમજ ઠે.૬/૯૭૮ ધીયા શેરી સામે છે તે ફરસાણની બંને દુકાનોમાંથી તૈયાર ખાદ્ય પદાર્થોના તેમજ કાચા માલ (રો મટીરીયલ્સ)ના સેમ્પલ લીધા હોય તેના ઈન્ટીમેશનની તથા સેમ્પલ ખરીદીની રસીદ બીલની નકલ વિગેરે કુલ–૨ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૩૭ તા.૩૧/૦૩/૨૦૧૭ |
| ૩૨ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજયભાઈ ધીરજલાલ ગાંધીની તા.૦૩/૦૧/૧૭ (આઈ.ડી.નં.૨૦૯૫)ની અરજીથી(૧) ગુજરાત સરકાર અને/ અથવા/ તથા ભારત સરકાર ધ્વારા કઈ કઈ યોજના હેઠળ મહિલાઓની પ્રસુતિના ખર્ચ માટે અનુદાન ફાળવવામાં આવે છે તેની વિગતવાર માહિતી.(૨)આવી યોજના હેઠળ ફાળવવામાં આવતા અનુદાનની ફાળવણી કેવી રીતે અને કયા સંજોગો તથા ધારાધોરણ મુજબ કરવામાં આવે છે વિગેરે કુલ–૪ મુદ્દાઓની માહિતી બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ અપીલ/૦૧ તા.૦૭/૦૪/૨૦૧૭ |
| ૩૩ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય મહેરાની તા.૦૩/૦૨/૧૭ (આઈ.ડી.નં.૯૭૯)ની અરજીથી(૧) સુરત શહેરમાં યુ.સી.ડી.વિભાગની કચેરી કયા સ્થળ ઉપર આવેલ છે તે ફોન નંબર સહીતની માહિતી આપવી (૨) વર્ષ ૨૦૧૬ દરમ્યાન ગરીબ મેળાનું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત કુલ ૧૬૭૩૦ લાભાર્થીઓને કુલ–૨૧,૧૩૨ લાખની સહાય વિતરણ કરવામાં આવેલ તેની લાભાર્થી દીઠ કેટલા રૂપિયાની સહાય અપાય તેની પુરાવા સાથેની માહિતી વિગેરે બાબત. | જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ અપીલ/૦૫ તા.૧૩/૦૪/૨૦૧૭ |

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં. SMC/PHD/FAP/55/2016. Dt.28/10/2016.**
**આરોગ્ય મહેકમ વિભાગ.**

અરજદાર ::— શ્રી અરૂણ એસ પાઠક.

સામાવાળા ::— જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ ), સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી અરૂણ એસ પાઠકની તા.૨૨/૦૮/૨૦૧૬ની(આઈ.ડી.નં.૨૯૫) ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ધ્વારા તબદીલ કરવામાં આવેલ અરજી તા.૦૨/૦૯/૨૦૧૬ ના રોજ માર્કેટ વિભાગ ને પ્રાપ્ત થયેલ હતી, જે અરજીથી સુરત શહેરમાં માંસ મચ્છીના વેચાણ અંગે પરવાનો મેળવવા બાબતે સરકારશ્રીના નિતી—નિયમો અંગેની વિગેરે બાબતે કુલ—૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૮૪૩ તા.૧૬/૦૯/૨૦૧૬ થી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, અરજદારે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ વિભાગ )ધ્વારા નિયત સમયમાં માહિતી પુરી પાડવામાં આવેલ ન હોય માંગેલ માહિતી વિના મુલ્યે પુરી પાડવામાં આવે, તેમ જણાવી નારાજ થયેલ હોવાનું જણાવી તા.૧૪/૧૦/૨૦૧૬ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી મ્યુનિસિપલ કચેરીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે.

અરજદારની ઉકત આરટીઆઈની અરજીથી મુદ્દા નં.૧ થી સુરત શહેરમાં માંસ મચ્છીના વેચાણ અંગે પરવાનો મેળવવા બાબતે સરકારશ્રીના નીતિ—નિયમો અંગેની સંપૂર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.૨ થી સુરત શહેરમાં માંસ મચ્છીના વેચાણ અંગે આપેલ તમામ પરવાના મંજૂરીની સંપૂર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં. ૩ માં સુરત શહેર સુરત મહાનગરપાલિકાની મંજુરી વગર ચાલતી તમામ માંસ મચ્છીની લારીઓ, ગલ્લાઓ અને દુકાનો વિરૂધ્ધ તા.૦૧/૦૧/૧૬ થી આજદિન સુધી કરેલ તમામ પ્રકારની કાર્યવાહીઓ અંગેની સંપુર્ણ નકલો સહિત વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.૪ સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી વગર વેચાઈ રહેલ માંસ મચ્છી અંગે કાયદેસરની કાર્યવાહી જે વિભાગ તથા જે અધિકારીઓ અને કર્મચારીઓ ધ્વારા કરાતી હોય તે સંબંધિતોના નામ,કર્મચારી નંબર અને સંપર્ક નંબરની સંપુર્ણ નકલો સહિત વિગતવાર માહિતી આપશો.મુદ્દા નં.૫ તા.૧૧/૦૮/૧૬ના રોજ માનવ કલ્યાણ જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ ધ્વારા આપેલ આવેદન પત્રના અનુસંધાને સુરત મહાનગરપાલિકા ધ્વારા આજદિન સુધી જે કાંઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય, તે અંગેની સંપુર્ણ વિગતવાર માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારની ઉકત અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી મુદ્દા નં.૧ની માહિતી મેળવવા બાબતે રૂા.૧૦/—દસ્તાવેજી નકલના નાણાં ભરપાઈ કર્યેથી નકલ મેળવી લેવા જણાવવામાં આવેલ હોવાનું જણાય છે,જે અન્વયે અરજદાર નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવાની રહે. મુદ્દા નં.૨ ની માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા આરટીઆઈ એકટની કલમ—૮(૧)(૬)ની અન્વયે ત્રાહીતને લાગત અંગત માહિતી હોય તેમજ માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતું નહોય પુરી પાડવા જોગ જણાતી નથી તેમ જણાવેલ છે,તેમજ સદર માહિતી વિસ્તૃત (વિશાળ)પ્રમાણમાં હોય જે અંગે રેકર્ડ તપાસણી કરી માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે.આમ જાહેર માહિતી અધિકારીશ્રીના પ્રત્યુત્તરમાં વિસંગતતા જણાય છે.મુદ્દા નં.૩ બાબતે માહિતી ઉપલબ્ધ નથી તે મુજબનો જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાય છે,મુદ્દા નં.૪ પરત્વે સુરત શહેરમા સુરત મહાનગરપાલિકાની મંજૂરી વગર વેચાઈ રહેલ માંસ—મચ્છી અંગે કાયદેસરની કાર્યવાહી જે વિભાગ તથા જે કર્મચારીઓ ધ્વારા કરાતી હોય તે સંબધીતોના નામ,કર્મચારી નંબર અને સંપર્ક નંબરની સંપુર્ણ નકલો સહિતની વિગતવાર માહિતીની માંગણી કરેલ હતી, જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા સદર કાર્યવાહી થતી હોવાનું જણાવેલ છે,પરંતુ નામ,કર્મચારી નંબર,સંપર્ક નંબરની વિગત પુરી પાડેલ જણાતી નથી,જે ધ્યાને લેતાં મુદ્દા.નં.૩ માં જણાવેલ કામગીરી નાયબ આરોગ્ય અધિકારીશ્રીના કાર્યક્ષેત્રમાં આવતી હોય મુદ્દા.નં.૩ માટે જે તે સત્તામંડળને અરજદારની અરજી તબદીલ કરવા જોગ જણાતી હતી જે તબદીલ કરેલ હોવાનું જણાતું નથી જયારે મુદ્દા નં.૫ બાબતે સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૩૨૭/૧૪ તા.૩૦/૦૭/૧૪ થી દર વર્ષે શ્રાવણ માસના પહેલા, બીજા, ત્રીજા અને ચોથા સોમવાર એટલે કે તા.૦૮/૦૮/૧૬ તા.૧૫/૦૮/૧૬ , તા.૨૨/૦૮/૧૬ તથા તા.૨૯/૦૮/૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ બંધ રાખવાનું ઠરાવેલ હોય આવેદન પત્રના સંદર્ભમાં આગળની કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તે મુજબનો પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની તા.૨૨/૦૮/૨૦૧૬ ની આરટીઆઈની અરજી પરત્વે મળેલ પ્રત્યુત્તર અંગેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન—૫ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૯૧ તા.૨૯/૧૦/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ)વિભાગ ધ્વારા પત્રનં.પીએચડી/માર્કેટ/૧૧૦૨, તા.૦૯/૧૧/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જયારે અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૫ તા.૦૫/૧૨/૧૬ થી તા.૧૫/૧૨/૧૬ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે, તેમજ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૭ તા.૧૯/૧૨/૧૬ થી તા.૨૩/૧૨/૧૬ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ સદર દિને પણ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેનો નિકાલ થઈ શકેલ ન હોય ફરીથી અત્રેથી તેઓને પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૨ તા.૨૮/૧૨/૧૬ થી તા.૦૩/૦૧/૧૭ ના રોજ બપોરે ૧:૦૦ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, પરંતુ ઉકત તમામ તારીખ અને સમયે અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહયા ન હતાં, પરંતુ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી માર્કેટ વિભાગ તરફથી તેઓના પ્રતિનિધી રૂબરૂ સુનાવણી અર્થે ઉકત તમામ દિને હાજર રહેલ હતાં.

આમ અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો મુદ્દાવાઈઝ હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

- **મુદ્દા.નં.૧** જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ)વિભાગનો પ્રત્યુત્તર ઉચિત જણાય છે,જે મુજબ અરજદારને જાહેર માહિતી અધિકારીશ્રીએ નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ આપેલ હોય જે સ્વીકારી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

- **મુદ્દા.નં.૨** બાબતે રેકર્ડ તપાસણીનો પ્રસ્તાવ આપેલ છે,પરંતુ તે અંગેની તારીખ અને સમય આપેલ ન હોય ,અપીલ અરજીનો હુકમ થયેથી દિન—૭ માં અત્રેની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારને રેકર્ડ તપાસણી માટે તારીખ અને સમય આપી મુળ અરજીના પરિપેક્ષમાં રેકર્ડ તપાસણી સમયે અરજદાર જણાવે એટલી દસ્તાવેજી નકલો પ્રમાણિત કરી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને જણાવવામાં આવે છે.

- **મુદ્દા.નં.૩ તથા ૪** અન્વયે મુદ્દા.નં.૩ મા જણાવેલ કામગીરી બાબતે મુદ્દા.નં.૪ માં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા સદર કાર્યવાહી થતી હોવાનું જણાવેલ છે,પરંતુ નામ,કર્મચારી નંબર,સંપર્ક નંબરની વિગત પુરી પાડેલ જણાતી નથી,જે ધ્યાને લેતાં મુદ્દા.નં.૩ માં જણાવેલ કામગીરી નાયબ આરોગ્ય અધિકારીશ્રીના કાર્યક્ષેત્રમાં આવતી હોય મુદ્દા.નં.૩ માટે જે તે સત્તામંડળને અરજદારની અરજી તબદીલ કરવા જોગ જણાતી હતી જે તબદીલ કરેલ હોવાનું જણાતું ન હોય મુદ્દા.નં.૩ તથા ૪ પુરતી સદર અરજી દિન—૫ માં અત્રેની કચેરીની જાણ હેઠળ સંબધિત ઝોનના જાહેર માહિતી અધિકારીશ્રીઓ પ્રતિ તબદીલ કરવા હુકમ કરવામાં આવે છે.

- **મુદ્દા .નં.૫** બાબતે જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર યોગ્ય જણાય છે.જે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦—એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૧૭

ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. SMC/PHD/FAP/56/2016. Dt.28/10/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી સંજય આર.પાઠક.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ ), સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સંજય આર.પાઠકની તા.૨૯/૦૨/૨૦૧૬ની(આઈ.ડી.નં.૨૮૭૦) ની અરજી એકઝીકયુટીવ આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.સીસીસી/સીઝેડ/ આરટીઆઈ/આઉટ/૧૬૨૧ તા.૦૩/૦૩/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ સુપરવાયઝર શ્રી મધ્યાહન ભોજન યોજના તથા જાહેર માહિતી અધિકારી અને શિક્ષણ અધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી, ત્યાર બાદ સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ સુપરવાઈઝરશ્રી મધ્યાહન ભોજન યોજના ધ્વારા પત્ર નં.મભય/અમલ/આરટીઆઈ/વશી/ ૪૭૭/આ.નં./ ૨૨૯ તા. ૧૦/૦૩/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાને મુદ્દા નં. ૨ ની માહિતી આપના કાર્યક્ષેત્રમાં આવતી હોવાનું જણાવી તબદીલ કરવામાં આવેલ હતી,સદર અરજીના મુદ્દાઓ પૈકીના મુદ્દા.નં.૨ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ફુડ વિભાગને લાગત હોવાનું જણાતાં પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૪૩ તા.૧૬/૦૩/૨૦૧૬ થી તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારની ઉકત અરજીથી કુલ–૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે પૈકી મુદ્દા.નં.૨ થી શિક્ષણ સમિતિ શાળા નં.૨૮૪ (ઉર્દુ શાળામાં)સદર બનાવ બન્યા બાદ તાકીદે ફુડ વિભાગને જાણ કરતાં ફુડ વિભાગે અક્ષયપાત્રમાં અપાયેલ ભોજનના સેમ્પલ લઈને ટેસ્ટીંગ માટે મોકલેલ હોય તે સેમ્પલના રીપોર્ટસ સાથે સદર ભોજન અંગે આશીષ નાયક આરોગ્ય અધિકારીશ્રી,આરોગ્ય ખાતા ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાય રીપોર્ટોની પ્રમાણિત નકલો રેકર્ડ આધારે પુરી પાડવા જણાવેલ હતું,જે મુદ્દા પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) ધ્વારા મુદ્દા નં.૨ પરત્વેની માહિતી પત્ર નં.પીએચડી/ફુડ/૧૫૬ તા.૧૮/૦૪/૨૦૧૬ થી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે , અરજદારે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી એ મુદ્દા.નં.૨ પરત્વેની માહિતી આધારો વગરની અધુરી અને ગેરમાર્ગે દોરતી માહિતી પુરી પાડવામાં આવેલ છે, મુદ્દા નં.૨ ની માહિતી સેમ્પલના રીપોર્ટ સાથે આરોગ્ય અધિકારીશ્રીએ આપેલ અભિપ્રાયની નકલો સાથે જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ હતી, પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રીએ માત્ર લીધેલ નમુનાઓ ધારાધોરણો મુજબ માલમ પડેલા છે, એવો જવાબ આપી અમોને આધાર સાથેની સંપુર્ણ માહિતી પુરી પાડેલ નથી, એમ જણાવી વિનામુલ્યે માહિતી દિન–૭ માં પુરી પાડવામાં આવે તેમ જણાવી તા.૨૬/૧૦/૨૦૧૬ ના રોજ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી આરોગ્ય વિભાગને ઉદેશીને અપીલ અરજી કરેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ )તરફથી પત્ર.નં.પીએચડી/ ફુડ/૧૫૬ તા.૧૮/૦૪/૨૦૧૬ થી અરજદારને સમય મર્યાદા બાદ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થયેલ હોવાનું જણાવી અરજદારે તા.૨૬/૧૦/૧૬ ના રોજ અપીલ અરજી કરેલ છે, જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી ફુડ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ)તરફથી પત્ર.નં.પીએચડી/ફુડ/૨૯૩૯ તા.૦૩/૧૧/૧૬ થી લેખીત પુર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. જે અનુસંધાને અરજદારની તા.૨૯/૦૨/૧૬ ની (આઈ.ડી.નં.૨૮૭૦) થી માંગેલ **મુદ્દા.નં.૨** પરત્વે શિક્ષણ સમિતિ શાળાં ક્રમાંક–૨૮૪(ઉર્દુ શાળામાં) અક્ષયપાત્રમાં અપાયેલ ભોજન ખાધા બાદ બાળકોની તબીયત બગડવાના બનાવાનો બનાવ બનેલો તે સમયે અત્રેના ફુડ સેફટી ઓફિસર શ્રી એચ.એસ.પટેલે સદર શાળામાંથી વેજ પુલાવ,મીક્ષ દાલ અને ભાખરીના સર્વેલન્સ નમુના લઈ પૃથ્થકરણ સારૂ પબ્લીક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે, જે નમુનાઓ ધારાધોરણો મુજબના માલમ પડેલ છે તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

વધુમાં અરજદારની આરટીઆઈ એકટ હેઠળ કરેલ પ્રથમ અપીલ અરજીનાં અનુસંધાને બન્ને પક્ષોને રૂબરૂ સાંભળવાના હેતુસર આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી મુગલીસરા સુરત ખાતે અનુક્રમે તા.૦૮/૧૨/૨૦૧૬ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેથી પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/અપીલ/૯૩ તા.૩૦/૧૧/૨૦૧૬ થી જણાવવામાં આવેલ હતું,પરંતુ અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હોય ફરીથી તા.૧૫/૧૨/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૪૫ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા

પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/અપીલ/૯૬ તા.૧૩/૧૨/૨૦૧૬ થી જણાવવામાં આવેલ હતું , પરંતુ સદર દિને પણ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેનો નિકાલ થઈ શકેલ ન હોય ફરીથી તા.૨૬/૧૨/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ઉકત સ્થળે હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૯૯ તા.૨૧/૧૨/૨૦૧૬થી જણાવવામાં આવેલ હતું,પરંતુ ઉકત તમામ દિને અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહયા ન હતાં, પરંતુ ઉકત તમામ દિને જાહેર માહિતી અધિકારી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા. આમ અરજદારની મુળ અરજી, અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસર (ફુડ)વિભાગ,તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯/૦૨/૨૦૧૬ ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડવિભાગ)તરફથી સમયમર્યાદા બાદ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. વધુમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ મુદ્દા નં. ૨ પરત્વે અરજદારની અરજીમાં દર્શાવેલ વિગતોનો અભ્યાસ કરતાં ઉપરોકત વિગતે અરજદાર ધ્વારા માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ ) ધ્વારા અધુરી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું હોય, મુદ્દા નં. ૨ પરત્વે અરજદારને પુરી પાડવાની બાકી રહેતી માહિતી સબબ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ રેકર્ડ તપાસણીનો પ્રસ્તાવ આપી, રેકર્ડ તપાસણી દરમ્યાન રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પૈકીની જરૂરીયાત મુજબની નકલો આરટીઆઈ એકટની કલમ ૭(૬) અન્વયે વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ)ને આદેશ કરવામાં આવે છે,તેમજ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ)ને ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે,આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૧૭

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/68/2015. Dt.28/12/2016.** આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી મુતલુબઅલી ઈસ્માઈલ મોમીન.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી.વિભાગ),
સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૨/૧૧/૧૬ ની આરટીઆઈ એક્ટ–૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી. નં.૧૭૧૭)થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં.જીએડી/ ઈએસટી/ પી/૧૮૯૦ તા.૨૫/૧૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને આસી.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી. સી.વિભાગ)ને અરજી આંશીક તબદીલ કરવામાં આવેલ હતી,અરજદારે તેમની મૂળ અરજીથી **(૧)**કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૦૮૨ તા.૦૬/૦૨/૨૦૧૬ મુજબ ૫૮ વર્ષ થતા નિવૃત્ત કર્મચારીઓને નિયમોનુસાર મળવાપાત્ર નિવૃત્તીના તમામ લાભો નિયત સમયમર્યાદામાં ચુકવવા માટે સંબધિત ખાતાઓ / ઝોનના વડા તથા પર્સોનેલ ઓફિસર વિગેરેને આદેશાનુંસાર જણાવવામાં આવેલ છે,જેમાં ઓર્ડરના અનુક્રમ નં.૧ થી ૩૪ નિવૃત્ત કર્મચારીઓને તમામ લાભો માટે કરેલ કાર્યવાહીની સ્પષ્ટતા આપવી **(૨)**કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૦૮૨, તા.૦૬/૦૨/૧૬ માં તમામ લાભો સમય–મર્યાદા કેટલા દિવસ કે વર્ષ સ્પષ્ટ કરેલ નથી,જેથી કેટલી સમજવી તેની માહિતી આપવી **(૩)** ૫૮ વર્ષની વયમર્યાદા થતા કર્મચારીઓને તેમજ લાગત ખાતાઓ/ ઝોન ૬ માસ કે તેથી વધુ સમય પહેલા કયા હેતુને ધ્યાને લઈ ઓર્ડર કાઢવામાં આવે છે/બતાવવામાં આવે છે જેની સ્પષ્ટ માહિતી આપવી **(૪)** જીએડી/ઈએસટી/ ૬૦૬૨,તા.૦૬/૦૨/૧૬ માં જણાવ્યા મુજબ અનુક્રમ નં.૧ થી ૩૪ નિવૃત્ત કર્મચારીને નિયમોનુસાર મળવાપાત્ર વિવિધ લાભોની ચુકવણી કયારે ચુકવવામાં આવેલ,જેની દરેકની તારીખ પ્રમાણે માહિતી સ્પષ્ટ આપવી **(૫)** જીએડી/ઈએસટી/૬૦૬૨,તા.૦૬/૦૨/૧૬ માં જણાવેલ અ.નં.૧થી૩૪ નિવૃત્ત કર્મચારી પૈકી કેટલા નિવૃત્ત કર્મચારીઓને મળવાપાત્ર લાભોથી વંચિત રાખવામાં આવેલ તેમજ કયા કારણોસર પેન્ડીગ રાખવામાં આવેલ છે જેની સ્પષ્ટ માહિતી આપવી.**(૬)** ઓર્ડરમાં જણાવેલ નિવૃત્ત કર્મચારીઓ પૈકી બાકી રહી ગયેલાઓની નિયત સમયમર્યાદમાં નિયમોનુંસાર મળવાપાત્ર લાભોથી વંચિત રાખતા ખાતાઓ/ઝોનના લાગત જવાબદારો સામે કોઈ કાયદાકીય પગલા/શિક્ષા કરવામાં આવેલ છે કે કેમ?જેની માહિતી આપવી**( ૭)** જાન્યુઆરી ૨૦૧૬ થી ઓકટોબર ૨૦૧૬ સુધીમાં સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓ પૈકી કેટલા કર્મચારીઓની ૫૮ વર્ષની વયમર્યાદા થયા પછી નિવૃત્ત થયેલ કર્મચારીઓને મળવાપાત્ર લાભો કયારે અને કઈ તારીખે આપેલ છે તેમજ બાકી રહી ગયેલાઓને કયારે લાભો આપવામાં આવશે જેની સ્પષ્ટ માહિતી તમામ કેટેગરીની વિગેરે બાબતે કુલ–૦૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.અરજદારે તેઓની ઉકત અરજીનાં મુદ્દા.નં.૨ થી ૭ ની માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ નથી તથા મુદ્દા.નં.૨ તથા ૩ નો જવાબ મળેલ નથી તેમજ મુદ્દા.નં.૪ થી ૭ ની સંપુર્ણ માહિતી પુરી પાડવામાં આવે તેમ જણાવી નારાજ થઈ મ્યુ.કમિશ્નરશ્રી,અપીલ અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૦૫/૧૨/૧૬ ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અરજી સેકશન ઓફિસર(વી.બી.ડી.સી.વિભાગ) તરફથી અત્રેના વિભાગને તા.૨૮/૧૨/૧૬ ના રોજ કાર્યવાહી અર્થે રવાના કરેલ હતી.

ઉપરોકત વિગતે અરજદારની આરટીઆઈની અરજી પરત્વે પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૩, તા.૦૨/૦૧/૧૭થી અરજદાર મજકુરને તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી, (વી.બી.ડી.સી.વિભાગ)ને જણાવવામાં આવેલ હતું,અપીલ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી(વી.બી.ડી.સી.વિભાગ)ધ્વારા પત્ર જાવક નં.પીએચડી/આઈઓ/૩૩૧૫ તા.૦૫/૦૧/૧૭ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.અરજદારશ્રીની ઉકત અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી(વી.બી.ડી.સી.વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ આઈઓ/૩૧૦૧,તા.૦૯/૧૨/૧૬ થી અરજદારને આરટીઆઈની અરજી પરત્વેના મુદ્દા.નં.૧ થી ૩ તથા મુદ્દા.નં.૬ અત્રેના વિભાગને લાગત જણાતા નથી, તે મુજબ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે તથા મુદ્દા.નં.૪ અને ૭ બાબતે કચેરીનો સંપર્ક કરવા જણાવેલ હોવાનું જણાય છે તેમજ મુદ્દા.નં.૫ બાબતે રેકર્ડની ચકાસણી કરતા નિવૃત કર્મચારીઓને મળવાપાત્ર લાભોથી વંચિત રાખવામાં આવેલ નથી. વહીવટી કારણોસર સાતમા પગારપંચના ફિકસેશનો પરિપત્ર અત્રેની કચેરી પર આવેલ નથી, જેથી સાતમા પગારપંચની ફિકસેશનની કાર્યવાહી બાકી રહે છે. તે સિવાય અન્ય કોઈ કર્મચારીઓ નિવૃતિના કામથી વંચિત નથી,જે મુજબની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૫,તા.૦૭/૦૧/૧૭ મુજબ તા.૧૩/૦૧/૧૭ ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૭, તા.૧૯/૦૧/૧૭ મુજબ તા.૦૧/૦૨/૧૭ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે તેમજ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૧૧૩, તા.૦૪/૦૨/૧૭ મુજબ તા.૧૦/૦૨/૧૭ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ડે.કમિશનર (હે. અને હો.) અને એપેલેટ ઓફિસરશ્રી સમક્ષ સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ ઉકત તમામ દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હતા,જયારે વી.બી.ડી.સી વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી વતી સેકશન ઓફિસર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતાં,આમ અરજદારની મુળ અરજી,અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારી(વી.બી.ડી.સી.વિભાગ) તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા પુર્તતા રીપોર્ટ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૧૧/૧૬ ની અરજીનાં મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી,વી.બી.ડી.સી.વિભાગના પત્ર નં.પીએચડી/આઈઓ/૩૧૦૧ તા.૦૯/૧૨/૨૦૧૬ મુજબનો પ્રત્યુતર ધ્યાને લેતા **મુદ્દા.નં.૧** થી કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૦૮૨, તા.૦૬/૦૨/૨૦૧૬ મુજબ અનુક્રમ નં.૧ થી ૩૪ અન્વયે નિવૃત્ત કર્મચારીઓ પૈકી વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓની કરવામાં આવેલ કાર્યવાહી અંગેની રેકર્ડ આધારિત માહિતી પુરી પાડવાની રહે છે તથા **મુદ્દા.નં.૨ થી ૩** અંગે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાતો હોય તે બાબતે અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી.**મુદ્દા.નં.૪** બાબતે ૩૪ કર્મચારીઓ પૈકી વી.બી.ડી.સી. વિભાગના કર્મચારીઓને કોઈ લાભોની ચુકવણી કરવામાં આવેલ હોય તો માહિતી આપવાની રહે છે તથા જો કોઈ લાભો ચુકવવામાં ન આવેલ હોય તો "નીલ" માહિતી આપવાની રહે છે તેમજ મુદ્દા નં.૫ નો પ્રત્યુત્તર ઉચિત જણાય છે. **મુદ્દા.નં.૬ તથા ૭** થી માંગેલ માહિતી બાબતે વી.બી.ડી.સી.વિભાગને લાગત કર્મચારીઓની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારને પુરી પાડવાની રહે છે,જે મુજબ અરજદારને પુરી પાડવા જોગ તમામ માહિતી આરટીઆઈની કલમ—૭(૬) હેઠળ વિનામુલ્યે દિન—૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી. સી.વિભાગ) ને હુકમ કરવામાં આવે છે,તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી.વિભાગ)ને ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી ૯૦ (નેવું) દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૩/૨૦૧૭

ડે.કમિશનર (હે. અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/65 Dt.21/10/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :— શ્રી કુલદિપસિંહ વી રાઠોડ.
સામાવાળા :— જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૧/૧૦/૧૬ની આરટીઆઈ એકટ—૨૦૦૫ હેઠળની અરજી(આઈ.ડી.નં.૬૫)થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફાયર ઓફિસરશ્રી સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ અરજીથી ફાયર વિભાગમાં ફરજ બજાવતા ૦૬ કર્મચારીઓની વૈધકિય રાહત કાર્ડ,તેનો નંબર,તેમજ સુરત મહાનગરપાલિકાની કયા હેલ્થ સેન્ટરમાંથી દવાઓ મેળવે છે,કયા પ્રકારની દવાઓ મેળવે છે વિગેરે બાબતની માહિતીની માંગણી કરતી અરજી કરેલ હતી,જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફિસરશ્રીના પત્ર નં.એફઈએસ/આઉટ/૧૬૯૨ તા.૨૪/૧૦/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે.આરોગ્ય અધિકારી સેન્ટ્રલ ઝોનને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજી પરત્વેની અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા આજ દિન સુધી કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રીને ઉદ્દેશીને તા.૩૦/૧૨/૧૬ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે.જે અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ધ્વારા રવાના કરેલ હતી,જે તા.૦૨/૦૧/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત આરટીઆઈની અરજીના અનુસંધાને અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૪ તા.૦૪/૦૧/૧૭ થી અરજદારની અપીલ અરજી પરત્વે મુળ અરજીની નકલ,આપેલ માહિતીની નકલ તેમજ આપવા જોગ પુરક માહિતીની વિગતોની સ્પષ્ટતાસહ અપીલના મુદ્દાઓ અંગે પક્ષ રજુ કરવા સાથેની દફતરી વિગતોની માહિતી દિન—૫ માં અત્રેની કચેરીને ઉલટ ટપાલે પહોંચતી કરવા આરોગ્ય ખાતાના જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન)પ્રતિ જણાવેલ,જે અન્વયે તેઓના પત્રનં.સેન્ટ્રલ ઝોન/પીએચડી/આઉટ/૧૮૪ તા.૦૫/૦૧/૧૭ થી અરજદાર મજકુર ધ્વારા ફાયર ખાતામાં ફરજ બજાવતા કર્મચારી નં.૧૦૬૨૨,૧૧૪૦૯, ૧૧૫૫૯,૧૨૭૧૬,૧૪૭૫૯,૩૪૯૮૫ ના સદર કર્મચારીઓ ફાયર ખાતામાં ફરજ બજાવે છે કે કેમ ? જેની ચકાસણી કરી માંગેલ માહિતી અરજદારને આપવાની હોય છે,જે અંગેની કાર્યવાહી ફાયર ખાતા ધ્વારા થયેલ નથી અને અરજી સીધી અત્રે તબદીલ કરેલ હોય પ્રથમ તબકકે સદર કર્મચારીઓની માહિતી ફાયર ખાતામાંથી ન થઈ શકતી હોય તો જ અત્રે તબદીલ કરવા જણાવવા ફાયર ઓફિસર પ્રતિ રીપોર્ટ રવાના થવા પર્સોનેલ ઓફિસર(આરોગ્ય)પ્રતિ પત્ર મોકલવા જણાવેલ છે.

અરજદાર ધ્વારા અપીલ અરજી સાથે સામેલ કરેલ તુમારોમાં અભ્યાસ કરતા જાહેર માહિતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફિસરશ્રી ધ્વારા સદર મુળ અરજી અરજદારશ્રીની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)પ્રતિ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે.જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન)એ જો તેઓના સત્તામંડળને લાગત હોય તો માહિતી આપવાની રહેતી હતી અન્યથા લાગત સત્તામંડળને તબદીલ / ફેરતબદીલ કરવાની રહેતી હતી,જેનો પ્રસ્તુત કિસ્સામાં અમલ થયેલ જણાતો નથી તથા અપીલ તબકકે ઉકત વિગતે ફાયર ઓફિસરશ્રીને જણાવવા માટે રજુઆત કરેલ છે જે ઉચિત જણાતુ નથી તેમજ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ધ્વારા લખેલ પત્ર સાથે અરજદારને કોઈ પ્રત્યુત્તર પાઠવેલ છે કે કેમ ? તે સ્પષ્ટતા થયેલ નથી કે તેની નકલ રજુ કરેલ નથી પરંતુ પત્રની વિગત ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આરટીઆઈ એકટ હેઠળની કરેલ અરજીનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાતું નથી કે સંબંધિત સત્તાતંત્ર અંગેની વિગતો શોધવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાતુ નથી. વધુમાં અરજદારની મુળ અરજીનો અભ્યાસ કરતા કર્મચારી નં.૧૦૬૨૨, ૧૧૪૦૯, ૧૧૫૫૯, ૧૨૭૧૬,૧૪૭૫૯,૩૪૯૮૫ ને સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવતી વૈદ્યકીય રાહત કાર્ડ ચોપડી ધરાવે છે,ચોપડી ધરાવતા હોય તો તેનો નંબર સુરત મહાનગરપાલિકાની કઈ હોસ્પીટલ,હેલ્થ સેન્ટરમાંથી દવાઓ મેળવે છે,તેમજ કયા પ્રકારની દવાઓ મેળવે છે,તેવી ચોપડી ધારણ કરતા હોય તો તે સમયથી રેકર્ડ પરની માહિતી આપવા જણાવેલ છે,જે માટે સદર નંબર ધરાવતા કર્મચારીઓ ફાયર ખાતામાં ફરજ બજાવે છે કે કેમ ? તેની જાણકારી મેળવવી જરૂરી જણાતી નથી,પરંતુ સદર નંબર ધારક જો સુરત મહાનગરપાલિકાના કર્મચારી હોય તેમજ વૈદ્યકીય રાહત પુસ્તિકા ધારક હોય તો રેકર્ડ પરથી સારવાર માટે નિયત કરેલ હોસ્પીટલ તથા કર્મચારી ધ્વારા પસંદ કરેલ શહેરી આરોગ્ય કેન્દ્ર તથા શહેરી આરોગ્ય કેન્દ્ર અને પ્રસુતિગૃહની વિગત આપવાની રહે છે,જયારે અપીલ અધિકારીનું અવલોકન એવુ છે કે,કયા પ્રકારની દવાઓ મેળવે છે તે માહિતી મેડીકલ સિધ્ધાંતને આધિન જાહેર કરવી ઉચિત જણાતું નથી તથા તે માહિતી વ્યકિતના અંગત જીવનને લગતી હોય તેવી માહિતી જે વિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવી યોગ્ય જણાતી ન હોય,આરટીઆઈ એકટની કલમ—૮(૧)(ઠ)મુજબ આપવાની રહેતી નથી,વળી સદર વૈદ્યકીય રાહત પુસ્તિકાઓ સંબધિત કર્મચારી પાસે જ રહેતી હોય ફકત દવા લખવાના સમયે જ રજુ કરવામાં આવતી હોય આરટીઆઈ એકટની કલમ—૨ (એફ),૨ (જે) અન્વયે માહિતી અધિકારની વ્યાખ્યા પ્રમાણે જાહેર સત્તામંડળ પાસેથી તથા તેના તાબા હેઠળની રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ છે,જે ધ્યાને લેતાં પણ સદર માહિતી ઉકત વિગતે રેકર્ડ ઉપર રહેતી ન હોય આપી શકાય તેમ જણાતી નથી.

**—: હુકમ :—**

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી,જાહેર માહિતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફિસર (ફાયર વિભાગ) તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન)ની રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા ઉકત વિગતે અરજદારને માહિતી / પ્રત્યુત્તર પુરી પાડેલ હોવાનું જણાતું નથી તેમજ સંબંધિત સત્તામંડળને તબદીલ/ફેર તબદીલ કરેલ જણાતી નથી તેમજ સંબંધિત સત્તાતંત્રની વિગતો શોધવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાતું ન હોય,આરટીઆઈ એકટનો હાર્દ,હેતુ ધ્યાને લઈ અરજદારને તાકીદે માહિતી મળી શકે તે હેતુસર માંગવામાં આવેલ માહિતી પૈકી કર્મચારી નં.૧૦૬૨૨,૧૧૪૦૯,૧૧૫૫૯,૧૨૭૧૬,૧૪૭૫૯,૩૪૯૮૫ ની માહિતી ગુજરાતી કલાર્કશ્રી (આરોગ્ય)ની કચેરી ખાતે ઉપલબ્ધ હોય શકે છે તે ધ્યાને લઈ દિન—૭ માં નીચે સહી કરનારની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ—૭(૬) હેઠળ ગુજરાતી કલાર્ક આરોગ્ય વિભાગ પાસેથી માહિતી મેળવી અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ને હુકમ કરવામાં આવે છે,જયારે અન્ય બાબતે ઉકત વિગતો ધ્યાને લેતાં બીજો કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦—એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૨/૨૦૧૭

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/78/2016. Dt.02/02/2017.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી બીપીન બી.પટેલ.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને જુની.મેડીકલ ઓફિસરશ્રી,વેડ રોડ અર્બન હેલ્થ સેન્ટર,સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી બીપીન બી.પટેલની તા.૩૦/૧૧/૨૦૧૬(આઈ.ડી. નં.૧૮૩૯)ની અરજી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી,નોર્થ ઝોનના પત્ર નં.એન/ઝેડ/આઉટ/૧૨૮૮ તા.૦૭/૧૨/૧૭ થી વિવિધ હેલ્થ સેન્ટરોના જાહેર માહિતી અધિકારી અને મેડીકલ ઓફિસરશ્રીઓ પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજી વેડ રોડ અર્બન હેલ્થ સેન્ટરને તા.૦૭/૧૨/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ હતી,અરજદારે તેમની મૂળ અરજીથી (૧) સુરત મહાનગરપાલિકા અંતર્ગત ચિરંજીવી યોજના હેઠળ લાભાર્થીઓને લાભ આપનાર ડોકટરોની લીસ્ટ(કતારગામ ઝોન) (૨) કતારગામ ઝોનમાં સુ.મ.પા.ધ્વારા એપ્રુવ હોસ્પીટલમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ કેટલા લાભાર્થીઓએ ચિરંજીવી યોજના હેઠળ લાભ મળ્યો છે તેની આંકડાકીય માહિતીની નકલ (૩) કતારગામ ઝોનમાં એપ્રુવ હોસ્પીટલ શિવમ હોસ્પીટલ અને પ્રસુતિ ગૃહમાં કુલ કેટલા લાભાર્થીઓએ ચિરંજીવી યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો છે તેવા લાભાર્થીઓનું લીસ્ટ (૪) ચિરંજીવી યોજનાનો લાભ લેવા માટે કઈ કઈ ડોકયુમેન્ટની જરૂર પડે છે તેની માહિતી(૫) ચિરંજીવી યોજના હેઠળ ક્રમ, લાભાર્થીઓના નામ, એડ્રસ, લાભાર્થીઓના મમતા કાર્ડ નંબર,વર્ષ/મહિનો/બી.પી.એલ.કાર્ડ,એસ.સી./એસ.ટી.ની સંખ્યા , મોબાઈલ નંબર, કુલ લાભાર્થીઓની સંખ્યા વિગેરે શિવમ હોસ્પીટલ અને પ્રસુતિગૃહના લાભાર્થીઓની માહિતી (૬) શિવમ હોસ્પીટલનો બાયો મેડીકલ વેસ્ટનું રજીસ્ટ્રેશન નંબર/લાયસન્સ નંબરની નકલ આપવી (૭) શિવમ હોસ્પીટલ અને પ્રસુતિ ગૃહમાં મેડીકલનું ડ્રગ્સ લાયસન્સ/ રજીસ્ટ્રેશન નંબર આપશો.(૮) મુદ્દા નં.૭ મુજબ કયા વર્ષમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ અને દરવર્ષે કઈ તારીખે રીન્યુઅલ કરવામાં આવ્યુ તેની વિગતો આપવી. (૯) શિવમ હોસ્પીટલ અને પ્રસુતિગૃહમાં ડો.હિતેશ જોષી હાલમાં કઈ ડિગ્રી ધરાવે છે તેનુ નામ આપશો.(૧૦) મુદ્દા નં.૯ મુજબ ડો.હિતેશ જોષી કેટલા સમયગાળાથી શિવમ હોસ્પીટલમાં ફરજ બજાવે છે તેની વિગતો આપશો.(૧૧) સુરત મહાનગરપાલિકામાં ચિરંજીવી યોજના હેઠળ કુલ કેટલી ફરીયાદો તેમજ આવેદન પત્ર નોંધાયેલ છે તેની નકલ વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને જુની.મેડીકલ ઓફિસરશ્રી, વેડ અર્બન હેલ્થ સેન્ટર ધ્વારા પત્ર.નં.વેડ રોડ/અ.હે.સે./આઉટ/૯૭૦ તા.૦૨/૦૧/૨૦૧૭ થી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જે મળેલ પ્રત્યુત્તરથી અરજીના મુદ્દા.નં.૫ ની માહિતી સમયમર્યાદા બાદ પુરી પાડવામા આવેલ હોવાનું તથા મુદ્દા.નં.૭ તથા ૯ પરત્વેની આંશીક માહિતી મળેલ નથી તથા અન્ય મુદ્દાઓ પરત્વેની માહિતી મળી રહે તેમ જણાવી નારાજ થઈ તા.૧૭/૦૧/૨૦૧૭ ના રોજ એપેલેટ ઓફિસરશ્રી,કતારગામ ઝોનને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગમાં તા.૦૨/૦૨/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત વિગતે અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૪ તા.૦૪/૦૨/૨૦૧૭ થી અરજદાર મજકુરને તથા જાહેર માહિતી અધિકારી અને જુની. મેડીકલ ઓફિસરશ્રી, વેડ રોડ અર્બન હેલ્થ સેન્ટરને પણ જણાવવામાં આવેલ હતું, તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી,પરંતુ અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને જુની. મેડીકલ ઓફિસરશ્રી, વેડ રોડ અર્બન હેલ્થ સેન્ટર ધ્વારા પત્ર જાવક નં.વેડ રોડ અ.હે.સે./આઉટ/ ૧૦૧૫ તા.૧૩/૦૨/૨૦૧૭ થી પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.

જે અનુસંધાને અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૧ તા.૨૦/૦૨/૧૭ થી તા.૦૩/૦૩/૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૭ તા.૦૬/૦૩/૧૭ થી તા.૧૭/૦૩/૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાક રૂબરૂ સુનાવણી અર્થે ડે.કમિશ્નર અને એપેલેટ ઓફિસરશ્રી, સમક્ષ સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,પરંતુ ઉકત બન્ને દિને જાહેર માહિતી અધિકારી અને જુની.મેડીકલ ઓફિસરશ્રી રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા,પરંતુ અરજદાર ઉકત બન્ને દિને હાજર રહયા ન હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી જાહેર માહિતી અધિકારી અને જુની.મેડીકલ ઓફિસરશ્રી,વેડ રોડ અર્બન હેલ્થ સેન્ટર ધ્વારા કરેલ રજુઆત તથા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની મુળ અરજી,તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ઘ્યાને લઈ અરજદારની તા.૩૦/૧૧/૨૦૧૬ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સમયમર્યાદા બાદ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, અરજદારની અરજીના **મુદ્દા.નં.૧** ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ હોય તે અંગે બીજી કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી.**મુદ્દા નં.૨ તથા ૩ તથા ૫** પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા સરત મહાનગરપાલિકા ધ્વારા એપ્રૃવ હોસ્પીટલમાં છેલ્લા પાંચ વર્ષમાં લાભાર્થીઓએ ચિરંજીવી યોજના હેઠળ લાભ મળ્યો છે તેની આંકડાકીય માહિતી તથા શિવમ હોસ્પિટલ અને પ્રસુતિગૃહની માહિતીની નકલ અરજદાર મજકુરને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ હોય તે અંગે બીજી કોઈ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી.**મુદ્દા.નં.૪,૧૦ તથા ૧૧** પરત્વે આરટીઆઈની કલમ ૨(જે) તથા ૨(એફ) મુજબ હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ અરજદારને યોગ્ય પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાય છે.**મુદ્દા.નં.૬ થી ૯** અન્વયેની માંગેલ માહિતી બાબતે વેડ રોડ હેલ્થ સેન્ટરને મુદ્દાઓ લાગુ પડતા નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, આરટીઆઈ એકટની કલમ—૬(૩) તથા નિયમ—૪(૨) મુજબ કોઈ જાહેર સત્તામંડળને માહિતી માટે વિનંતી કરતી અરજી કરવામાં આવી હોય અને તે માહિતી બીજા સત્તામંડળ પાસે હોય અથવા તેની વિષય વસ્તુ બીજા સત્તામંડળના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળતાયેલ હોય ત્યારે એવી અરજી અથવા તેવી અરજીનો પોતે યોગ્ય ગણે તેવો ભાગ તે બીજા સત્તામંડળને તબદીલ કરવાની જોગવાઈ છે જેનું પ્રસ્તુત કિસ્સામાં પાલન થયેલ હોવાનું જણાતુ નથી. આથી અરજદારની અરજીના સદર મુદ્દાઓ બાબતે અરજદારની અરજી જાહેર માહિતી અધિકારી ધ્વારા સંબંધિત સત્તામંડળને દિન—૫ માં અત્રેની કચેરીની જાણ હેઠળ તબદીલ કરવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૩/૨૦૧૭

ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/87/2016. Dt.13/02/2017.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી ભીમસિંગ કાનજીભાઈ કોસંબીયા.
સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી ભીમસિંગ કાનજીભાઈ કોસંબીયાની તા.૧૮/૦૧/૨૦૧૭ (આઈ.ડી. નં.૨૨૧૬) ની અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી વેકસીન વિભાગ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,અરજદારે તેમની મૂળ અરજીથી સફાઈ કામદાર વિકાસ બોર્ડ અને સફાઈ કામદારોની સેનેટરી માર્ટ અંગેની વિવિધ સંસ્થાઓ મંડળીને વગર ટેન્ડરે આરોગ્ય ખાતા તથા અન્ય વિભાગો માટે સાધન સામગ્રી સફાઈકામ વિગેરે સપ્લાય કરવા અંગેની કોર્પોરેશન ધ્વારા મંડળીઓને સને ૨૦૦૫ થી આજદિન સુધી આપવામાં આવેલ ઓર્ડરો અંગે મંડળીનું નામ સરનામાં મુખ્ય વહિવટી કરતાં મંડળીના સભ્યોની યાદી તથા ૨૦૦૫ થી ૨૦૧૬ સુધી મંડળી ધ્વારા ખરીદી કરેલ વિગત,ચુકવેલા નાણાં વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/સો.વે.મે/૬૮ તા.૦૪/૦૨/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરિક્ષકશ્રી તમામ ઝોન પ્રતિ અરજી આંશીક તબદીલ કરવામાં આવેલ,તથા પત્ર.નં.પીએચડી/સો.વે.મે/૬૯ તા.૦૪/૦૨/૨૦૧૬ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં સોલીડ વેસ્ટ વિભાગને લાગત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જે પુરી પાડવામાં આવેલ માહિતી અધુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ અરજદારે તા.૧૩/૦૨/૨૦૧૬ ના રોજ એપેલેટ ઓફિસર અને ડે.કમિશનરશ્રી હેલ્થ અને હોસ્પિટલને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગમાં તા.૧૬/૦૩/૨૦૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત વિગતે અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૦ તા.૧૭/૦૨/૨૦૧૭ થી અરજદાર મજકુરને તથા જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને પણ જણાવવામાં આવેલ હતું, તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી,પરંતુ અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ તરફથી પત્ર જાવક નં.પીએચડી/સો.વે.મે./આ.નં./૨૭૯૬ તા.૦૩/૦૩/૨૦૧૭ થી પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં જણાવ્યાનુંસાર ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધેલ સહકારી/સેનેટરી માર્ટ મંડળીઓને જ કામગીરી સોંપવામાં આવેલ હોવાનું તેમજ ટેન્ડર પ્રસિધ્ધ કર્યા વગર સીધે–સીધે કે ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધેલ ન હોઈ તેવી સહકારી/સેનેટરી માર્ટ મંડળીઓને ટેન્ડર વગર કોઈ પણ કામગીરી સોંપવામાં આવેલ ન હોઈ, ટેન્ડર વગર કામગીરી સોંપવા અંગે થયેલ ખર્ચની માહિતી "નીલ" ગણવા અંગેની અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.

જે અનુસંધાને અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/ ૧૨૫ તા.૨૭/૦૨/૧૭ થી તા.૧૦/૦૩/૧૭ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ડે.કમિશનર(હે અને હો) અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ,મુગલીસરા,સુરત ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદાર તથા સોલીડ વેસ્ટ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી વતી તેઓના પ્રતિનિધીશ્રી એમ.જે.માંજરાવાલા સદર દિને રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ અરજદારની તા.૧૮/૦૧/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ આ બાબતે અરજદાર સાથે રૂબરૂ સુનાવણી સમયે ઉકત મુદ્દાઓની સ્પષ્ટતા થયેલ હોય સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પ્રત્યુત્તરથી સંતોષ વ્યકત કરેલ છે,પરંતુ તબદીલ કરવામાં આવેલ વિભાગ ધ્વારા માહિતી પુરી પાડેલ ન હોવાનું જણાવેલ છે તેઓની અપીલ અરજી અત્રેના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૩૧ તા.૧૭/૦૩/૨૦૧૭ થી અરજદારશ્રીની જાણ હેઠળ સંબધિત અપીલ સત્તામંડળને તબદીલ કરવામાં આવેલ હોય તથા તે અંગે રૂબરૂમાં અવગત કરવામાં આવેલ હોય ,અપીલ અરજી અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય તે મુજબ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૩/૨૦૧૭

ડે.કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/90/2017 Dt.22/02/2017.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી હેમંત ગોવિંદભાઈ સુરતી.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧) શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો,
સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૬/૧૦/૧૬ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની જાહેર માહિતી અધિકારી સમાજ કલ્યાણ વિભાગને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડીનશ્રી સરકારી તબીબી મહાવિધાલય સુરતના પત્ર નં.ક્રમાંક–સતમસુ/આરટીઆઈ/આઈડી–૨૪/૨૫૩૭૭–૭૮ તા.૦૧/૧૨/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિક્ષકશ્રી નવી સીવીલ હોસ્પિટલ,સુરતને તબદીલ કરેલ હતી,ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી નવી સીવીલ હોસ્પિટલ ના પત્ર નં.નસિહો/નિતિઅ/આરટીઆઈ/શ્રીસુરતી/તબદીલ/૧૯૭–૨૦૧/૧૬ (આઈ.ડી.૩૨/૧૭–૧૭)તા.૧૩/૧૨/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારીશ્રી આરોગ્ય શાખા જીલ્લા પંચાયત ચોક બજાર સુરતને તથા જાહેર માહિતી અધિકારીશ્રી મુખ્ય કચેરી સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ હતી,ત્યાર બાદ એકઝીકયુટીવ આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર.નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૯૬૧ (આઈ.ડી.નં.૧૯૬૧) તા.૨૦/૧૨/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી(વર્ગ–૧), ફેમીલી પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી(૧) ગુજરાત સરકાર અને/અથવા/તથા ભારત સરકાર ધ્વારા કઈ કઈ યોજના હેઠળ મહિલાઓની પ્રસુતિના ખર્ચ માટે અનુદાન ફાળવવામાં આવે છે તેની વિગતવાર માહિતી.(૨)આવી યોજના હેઠળ ફાળવવામાં આવતા અનુદાનની ફાળવણી કેવી રીતે અને કયા સંજોગો તથા ધારાધોરણ મુજબ કરવામાં આવે છે.(૩) આ અનુદાનની રકમ/ગ્રાંટ મેળવતી સુરત શહેરની હોસ્પીટલ,કિલનીક વિગેરેની વિગતવાર માહિતી (૪) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સુરત શહેરના અનુદાન મેળવતા હોસ્પીટલ/કિલનીકને ફાળવાયેલ અનુદાનની વિગતવાર માહિતી તથા મજકુર યોજનાનો લાભ મેળવનાર મહિલાઓના નામ,સરનામા તેમજ શીશુની સંપુર્ણ માહિતીની માંગણી કરેલ હતી.ઉકત અરજીનાં મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા ખોટી માહિતી આપી ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાવી નારાજ થઈ ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રી, વેકસીનેશન વિભાગ ,સુરત મહાનગર પાલિકાને ઉદ્દેશીને તા.૨૦/૦૨/૧૭ ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને તા.૨૨/૦૨/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની આરટીઆઈની અરજીના મુદ્દા.નં.૧ થી ૪ એનયુએચએમ/આરસીએચ–૨ ને લાગત જણાતા મેડીકલ ઓફિસર એનયુએચએમ/આરસીએચ–૨ પાસેથી માહિતી મેળવી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧) શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા ઉકત વિગતે પત્ર નં.એફપીબી/એસએમસી/૧૬–૧૭/૩૯૮ તા.૧૦/૦૧/૨૦૧૭ થી એનયુએચએમ/આરસીએચ–૨ વિભાગનો જવાબ સામેલ કરી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,વધુમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા.નં.૧ થી ૪ બાબતે સરકારશ્રી ધ્વારા ચલાવતી યોજનામાં સરકારશ્રી ધ્વારા ખર્ચ પેટે અનુદાનની રીતે કોઈ ફાળવણી કરવામાં આવતી નથી તે મુજબનો પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરથી અરજદારે નારાજગી દર્શાવેલ હોય,જે પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૩ તા.૨૩/૦૨/૧૭ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી,પરંતુ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો વિભાગ તરફથી તા.૦૨/૦૩/૧૭ ના રોજ લેખીત પુર્તતા રજુ કરેલ છે.

અરજદાર ધ્વારા અપીલ અરજી તબકકે કોઈ પુર્તતા રીપોર્ટ કે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી તેમ છતાં અરજદારની અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૯ તા.૦૬/૦૩/૧૭ થી તા.૧૭/૦૩/૨૦૧૭ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ડે.કમિશ્નર અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હતા,પરંતુ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી હાજર રહેલ હતાં.

## –: હુકમ :–

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯/૧૨/૧૬ (આઈ.ડી.નં.૧૯૬૧) ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે ઉપરોકત વિગતે મેડીકલ ઓફિસર એનયુએચએમ/આરસીએચ–૨ પાસેથી માહિતી મેળવી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો તરફથી મુદ્દા.નં.૧ થી ૪ બાબતે "સરકારશ્રી ધ્વારા ચલાવતી યોજનામાં સરકારશ્રી ધ્વારા ખર્ચ પેટે અનુદાનની રીતે કોઈ ફાળવણી કરવામાં આવતી નથી" તે મુજબનો પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ઉચિત જણાતુ નથી.જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો જે આર.સી.એચ.ઓ.ના પણ જાહેર માહિતી અધિકારી હોય,આ બાબતે આર.ટી.આઈ.એકટ હેઠળ એન.યુ.એચ.એમ/આર.સી.એચ–૨ વિભાગ પાસેથી દફતરી હકીકતલક્ષી માહિતી મેળવી દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૪/૨૦૧૭

ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પિટલ) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/92/2016. Dt.27/02/2017.**

આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી અજયભાઈ ધીરજલાલ ગાંધી.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદારની આરટીઆઈની તા.૦૩/૦૧/૧૭ (આઈ.ડી.નં.૨૦૯૫)ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી.,નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૨૦૯૫ તા.૦૪/૦૧/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજીથી (૧) મહિધરપુરા મેઈન રોડ ઉપર આવેલ જયોત ફરસાણ માર્ટ, ઠે.૫/૭૭૪–૭૭૬ તેમજ ઠે.૬/૯૭૮ ધીયા શેરી સામે છે તે ફરસાણની બંને દુકાનોમાંથી તૈયાર ખાદ્ય પદાર્થોના તેમજ કાચા માલ (રો મટીરીયલ્સ)ના સેમ્પલ લીધા હોય તેના ઈન્ટીમેશનની તથા સેમ્પલ ખરીદીની રસીદ બીલની નકલ આપો.(૨) મહિધરપુરા મેઈન રોડ ઉપર આવેલ જયજીત આહાર ગૃહ ઠે.૫/૭૭૪ છે તે ફરસાણની દુકાનમાંથી તૈયાર ખાદ્ય પદાર્થોના તેમજ કાચા માલ (રો મટીરીયલ્સ)ના સેમ્પલ લીધા હોય તેના ઈન્ટીમેશનની તથા સેમ્પલ ખરીદીની રસીદ (બીલ)ની નકલની તા.૦૧/૦૧/૨૦૦૩ થી આજદિન સુધીની માહિતીની માંગણી કરેલ હતી.અરજદારને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ) ધ્વારા માહિતી અંશતઃ એટલે કે અપુર્ણ અધુરી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ આરોગ્ય અધિકારીશ્રી અને અપીલ સત્તાધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૨૦/૦૨/૧૭ ના રોજ અપીલ અરજી કરેલ છે,જે અરજી અત્રે પત્ર નં.એસએમસી/ પીએચડી/એફએપી/૯૧ તા.૨૭/૦૨/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની આરટીઆઈની તા.૦૩/૦૧/૧૭(આઈ.ડી.નં.૨૦૯૫)ની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૪૭૨૯ તા.૦૧/૦૨/૨૦૧૭ થી સમયમર્યાદામાં તે મુજબની માહિતી આપવામાં આવેલ છે,જે અનુસંધાને અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૮ તા.૦૬/૦૩/૧૭ થી તા.૧૪/૦૩/૧૭ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી,બીજો માળ,મુગલીસરા,સુરત ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ અરજદાર તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી સુનાવણી અર્થે હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૦૩/૦૧/૨૦૧૭ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ) ધ્વારા અરજીનાં મુદ્દા.નં.૧ તથા ૨ પરત્વે અત્રેના રેકર્ડ મુજબ હાલમાં કોઈ નમુના લેવામાં આવેલ નથી તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ અરજદારની અરજીના મુદ્દાઓ પરત્વે તા.૦૧/૦૧/૨૦૦૩ થી આજદિન સુધી માંગણી કરેલ હતી,પરંતુ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને હાલની લાગત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું રૂબરૂ સુનાવણી સમયે જણાઈ આવેલ હોય તથા રૂબરૂ સુનાવણી સમયે જાહેર માહિતી અધિકારીશ્રીએ દિન–૭ માં માહિતી પુરી પાડવામાં આવશે એમ જણાવેલ હોય અરજદારે ઉપસ્થિત કરેલ નારાજગી બાબતે ખાતા પાસે સદર બાબતની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આર.ટી.આઈ.એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિનામુલ્યે દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ)ને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોવ તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦– એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૩/૨૦૧૭

ડે.કમિશનર(હે. અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/94/2017. Dt.04/03/2017.**
મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ.

અરજદાર :– શ્રી સંજય મહેરા.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદારની તા.૦૩/૦૨/૧૭ ની (આઈ.ડી.નં.૯૭૯)ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧ તા.૦૩/૦૨/૨૦૧૭ થી ઉકત અરજી તેઓના કાર્યક્ષેત્રમાં આવતી ન હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને ડે.પ્રોજેકટ ઓફિસરશ્રી (યુ.સી.ડી.)વિભાગ પ્રતિ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી,જે અરજી સુરત મહાનગરપાલિકાના તથા અન્ય સત્તામંડળને લાગત હોવાનું જણાતા વિવિધ જાહેર માહિતી અધિકારીશ્રીઓ પ્રતિ તબદીલ કરવામાં આવેલ,જે પૈકી સદર અરજી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧ ફેમીલી પ્લાનીંગ વિભાગને તા.૧૬/૦૨/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ હતી.જે અરજીથી મુદૃા નં.(૧) થી સુરત શહેરમાં યુ.સી.ડી.વિભાગની કચેરી કયા સ્થળ ઉપર આવેલ છે તે ફોન નંબર સહીતની માહિતી આપવી (૨) વર્ષ ૨૦૧૬ દરમ્યાન ગરીબ મેળાનું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત કુલ ૧૬૭૩૦ લાભાર્થીઓને કુલ–૨૧,૧૩૨ લાખની સહાય વિતરણ કરવામાં આવેલ તેની લાભાર્થી દીઠ કેટલા રૂપિયાની સહાય અપાય તેની પુરાવા સાથેની માહિતી આપવી.(૩) ડે ન્યુલમ સ્વરોજગાર કાર્યક્રમ કોમ્પોનન્ટ હેઠળ ૩૬ લાભાર્થીઓને રૂા.૧૪૭.૯૫ લાખની લોન સ્વરોજગાર માટે મંજુર કરવામાં આવેલ તે તમામ ૧૩૬ લાભાર્થીઓને કયા રોજગાર બાબતે અને લોન લેનાર તમામ લાભાર્થીઓના નામ અને સ્થળની માહિતી,મોબાઈલ નંબર સાથે તથા તમામ માહિતી સીડીમાં આપવા વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી.અરજદારની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ) ધ્વારા પત્ર.નં.એફપીબી/એસ.એમ.સી/૪૪૩,તા.૧૮/૦૨/૨૦૧૭થી મુદૃા નં.૨ પરત્વે ફેમીલી પ્લાનીંગ વિભાગ તથા એન.યુ.એચ.એમ/આર.સી.એચ.વિભાગનો જવાબ સામેલ કરી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ) તરફથી પૂરી પાડવામાં આવેલ મુદૃા નં.૨ ની માહિતી ખુબજ અધુરી અને પુરાવા વગરની પુરી પાડવામાં આવેલ હોય,સાચી અને સચોટ પુરાવા સાથેની માહિતી પુરી પાડવાનું જણાવી નારાજ થઈ તા.૨૮/૦૨/૨૦૧૭ના રોજ પ્રથમ અપીલ સત્તાધિકારી અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મહાનગરપાલિકાને ઉદૃેશીને અપીલ અરજી કરેલ છે,જે અરજી અત્રે તા.૦૪/૦૩/૨૦૧૭ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની આરટીઆઈની તા.૦૩/૦૨/૧૭(આઈ.ડી.નં.૯૭૯)ની અરજી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧ (ફેમીલી પ્લાનીગ વિભાગ) ધ્વારા પત્ર નં.એફપીબી/એસએમસી/નં./૪૪૩ તા.૧૮/૦૨/૨૦૧૭ થી ઉકત વિગતે મુદૃા.નં.૨ પરત્વેની ઉપલબ્ધ રેકર્ડ આધારીત આંશીક માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.તથા અરજીના મુદૃા.નં.૧ થી ૪ પૈકી આરસીએચ વિભાગને આંશીક લાગત મુદૃા.નં.૨ ની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી મેડીકલ ઓફિસર એનયુએચએમ/આરસીએચ પત્ર નં.એનએચએમ/ આરસીએચ–૨/૧૬–૧૭/નં.૪૦૧ તા.૧૮/૦૨/૨૦૧૭ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી (ફેમીલી પ્લાનીંગ વિભાગ) તથા એનયુએચએમ/આરસીએચ વિભાગ ધ્વારા મુદૃા.નં.૨ પરત્વે પુરી પાડવામા આવેલ માહિતી બાબતે અરજદારે દર્શાવેલ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૧૩૦ તા.૦૭/૦૩/૧૭ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),ફેમીલી પ્લાનીંગ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું જે અનુસંધાને મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી,પરંતુ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),ફેમીલી પ્લાનીંગ વિભાગ તરફથી તા.૦૮/૦૩/૧૭ ના રોજ લેખીત પુર્તતા રજુ કરેલ છે.

અરજદાર ધ્વારા અપીલ અરજી તબકકે કોઈ પુર્તતા રીપોર્ટ કે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી તેમ છતાં અરજદારની અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૩૨ તા.૧૭/૦૩/૧૭ થી તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ડે.કમિશ્નર અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),ફેમીલી પ્લાનીંગ વિભાગ તથા મેડીકલ ઓફિસર એનયુએચએમ/આરસીએચ વિભાગના જાહેર માહિતી અધિકારીઓ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), ફેમીલી પ્લાનીંગ વિભાગ તથા મેડીકલ ઓફિસર એનયુએચએમ/આરસીએચ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી જાહેર માહિતી અધિકારી ધ્વારા કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ અરજદારની તા.૦૩/૦૨/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સમયમર્યાદામાં અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,તદઉપરાંત અરજદારે રૂબરૂ સુનાવણી સમયે તેઓની આરટીઆઈની મુળ અરજી તથા અપીલ અરજીના મુદૃાઓ બાબતે રૂબરૂમાં સ્પષ્ટતા થયેલ હોય તેઓને વધારાની કોઈ માહિતીની જરૂરીયાત રહેતી નથી એમ જણાવી માહિતી સબબ સંતોષ વ્યકત કરેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

જાવક નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૪/૨૦૧૭

ડે.કમિશનર(હે.અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.